# વિવેકાનંદ એકેડમી ગાંધીનગર – જાન્યુઆરી ૨૦૨૦ કરંટ અફેર્સ

## ૧– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) નવા વર્ષ ૨૦૨૦નો પ્રારંભ

- આજથી ૧ જાન્યુઆરીથી શરૂ થતાં નવા વર્ષ ૨૦૨૦નો પ્રારંભ થયો.
- ૧ જાન્યુઆરીથી શરૂ થતાં કેલેન્ડરનું નામ ગ્રિગોરિયન કેલેન્ડર છે.
- ગ્રિગોરિયનની શરૂઆત રોમન કેલેન્ડરથી થઇ છે પારંપરિક રોમન કેલેન્ડરનું નવું વર્ષ ૧ માર્ચથી શરૂ થાય છે.
- ન્યુઝિલેન્ડનું ઑકલેન્ડ વિશ્વનું પ્રથમ પ્રમુખ શહેર છે, જ્યાં સૌથી પહેલા ગ્રિગોરિયન કેલેન્ડરના નવા વર્ષનું આગમન થાય છે.
- અમેરિકાના બેઇકર આઇલેન્ડ પર સૌથી છેલ્લે નવા વર્ષને વધાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ ૨૦૨૦ને ઇન્ટરનેશનલ યર ઓફ પ્લાન્ટ હેલ્થ તરીકે મનાવવાનું નક્કી કર્યું છે.
- વર્ષ ૨૦૧૯ને સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા પિરિયોડિક્લ ટેબલ ઓફ કેમિકલ એલિમેંટ્સ વર્ષ તરીકે મનાવવામાં આવ્યું હતું.
- અમેરિકી નેવલ –ઓલ્વેટરી દ્વારા વૈશ્વિક સમયનું સંકલન કરવામાં આવે છે. જેને કોઑર્ડિનેટેડ યુનિવર્સલ ટાઇમ કહેવાય છે.
- ૧જાન્યુઆરી,૧૯૦૬ના રોજ ભારતીય પ્રમાણ સમય અમલમાં આવ્યો.
- ભારતીય પ્રમાણ સમય (IST)કોઑર્ડિનેટેડ યુનિવર્સલ ટાઇમ (યુટીસી) કરતાં ૫:૩૦કલાક આગળ છે.

### (૨) મહાદેવભાઈ દેસાઇ – જન્મજયંતિ

- ગાંધીજીના હનુમાન અને ગણેશ ગણાતા મહાદેવભાઈ દેસાઇનો આજે ૧૨૮મો જન્મદિવસ.
- તેમનો જન્મ ૧ જાન્યુઆરી ૧૮૯૨ના રોજ સુરત જિલ્લાના સરસ ખાતે થયો હતો.
- મહાદેવ ભાઇને ઝવેરચંદ મેઘાણીએ અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ તરીકે ઓળખાવ્યાં હતા.
- વર્ષ ૧૯૧૭માં તેમણે ડાયરી લખવાની શરૂઆત કરી હતી જે ૨૩ ભાગમાં ઉપલબ્ધ છે.
- તેમના સાહિત્યમાં યોગદાન બદલ તેમને વર્ષ ૧૯૫૫માં સાહિત્ય અકાદમી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેમનું નિધન ૧૫ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ પૂના ખાતે આવેલ આગાખાન મહેલમાં થયું હતું.
- તેમની સમાધિ આગાખાન મહેલમાં આવેલી છે જે કસ્તૂરબાની સમાધિની બાજુમાં છે.

### (૩) ઈન્ડિયા સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટ ૨૦૧૯

- તાજેતરમાં કેન્દ્રિય પર્યાવરણ અને જળવાયુ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકર દ્વારા ઈન્ડિયા સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- ઈન્ડિયા સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટ કેન્દ્ર સરકારના પર્યાવરણ અને જળવાયુ મંત્રાલય અંતર્ગત ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા દર બે વર્ષે જાહેર કરવામાં આવે છે.
- આ રિપોર્ટમાં સમગ્ર દેશ અને વિવિધ રાજ્યો માટે ફૉરેસ્ટ કવર, વનસ્પતિની ઘનતા, વાવેતરનો દર વગેરે મુદ્દા પર વિસ્તૃત અહેવાલ રજૂ કરવામાં આવે છે.
- ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૧૯૮૭માં પ્રથમ વખત આ પ્રકારનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો.
- આ રિપોર્ટ અનુસાર ભારતનો સમાવેશ વિશ્વના એવા થોડા દેશોમાં થાય છે જેમાં વન ક્ષેત્રોમાં સતત વધારો થઈ રહ્યો છે.
- વર્ષ ૨૦૧૯નો આ રિપોર્ટ ૧૬મો ઈન્ડિયા સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટ છે.
- આ રિપોર્ટ મુજબ દેશનો કુલ જંગલ વિસ્તાર ૭,૧૨,૨૪૯ ચોરસ કિલોમિટર ક્ષેત્રમાં ફેલાયેલ છે જે દેશના કુલ ભૌગોલીક ક્ષેત્રના આશરે ૨૧.૬૭% છે.
- દેશનું કુલ ફૉરેસ્ટ અને ટ્રી કવર ૮,૦૭,૨૭૬ ચોરસ કિલોમીટર છે. જે દેશના કુલ ભૌગોલીક ક્ષેત્રના આશરે ૨૪.૫૬% છે.
- જે વર્ષ ૨૦૧૭માં પ્રસિદ્ધ થયેલ ઈન્ડિયા સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટની તુલનાએ વર્ષ ૨૦૧૯માં દેશના કુલ જંગલ વિસ્તારમાં ૩,૯૭૬ ચોરસ કિલોમીટરનો વધારો થયો છે.

**– ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા –**

- આ સંસ્થા ભારત સરકારના પર્યાવરણ અને જળવાયુ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- તેના દ્વારા વન સર્વેક્ષણ, અભ્યાસ, સંશોધન જેવા કાર્યો કરવામાં આવે છે.
- તેની સ્થાપના જૂન ૧૯૮૧માં થઈ હતી.
- તેનું મુખ્યાલય ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે આવેલ છે.
- હાલમાં ડૉ. સુભાષ આશુતોષ ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ છે.

### (૪) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ ૨૦૧૯ – નીતિઆયોગ

- તાજેતરમાં નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- વર્ષ ૨૦૧૫માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા એક બહેતર વિશ્વના નિર્માણ માટે ૧૭ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ નક્કી કરવામાં આવ્યા હતા. જેને સંયુક્ત રાષ્ટ્રના સભ્ય દેશો દ્વારા વર્ષ ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.
- સંયુક્ત રાષ્ટ્રના આ ગોલ્સ પૂર્ણ કરવા માટે ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ કરેલ કાર્યોની સમીક્ષા

માટે નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે.

- આ ઈન્ડેક્સમાં સંયુક્ત રાષ્ટ્રના ૧૭ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ માથી ૧૬ ગોલ્સ આવરી લેવામાં આવ્યા છે.
- આ ઈન્ડેક્સમાંભારતનો એકંદર સંયુક્ત સ્કોર ૬૦ થયો છે જે વર્ષ ૨૦૧૮માં ૫૭ હતો.
- ઈન્ડેક્સ મુજબ દેશમાં પાવર, ઈન્ડસ્ટ્રીપોષણ, પાણી,સ્વચ્છતા, લિંગ સમાનતા જેવા ક્ષેત્રમાં સુધારો થયો છે.
- આ ઈન્ડેક્સમાં ભારતભરમા કેરલ રાજ્ય ૭૦ સ્કોર સાથે પ્રથમ સ્થાને છે.
- કેરલ બાદ હિમાચલ પ્રદેશ,આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તામિલનાડુ છે.
- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ ૨૦૧૯ મુજબ સૌથી વધુ સુધારો ઉત્તર પ્રદેશ રાજયમાં થયો છે.
- ઉત્તર પ્રદેશ વર્ષ ૨૦૧૮ના ઈન્ડેક્સમાં ૨૯માં સ્થાને હતું જે ૨૦૧૯ના આ રિપોર્ટમાં ૨૩માં સ્થાને છે.
- આ ઈન્ડેક્સમાં ગુજરાત ૬૪ના સ્કોર સાથે ૯માં સ્થાને છે.
- ગુજરાતે કલીન વોટર એન્ડ સેનિટેશનમાં સારું પ્રદર્શન કરી ૯૨ સ્કોર પ્રાપ્ત કર્યા છે.
- જ્યારે ગુજરાતનો સૌથી ઓછો સ્કોર લાઈફ બિલૉ વૉટરમાં ૨૩ નોંધાયો છે.

**– નીતિ આયોગ –**

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ આયોજન પંચના સ્થાને નીતિ આયોગની રચના કરવામાં આવી હતી.
- નીતિ આયોગના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પ્રધાનમંત્રી હોય છે.
- નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે રાજીવ કુમાર છે.
- NITI – નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા

**નીતિ આયોગ દ્વારા શરૂ કરવામાં આવેલ પહેલો**

- Digital payments movement
- Atal innovation mission
- task force on elimination of poverty in India
- task force on Agriculture development
- Transforming India lecture series
- Ek Bharat Shrestha Bharat
- Public private partnership in health
- State Human development report
- Atal incubation centres
- Atal grand challenge awards
- Indian innovative index
- Mentor India campaign

**(૫) એસ. એસ. દેસવાલ– સીઆરપીએફના ડાયરેક્ટર જનરલ**

- તાજેતરમાં સીઆરપીએફના ડાયરેક્ટર જનરલ તરીકે એસ. એસ. દેસવાલની નિમણૂક કરવામાં આવી.
- સીઆરપીએફના ડાયરેક્ટર જનરલ તરીકે તેમણે આર.આર.ભટનાગરનું સ્થાન લીધું છે.
- આર.આર. ભટનાગર ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ નિવૃત્ત થયા છે.
- એસ. એસ. દેસવાલ અગાઉ બીએસએફ અને સશસ્ત્ર સીમા બલ (એસએસબી)ના ડાયરેક્ટર જનરલ તરીકે સેવા આપી ચૂક્યા છે.
- તેઓ ૧૯૮૪ બેચના હરિયાણા કેડરના આઈપીએસ અધિકારી છે.

**– CRPF–**

- CRPFની સ્થાપના વર્ષ ૧૯૩૯માં ક્રાઉન પ્રતિનિધિ પોલીસ તરીકે થઈ હતી.
- CRPF૨૪૬ બટાલિયન ધરાવતું દેશનું સૌથી મોટું પોલીસ દળ છે.
- તે ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે. આઝાદી બાદ આ દળન
- સીઆરપીએફ અધિનિયમ ૧૯૪૯ અંતર્ગત કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળ કરવામાં આવ્યું.
- CRPFનું આદર્શ વાક્ય સેવા અને નિષ્ઠા છે.
- CRPF – Central Reserve Police Force

**પ્રશ્નો –**

1. ૧ જાન્યુઆરીથી શરૂ થતાં કેલેન્ડરનું નામ શું છે ?
   - ગ્રિગોરિયન
2. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ ૨૦૨૦ને ક્યાં તરીકે મનાવવાનું નક્કી કર્યું છે?
   - ઈન્ટરનેશનલ યર ઓફ પ્લાન્ટ હેલ્થ
3. ગાંધીજીના હનુમાન અને ગણેશ ગણાતા મહાદેવભાઈ દેસાઇનો જન્મ ક્યાં થયો હતો?
   - સુરત જિલ્લાના સરસ ખાતે
4. વર્તમાન કેન્દ્રિય પર્યાવરણ અને જળવાયુ મંત્રી ?
   - પ્રકાશ જાવડેકર
5. ઈન્ડિયા સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટ કોના દ્વારા દર બે વર્ષે જાહેર કરવામાં આવે છે?
   - પર્યાવરણ અને જળવાયુ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી સંસ્થા ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા
6. ફૉરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાનું મુખ્યાલય ક્યાં આવેલ છે?

VIVEKANAND ACADEMY

- ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે

7. તાજેતરમાં નીતિ આયોગ દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો જેમાં ભારતનો એકંદર સંયુક્ત સ્કોર જણાવો? - ૬૦
8. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઈન્ડેક્સ ૨૦૧૯માં ગુજરાત કેટલામાં સ્થાને છે? ૯માં સ્થાને (૬૪નાસ્કોરસાથે)
9. તાજેતરમાં સીઆરપીએફના ડાયરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી? એસ. એસ. દેસવાલ
10. CRPFનું પુરૂનામ જણાવો?
    - Central Reserve Police Force

૨– જાન્યુઆરી–૨૦૨૦

## (૧) Mobile Aided Note Identifier Application– ભારતીય રિઝર્વ બેન્ક

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા દ્રષ્ટિહિન લોકોની સહાયતા માટે MANI(મની) મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરી.
- જેનું પુરૂનામ Mobile Aided Note Identifier Applicationછે.
- આ એપ્લીકેશનની મદદથી દ્રષ્ટિહિન લોકોને કરન્સી નોટની કિમત જાણવામાં સહાયતા મળશે.
- મોબાઈલ કેમેરાની મદદથી આ એપ્લીકેશન ચલણી નોટ સ્કેન કરશે અને બાદમાં ઓડિયોના મધ્યમથી દ્રષ્ટિહિન લોકોને હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં નોટનું મૂલ્ય જણાવશે.
- આ એપ્લીકેશનને એક વખત ડાઉનલોડ કર્યા બાદ તેના ઉપયોગ માટે ઈન્ટરનેટની જરૂર રહેતી નથી.

**– રિઝર્વબેંકઓફઈન્ડિયા –**

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઈ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.આરબીઆઇનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
- આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ
- આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે હાલમાં શકિતકાંતદાસ પદ પર છે.

## (૨) સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦

- તાજેતરમાં કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના રાજ્ય મંત્રીશ્રી હરદીપસિંહ પુરીએ સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦ના પરિણામો જાહેર કર્યા.
- સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦ કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ વાર્ષિક સ્વચ્છતા સર્વેક્ષણની ૫મી આવૃતિ છે.
- આ સર્વે વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વે છે જે ૨૮ દિવસની સમય મર્યાદામાં ૪૩૭૦થી વધુ શહેરોમાં થયો હતો. આ સર્વે સંપૂર્ણ ડિજિટલ અને પેપરલેસ સર્વે છે.
- આ સર્વેમાં ૧૦ લાખથી વધુ જનસંખ્યા ધરાવતા શહેરોની યાદીમાં મધ્યપ્રદેશનું ઈન્દોર પ્રથમ સ્થાને છે.
- ઈન્દોર બાદ ગુજરાતનું રાજકોટ બીજા સ્થાને છે જ્યારે મહારાષ્ટ્રનું નવી મુંબઈ અને ગુજરાતનું વડોદરા અનુક્રમે ત્રીજા અને ચોથા સ્થાને છે.
- ૧૦ લાખથી વધુ જનસંખ્યા ધરાવતા શહેરોની યાદીમાં મધ્ય પ્રદેશનું ભોપાલ પાંચમા ક્રમે છે જે અગાઉના સર્વેક્ષણમાં બીજા સ્થાને હતું.
- ભોપાલ બાદ ગુજરાતનું અમદાવાદ છઠ્ઠા સ્થાને છે. આ યાદીમાં ગુજરાતનું સુરત વીસમાં સ્થાને છે.
- ૧ લાખથી ૧૦ લાખ સુધીની જનસંખ્યા ધરાવતા શહેરોની યાદીમાં ભારતભરમાં ઝારખંડનું જમસેદપૂર પ્રથમ સ્થાને છે.
- આ યાદીમાં ગુજરાતનું ગાંધીનગર ૧૨માં સ્થાને છે જે અગાઉના સર્વેમાં ૧૪માં સ્થાને હતું.

## (૩) મે ૨૦૨૦માં એશિયાઈ સિંહની વસ્તી ગણતરી

- ભારતીય વન્યજીવ સંસ્થા દ્વારા મે ૨૦૨૦માં એશિયાઈ સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવશે.
- આ વસ્તી ગણતરી માટે ભારતીય વન્યજીવ સંસ્થાદ્વારા આશરે ૧૦ હજાર જેટલા કેમેરાનો ઉપયોગ કરવામાં આવશે.
- વર્ષ ૨૦૧૫માં થયેલ વસ્તી ગણતરીમાં ગુજરાતમાં ૫૨૩ એશિયાઈ સિંહો નોંધાયા હતા.
- સિંહોની સૌપ્રથમ વ્યવસ્થિત વસ્તી ગણતરી ૧૯૩૬માં કરવામાં આવી હતી. જેમાં ૨૮૭ સિંહો નોંધવામાં આવ્યા હતા.
- આ વસ્તી ગણતરી માટે નેશનલ ટાઈગર કન્સર્વેઝન ઓથોરિટીની તકનીકનો ઉપયોગ કરવામાં આવશે.
- આ માટે વસ્તી ગણતરી ક્ષેત્રને ૩ કિ.મી. ગ્રીડમાં વહેંચવામાં આવશે.
- એશિયાઈ સિંહો વર્ષ ૨૦૧૦માં IUCNના રેડ લિસ્ટમાં સંકટ ગ્રસ્ત જીવોની સૂચિમાં છે.
- દેશમાં સૌથી વધુ એશિયાઈ સિંહો ગુજરાતના ગીર વન રાષ્ટ્રીય ઉદ્યાનમાં જોવા મળે છે.
- ગીર વન રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપના વર્ષ ૧૯૬૫માં થઈ હતી.

VIVEKANAND ACADEMY

- આ અભ્યારણ ૧૪૧૨ કિમી વિસ્તારમાં ફેલાયેલ છે જેમાં ૨૫૮ કીમી સંપૂર્ણ સંરક્ષિત રાષ્ટ્રીય ઉદ્યાન અને ૧૧૫૩ કીમી અભ્યારણનો સમાવેશ થાય છે.
- આ અભ્યારણ ગુજરાતનાં જુનાગઢ અને અમરેલી જીલ્લામાં આવેલ છે.
- ભારતીય વન્યજીવ સંસ્થાની સ્થાપના વર્ષ ૧૯૮૨ના રોજ થઈ હતી.
- તેનું મુખ્યાલય દેહરાદુન ખાતે આવેલ છે.
- વિશ્વભરમાં દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસ મનાવવામાં આવે છે.

## (૪) ભારતીય રેલવે બોર્ડના ચેરમેન વિનોદ કુમાર યાદવના કાર્યકાળમાંએક વર્ષનો વધારો

- તાજેતરમાં ભારતીય રેલવે બોર્ડના ચેરમેન વિનોદ કુમાર યાદવના કાર્યકાળમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો.
- તેમનો કાર્યકાળ ૦૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ પૂર્ણ થવાનો હતો જે હવે ૧ જાન્યુઆરી ૨૦૨૧ સુધી રહેશે.
- વિનોદ કુમાર યાદવ ભારતીય રેલવે સેવાના ઇલેક્ટ્રીક એંજિનિયરના ૧૯૮૦ બેચના અધિકારી છે.
- તેઓ ભારતીય રેલવેમાં વર્ષ ૧૯૮૨માં જોડાયા હતા.

**–ભારતીય રેલવે–**

- ભારતીય રેલવેની શરૂઆત અંગ્રેજોના શાસન દરમિયાન ભારતમાં વર્ષ ૧૮૫૩માં ૧૬ એપ્રિલના રોજ પ્રથમ ટ્રેન બોમ્બેથી થાણે વચ્ચે શરૂ થઈ હતી.
- આ રેલવે લાઇન ગ્રેટ ઇન્ડિયન પેનિનસુલા રેલવે કંપની દ્વારા પાથરવામાં આવી હતી જે કોલકત્તાની હતી.
- પ્રથમ ટ્રેનની યાત્રા બપોરે ૩.૩૦ વાગ્યે બોરી બંદર (હાલનું છત્રપતિ શિવાજી ટર્મનિલ)થી શરૂ થઈ હતી.
- પ્રથમ ટ્રેન વરાળથી ચાલતા એન્જિન દ્વારા ચલાવાઇ હતી.
- આઝાદીના ચાર વર્ષ પછી વર્ષ ૧૯૫૧માં રેલવેનું રાષ્ટ્રીકરણ કરી દેવામાં આવ્યું.
- હાલમાં ભારતીય રેલવે લગભગ ૧૪ લાખ કર્મચારીઓને રોજગાર આપતો વિભાગ છે.
- ભારતીય રેલવે પાસે હાલમાં ૧,૫૧,૦૦૦ કિલોમીટર ટ્રેક, ૭૦૦૦થી વધુ રેલવે સ્ટેશન છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા દ્રષ્ટિહિન લોકોની સહાયતા માટે કઈ મોબાઈલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી? - MANI(મની)
2. આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર ?સી.ડી. દેશમુખ
3. તાજેતરમાં કેન્દ્ર સરકારના ક્યાં મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦ના પરિણામો જાહેર કરવામાં આવ્યા? આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા
4. સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦માં ૧૦ લાખથી વધુ જનસંખ્યા ધરાવતા શહેરોની યાદીમાંપ્રથમ સ્થાને ક્યું શહેર છે? મધ્યપ્રદેશનું ઈન્દોર
5. સ્વચ્છ સર્વેક્ષણ લીગ ૨૦૨૦માં ૧૦ લાખથી વધુ જનસંખ્યા ધરાવતા શહેરોની યાદીમાંગુજરાતનું રાજકોટ કેટલામાં સ્થાને છે? બીજા સ્થાને
6. મે ૨૦૨૦માં કઈ સંસ્થા દ્વારા એશિયાઇ સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવશે?ભારતીય વન્યજીવ સંસ્થાદ્વારા
7. ગીર વન રાષ્ટ્રીય ઉદ્યાનની સ્થાપનાક્યાં વર્ષમાં થઈ હતી?
   - ૧૯૬૫માં
8. વિશ્વ સિંહ દિવસક્યારે મનાવવા આવે છે?
   - દર વર્ષે ૧૦ ઓગસ્ટ
9. હાલમાં ભારતીય રેલવે બોર્ડના ચેરમેનકોણ છે?
   - વિનોદ કુમાર યાદવ

## ૩– જાન્યુઆરી–૨૦૨૦

## (૧) સાવિત્રીબાઈ ફુલે – જન્મજયંતી

- મરાઠી ભાષાના આદ્યકવિયત્રી અને સમાજ સુધારક સાવિત્રીબાઈ ફુલેની આજે જન્મજયંતિ.
- તેમનો જન્મ ૩ જાન્યુઆરી ૧૮૩૧ના રોજ મહારાષ્ટ્રના સતારા નજીક આવેલ નયગાવ ખાતે થયો હતો.
- સાવિત્રી બાઈના લગ્ન માત્ર ૯વર્ષની વયે સુધારક જ્યોતિરાવ ફૂલે સાથે થયાં હતાં.
- તેઓને ભારતના પ્રથમ મહિલા શિક્ષક મનાવવામાં આવે છે.
- તેમણે દેશનું પહેલું બાલિકા વિદ્યાલય શરૂ કર્યું હતું અને તેની સાથે બાલિકાઓ માટે ૧૮જેટલા વિદ્યાલયો પણ ખોલ્યા હતા.
- ૧૦ માર્ચ ૧૮૯૭ના રોજ તેમનું પ્લેગ રોગના કારણે નિધન થયું હતું.
- ભારતીય ટપાલ વિભાગ દ્વારા વર્ષ ૧૯૯૮માં તેમના સન્માનમાં એક સ્ટેમ્પ બહાર પાડવામાં આવી હતી.
- તેમના સન્માનમાં વર્ષ ૨૦૧૫માં પુણે યુનિવર્સિટીનું નામ બદલીને સાવિત્રીબાઈ ફુલે પુણે યુનિવર્સિટી કરવામાં આવ્યુ હતું.

## (૨) નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન ૨૦૧૯–૨૦

VIVEKANAND ACADEMY

- તાજેતરમાં કેન્દ્રિય નાણાંમંત્રીશ્રી નિર્મલા સિતારમન દ્વારા નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન ૨૦૧૯–૨૦ પરની ટાસ્ક ફોર્સનો અહેવાલ જાહેર રજૂ કરવાંમાં આવ્યો.
- આ ટાસ્ક ફોર્સની રચના ભારતને વર્ષ ૨૦૨૪–૨૫ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના નરેન્દ્ર મોદી સરકારના લક્ષ્યાંકને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે.
- આ ટાસ્ક ફોર્સની રચના નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના સચિવની અધ્યક્ષતામાં કરવામાં આવી છે.
- જેમાં વર્ષ ૨૦૧૯થી ૨૦૨૫ સુધીના નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન માટે રોડ મેપ તૈયાર કરવામાં આવશે.
- આ ટાસ્ક ફોર્સમાં આર્થિક બાબતોના સચિવ, નીતિ આયોગના સીઇઓ, વહીવટી મંત્રાલયોના સચિવ અને અન્ય સદસ્યોનો સમાવેશ થાય છે.
- હાલમાં અતાનુ ચક્રવર્તી નાણામંત્રાલયના આર્થિક બાબતોના સચિવ છે.
- નાણાંમંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલ મુજબ દેશમાં ઇન્ફ્રાસ્ટક્ચર ક્ષેત્રે આશરે ૧૦૨ લાખ કરોડનો ખર્ચ થશે.
- આ ખર્ચ મોટાભાગે સિંચાઇ, પાવર, સ્વાસ્થ્ય, ગ્રામીણ, અર્બન જેવા ક્ષેત્રોમાં કરવામાં આવશે.

**–નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરપાઇપલાઇન–**

- વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના ગ્રોથ રેટને ટકાવી રાખવા માટે દેશમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૪.૫ ટ્રિલિયન ડોલર ખર્ચ કરવાની જરૂર પડશે. દેશમાં કરવામાં આવતો આ ખર્ચ અસરકારક સાબિત થાય તે માટે નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન એક રોડ મેપ તરીકે કાર્ય કરશે.
- નેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇનમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો સમાન ૩૮% હશે. જ્યારે ખાનગી ક્ષેત્રનો હિસ્સો ૨૨% હશે.

## (૩) દેશનીસૌથીલાંબાઅંતરનીપ્રથમInterstate CNG બસસર્વિસ

- તાજેતરમાં કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી શ્રી ધર્મેન્દ્રપ્રધાન દ્વારા દિલ્હીથી દેહરાદુન સુધીની CNG બસસર્વિસનો પ્રારંભ કરાવવામાં આવ્યો.
- ઉત્તરાખંડના પાટનગર દેહરાદૂન સુધીની આ સર્વિસ દેશની સૌથી લાંબા અંતરની પ્રથમ Interstate CNG બસ સર્વિસ છે.
- આ સર્વિસમાં મહિન્દ્રા કંપનીની CNG બસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જે સિંગલ રિફિલમાં ૧૦૦૦થી વધુ કિલોમીટરનું અંતર કાપશે.
- આ CNGબસ સર્વિસનો પ્રોજેક્ટ Indraprastha Gas Limited દ્વારા શરૂ કરવામાં આવ્યોછે આ કંપની દેશની સૌથી મોટી CNG વિતરણ કંપની છે.
- CNG - Compressed Natural Gas

## (૪) શ્રી હેમંત સૌરેન ઝારખંડના નવા મુખ્યમંત્રી

- તાજેતરમાંઝારખંડમાં યોજાયેલ વિધાનસભા ચૂંટણીના પરિણામ બાદ શ્રી હેમંત સૌરેન ઝારખંડના મુખ્યમંત્રી બન્યા.
- ઝારખંડના રાંચી ખાતે આવેલા મોરાબાદી મેદાનમાં યોજાયેલ સમારોહમાં ઝારખંડના રાજ્યપાલશ્રી દ્રોપદી મુર્મુએ શ્રી હેમંત સૌરેનને શપથ લેવડાવ્યા.
- વિધાનસભા ચૂંટણીના પરિણામમાં કોઇ પણ પક્ષને સંપૂર્ણ બહુમતી મળી ન હોવાથી ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસને રાષ્ટ્રીય જનતા દળ અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના ગઠબંધનવાળી નવી સરકાર અસ્તિત્વમાં આવી છે .
- હેમંત સૌરેન ઝારખંડના મુખ્યમંત્રી ઝારખંડ મુક્તિ મોરચા પક્ષના નેતા છે.
- અગાઉ રઘુબર દાસ ઝારખંડના મુખ્યમંત્રી હતા.
- ઝારખંડના મુખ્યમંત્રી તરીકે પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનાર તેઓ પ્રથમ મુખ્યમંત્રી છે.
- હેમંત સૌરેન બીજી વખત ઝારખંડના મુખ્યમંત્રીબન્યા છે. અગાઉ તેઓ જુલાઇ ૨૦૧૩થી ડિસેમ્બર ૨૦૧૪ દરમ્યાન પ્રથમ વખત ઝારખંડના મુખ્યમંત્રીબન્યા હતા.
- ઝારખંડ વિધાનસભામાં ૮૨ વિધાનસભા બેઠકો છે.
- જે પૈકી ૧ સભ્યોની નિમણૂક રાજયપાલ દ્વારા કરવામાં આવે છે.
- ઝારખંડ રાજયની ૮૧ બેઠકો માટે વિધાનસભા ચૂંટણીનું આયોજન પાંચ તબક્કામાં થયું હતું.

## (૫) ગુજરાતમાં વેરિફાઇડ મિલ્ક વેન્ડર્સ યોજના

- તાજેતરમાંFood Safety and Standards Authority of Indiaદ્વારા સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત ગુજરાતમાં વેરિફાઇડ મિલ્ક વેન્ડર્સ યોજના શરૂ કરવામાં આવી.
- FSSAI દ્વારા આયોજન અમદાવાદ ખાતેથી લોન્ચ કરવામાં આવી.
- રાજ્યના નાગરિકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત દૂધ મળી રહે તે હેતુથી શરૂ કરવામાં આવેલ આ યોજનાઅંતર્ગત રાજ્યના દૂધ ઉત્પાદનની ગુણવત્તા પર દેખરેખ રાખવા અને અન્ય સહાય આપવા માટે રાજ્યના ૪૦ લાખ જેટલા દૂધ ઉત્પાદકોને ઓળખપત્રો આપવામાં આવશે.
- આ યોજન અંતર્ગત દૂધ ઉત્પાદકોને દૂધની ચકાસણી માટે લેક્ટોમીટર પણ આપવામાં આવશે.

- આ સાથે જ દૂધ ઉત્પાદકોને ઓળખપત્ર આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બની જશે.

### – FSSAI–

- Food Safety and Standards Authority of India
- દેશમાં ખાદ્ય પદાર્થોની દેખરેખ અને નિયમન માટે આ સંસ્થાની સ્થાપના Food Safety and Standards Act 2006 અંતર્ગત વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા કેન્દ્ર સરકારના આરોગ્ય ને કુટુંબ કલ્યાણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

**પ્રશ્નો –**

1. મરાઠી ભાષાના આદ્યકવિયત્રી અને સમાજ સુધારક સાવિત્રીબાઈ ફુલેનો જન્મ ક્યાં થયો હતો?
   - મહારાષ્ટ્રના સતારા નજીક આવેલ નયગાવ ખાતે
2. નેશનલ ઈન્ફ્રાસ્ટક્ચર પાઈપલાઈન ૨૦૧૯–૨૦ પરની ટાસ્ક ફોર્સ કોના અધ્યક્ષસ્થાને કરવામાં આવી છે ?
   - નાણાં મંત્રાલયના આર્થિક બાબતોના સચિવની
3. દેશનીસૌથીલાંબાઅંતરનીપ્રથમInterstate CNGબસસર્વિસ ક્યાં બે સ્થાનને જોડે છે ?
   - દિલ્હી અનેદહેરાદુન
4. દેશનીસૌથીમોટીCNGવિતરણકંપની કઈ છે ?
   - Indraprastha Gas Limited
5. ઝારખંડમાં યોજાયેલ વિધાનસભા ચૂંટણીના પરિણામ બાદ કોણ ઝારખંડના મુખ્યમંત્રી બન્યા?
   - શ્રી હેમંત સોરેન
6. ઝારખંડના મુખ્યમંત્રી તરીક પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનાર પ્રથમ મુખ્યમંત્રી ? - રઘુબર દાસ
7. સમગ્ર દેશમાં સૌપ્રથમ વખત વેરિફાઈડ મિલ્ક વેન્ડર્સ યોજના ક્યાં રાજ્યમાં શરૂ કરવામાં આવી? -ગુજરાતમાં
8. FSSAIનું પુરૂનામ જણાવો ?
   - Food Safety and Standards Authority of India

## ૪– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) વિશ્વ બ્રેઈલ દિવસ

- દર વર્ષે ૪ જાન્યુઆરીના રોજ વિશ્વભરમાં વિશ્વ બ્રેઈલ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૯માં કરવામાં આવી હતી.
- યુએન જનરલ એસેમ્બલીએ ૦૬ નવેમ્બર ૨૦૧૮ના આ દિવસની ઉજવણી અંગે ઠરાવ પસાર કર્યો હતો.
- બ્રેઈલ લિપિના શોધક લુઈસ બ્રેઈલના જન્મ દિવસ નિમિત્તે૦૪ જાન્યુઆરીએ વિશ્વ બ્રેઈલ દિવસ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- લુઈસ બ્રેઈલનો જન્મ ફ્રાન્સના કુપુમાં ૦૪ જાન્યુઆરી ૧૮૦૯માં થયો હતો.
- વિશ્વ બ્રેઈલ દિવસઉજવવાનોઉદ્દેશ્ય દ્રષ્ટિહિન લોકોના અધિકારો અને બ્રેઈલ લિપિને પ્રોત્સાહિત કરવાનો છે.
- બ્રેઈલ એક લેખન પદ્ધતિ છે જે દ્દષ્ટિથી દિવ્યાંગ લોકો માટેબનાવવામાં આવી હતી.
- બ્રેઈલ એક સ્પર્શી લખાણ છે. તે એક ખાસ પ્રકારના કાગળ પર લખવામાં આવે છે.
- તેની શોધફ્રેન્ચના અંધ શિક્ષક અને શોધક લુઈસ બ્રેઈલ દ્વારા કરવામાં આવી હતી.

### (૨) રાજયના પાંચ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા દરખાસ્ત

- તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા દેશમાં જે જિલ્લાઓમાં મેડિકલ કોલેજ નથી તેવા ૭૫ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો સ્થાપવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આરોગ્ય મંત્રાલય દ્વારા આ અંગે હાલ દરખાસ્ત માંગવામાં આવી રહી છે. જેમાં ગુજરાતના પાંચ જિલ્લાઓની પસંદગી થઈ છે.
- જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા રાજયના પાંચ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે દરખાસ્ત કરવામાં આવી.
- આ પાંચ જિલ્લાઓમાં મેડિકલ કોલેજના નિર્માણ માટે ૧૬૨૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે જેમાથી ૬૦ ટકા રકમ કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રકમ રાજ્ય સરકાર ચૂકવશે.
- આ કોલેજની સ્થાપના માટે જરૂરી જમીન રાજ્ય સરકાર દ્વારા વિના મૂલ્યે આપવામાં આવશે.
- આ તમામ કોલેજોમાં પ્રથમ વર્ષે ૧૦૦ – ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.
- આ સાથે જ દરેક કોલેજોમાં પ્રથમ તબક્કામાં ૩૦૦ બેડની સુવિધાવાળી હોસ્પિટલનું નિર્માણ પણ કરવામાં આવશે.

**મેડિકલ કોલેજ માટે દરખાસ્ત થયેલ સ્થળ અને જિલ્લાઓ**

| ક્રમ | સ્થળ | જિલ્લો |
|---|---|---|
| ૧ | મોરબી | મોરબી |
| ૨ | વેરાવળ | ગીર સોમનાથ |
| ૩ | બોટાદ | બોટાદ |

VIVEKANAND ACADEMY

| | | |
|---|---|---|
| ૪ | ગોધરા | પંચમહાલ |
| ૫ | ખંભાળિયા | દેવભૂમિ દ્વારકા |

**(૩) જનરલ બિપિન રાવત દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ**

- તાજેતરમાં જનરલ બિપિનરાવતે દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે પદ સંભાળ્યું.
- ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફદેશની ત્રણેય સેનાના વડા અને કેન્દ્ર સરકારના સૌથી વરિષ્ઠ વર્દીધારી સૈન્ય સલાહકાર છે.
- ચીફ ઓફ ડિફેન્સસ્ટાફ ફોર સ્ટાર જનરલનો રેન્ક ધરાવતા અધિકારી છે.
- તેઓ સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્યકર્તા સૈન્ય બાબતોના વિભાગના પ્રમુખ તરીકે આ વિભાગના સચિવ છે.
- આ ઉપરાંત તેઓ ચીફ ઓફ સ્ટાફ કમિટીના અધ્યક્ષ તરીકે પણ સેવા આપશે.
- ચીફ ઓફ ડિફેન્સસ્ટાફનું કાર્ય દેશની ત્રણેય સેના વચ્ચે શ્રેષ્ઠ સમન્વય સાધવાનું છે.
- દેશની ત્રણેય સેનાઓને આધુનિક બનાવવાની જવાબદારી ચીફ ઓફ ડિફેન્સસ્ટાફની રહેશે.
- ભારતમાં ચીફ ઓફ ડિફેન્સસ્ટાફપદનું નવું સર્જન દેશની આઝાદી બાદ થયેલ સંરક્ષણ ક્ષેત્રે થયેલ સૌથી મોટો સુધારો છે.

**–ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ પદનું સર્જન–**

- દેશમાં સૌપ્રથમ ચીફ ઓફ ડિફેન્સસ્ટાફઅંગેનો વિચાર લોર્ડ માઉન્ટ બેટન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૧૯૮૨માં તત્કાલિન જનરલ કે.વી. કૃષ્ણ રાવે ચીફ ઓફ ડિફેન્સસ્ટાફપદના સર્જન અંગેનો પોતાનો વિચાર રજૂ કર્યો હતો.
- ચીફ ઓફ ડિફેન્સસ્ટાફપદ માટેની ઓફિસિયલ ભલામણ વર્ષ ૧૯૯૯માં થયેલ કારગિલ યુદ્ધ બાદ રચાયેલ કારગિલ રિવ્યુ કમિટી દ્વારા કરવામાં આવી હતી.
- કારગિલ રિવ્યુ કમિટી દ્વારાકરવામાં આવેલ આ ભલામણના આધારે વર્ષ ૨૦૦૧માં ગૃપ્સ ઓફ મિનિસ્ટર્સ દ્વારા આ પદના સર્જન માટે સત્તાવાર દરખાસ્ત કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૨માં નરેશ ટાસ્ક ફોર્સ અને વર્ષ ૨૦૧૬માં લેફ્ટનેન્ટ જનરલ ડી.બી.શેજટકર કમિટી દ્વારા પણ ચીફ ઓફ ડિફેન્સસ્ટાફપદ માટેનીદરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.
- ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશમાં ચીફ ઓફ ડિફેન્સસ્ટાફપદના સર્જનની જાહેરાત કરવામાં આવી હતી.
- ડિસેમ્બર ૨૦૧૯માં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ કમિટી ઓફ સિક્યોરિટી દ્વારા દેશમાં ચીફ ઓફ ડિફેન્સસ્ટાફપદના સર્જન માટે મંજૂરી આપવામાં આવી હતી.

**–ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ પદની નિમણૂક અને કાર્યકાળ–**

- ચીફ ઓફ ડિફેન્સસ્ટાફની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કેબિનેટ નિમણૂક સમિતિની ભલામણના આધારે કરવામાં આવે છે.
- ચીફ ઓફ ડિફેન્સસ્ટાફનો કાર્યકાળ ૩ વર્ષ અથવા ૬૫ વર્ષ ઉંમર (બે માથી જે પહેલા પુરૂ થાય તે) સુધીનો છે.
- તેમનો પગાર અને અન્ય સુવિધાઓ સર્વિસ ઓફ ચીફ (સેનાની કોઈ પણ પાંખના વડા) જેટલી જ રહેશે.
- દેશની ત્રણેય સેનાના સર્વિસ ઓફ ચીફનો માસિક પગાર હાલ ૨.૫ લાખ છે.
- જનરલ બિપિનરાવતનો જન્મ ઉત્તરાખંડના પૌરી ગઢવાલ જીલ્લામાં થયો છે.
- તેઓ વર્ષ ૧૯૭૮માં ૧૧મીગોરખા બટાલિયનથી ભારતીય સેનામાં જોડાયા હતા.

**(૪) સ્ટડી ઇન ગુજરાત અભિયાન**

- તાજેતરમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્ટડી ઈન ગુજરાત અભિયાન લોન્ચ કરવામાં આવ્યું.
- આ અભિયાન રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતને દેશના એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧૫થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન કુવૈત, દુબઈ, મસ્કત અને રિયાધ ખાતે રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત પશ્ચિમ એશિયાના શ્રીલંકા, નેપાળ, ઝીમ્બાબ્વે, બાંગ્લાદેશ, કેન્યા,યુગાન્ડા, ભૂટાન અને ઈથોપિયામાં પણ આંતરરાષ્ટ્રીય રોડ શોનું આયોજન કરવામાં આવશે.
- આ સાથે દેશના રાંચિ, ઈન્દોર, કોલકત્તા, પટણા, નાસિક સહિતના ૧૦ અલગ અલગ શહેરોમાં પણ રોડ શોનું આયોજન કરાશે.
- ગુજરાતનાં વર્તમાન શિક્ષણ મંત્રી – ભુપેન્દ્રસિંહ ચુડાસમા

**પ્રશ્નો –**

1. વિશ્વભરમાં વિશ્વ બ્રેઈલ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ? - દર વર્ષે ૪ જાન્યુઆરીના રોજ
2. બ્રેઈલ લિપિની શોધકોણે કરી હતી ? - લુઈસ બ્રેઈલ
3. ગુજરાતસરકારદ્વારારાજયના કેટલા જીલ્લામાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી? - પાંચ જિલ્લાઓમાં
4. દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ? - જનરલ બિપિન રાવત

VIVEKANAND ACADEMY

5. દેશમાં સૌપ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અંગેનો વિચાર કોના દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો?
   - લોર્ડ માઉન્ટ બેટન
6. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનો કાર્યકાળ જણાવો ?
   - ૩ વર્ષ અથવા ૬૫ વર્ષ ઉમર (બે માથી જે પહેલા પુરૂ થાય તે)
7. તાજેતરમાં ગુજરાત સરકારના ક્યાં વિભાગ દ્વારા સ્ટડી ઇન ગુજરાત અભિયાન લોન્ચ કરવામાં આવ્યું ?
   - શિક્ષણ વિભાગ
8. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતને દેશના એજ્યુકેશનલ હબ તરીકે પ્રસ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી ક્યુ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? - સ્ટડી ઇન ગુજરાત અભિયાન

## ૫– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિની રચના

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આ સમિતિની રચના સમગ્ર દેશમાં વસતા બિન નિવાસી ગુજરાતીઓને ગુજરાતની વિકાસયાત્રામાં જોડવા અને તેમની સમસ્યાઓના નિવારણ માટે કરવામાં આવશે.
- આ સમિતિની વર્ષ દરમ્યાન બે વખત બેઠક મળશે જેમાં એક વખત ગુજરાતમાં અને બીજી બેઠક યજમાન રાજ્ય તરીકે અન્ય રાજયમાં મળશે.
- આ સમિતિના મુખ્ય સંવર્ધક તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી રહેશે.
- આ સમિતિના અધ્યક્ષ પદે બિન નિવાસી ગુજરાતી પ્રભારના રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા રહેશે.
- સમિતિમાં સભ્ય તરીકે દેશના વિવિધ રાજ્યના રજિસ્ટર્ડ ગુજરાતી સમાજના મંત્રીઓ અને પ્રમુખ તથા પ્રસિદ્ધ બિન નિવાસી ગુજરાતીઓનો સમાવેશ કરશે.

### (૨) ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અને પેન્શનરોના મોંઘવારી રાહત દરમાં વધારો

- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારાગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અને પેન્શનરોના મોંઘવારી રાહતદરમાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો.
- આ સાથે જ ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અને પેન્શનરોના મોંઘવારી રાહતનો દર ૧૨ ટકાથી વધીને ૧૭ ટકા થઈ ગયો છે.
- ગુજરાત સરકારના આ નિર્ણયથી રાજ્યના આશરે ૯.૬૧ લાખ જેટલા સરકારી કર્મચારી અને પેન્શનરોને લાભ મળશે.
- રાજ્ય સરકારનો આ નિર્ણય ૧ જુલાઇ ૨૦૧૯થી લાગુ થશે.

### (૩) રાષ્ટ્રીય શહેરીઆજીવિકામિશનમાટેઈ–કોમર્સકંપની ફ્લિપકાર્ટસાથેએમઓયુ

- તાજેતરમાં કેન્દ્રિય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દીનદયાલઅંત્યોદયયોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનમા ટેઇ–કોમર્સ કંપની ફ્લિપ કાર્ટ સાથે એમઓયુ કર્યા.
- આ અંતર્ગત સ્થાનિક શિલ્પકારોને પોતાની કૃતિઓ દેશના બજારો સુધી પહોચડવામાં પ્રોત્સાહન મળશે.

**–દીનદયાલઅંત્યોદયયોજના–**

- દીનદયાલ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ એક યોજના છે.
- આ યોજનાનો ઉદ્દેશ શહેરી ગરીબ લોકોને કૌશલ્ય વિકાસ દ્વારા આજીવિકાની તકો પૂરી પાડવાનો છે.
- આ યોજના દ્વારા દેશમાં ગરીબી ઓછી કરવામાં મદદ મળશે.
- આ યોજના હેઠળ લાભાર્થીઓને વ્યક્તિગત સૂક્ષ્મ ઉદ્યોગ સ્થાપવા માટે ૨લાખ સુધીની નાણાકીય સહાય સસ્તા વ્યાજ પર આપવામાંઆવેછે.

### (૪) કેન્દ્ર સરકાર દ્વારા નાગાલેન્ડમાં AFSPAને છ મહિના સુધી વધારવામાં આવ્યો.

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા નાગાલેન્ડને અશાંત ક્ષેત્ર ઘોષિત કરી આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એક્ટ ૧૯૫૮(AFSPA)ને છ મહિના સુધી વધારવામાં આવ્યો.
- હવેથી આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA)નાગાલેન્ડમાં જુલાઇ ૨૦૨૦ના અંત સુધી લાગુ રહેશે.
- AFSPAકાયદો ભારતીય સુરક્ષા દળોને ડિસ્ટર્બ એરિયામાં વિશેષ અધિકારો આપે છે.
- આ કાયદો ભારતીય સંસદ દ્વારા ૧ સપ્ટેમ્બર ૧૯૫૮ના રોજ પસાર કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌપ્રથમ વખત આફસ્પાનો ઉપયોગ આસામના નાગા હિલ્સ ક્ષેત્રમાં લાગુ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ આ કાયદો પૂર્વોત્તરના સેવન સિસ્ટર્સમાં લાગુ કરવામાં આવ્યો હતો.

VIVEKANAND ACADEMY

- વર્ષ ૧૯૯૦માં જમ્મુ કશ્મીર માટે ખાસ આર્મ્ડ ફોર્સિઝ જમ્મુ કશ્મીર સ્પેશિયલ પાવર્સ એક્ટ ઘડવામાં આવ્યો હતો અને લાગુ કરવામાં આવ્યો હતો.
- સુરક્ષા દળ શંકાના આધારે કોઈ પણ વાહનની તપાસ કે તેને જપ્ત કરી શકે છે.
- કાયદો વ્યવસ્થાને ભંગ કરનાર વ્યક્તિ પર સુરક્ષા દળો ચેતવણી બાદ ગોળી ચલાવી શકાય છે.
- હાલમાં AFSPAઆસામ, નાગાલેન્ડ, અરૂણાચલ પ્રદેશ મણિપુર મેઘાલય અને જમ્મુ કશ્મીરમાં લાગુ છે.
- નાગાલેન્ડ –
  - રાજ્યપાલ –આર.એન. રવિ
  - મુખ્યમંત્રી–નિફિયુ રિયો
  - રાજધાની –કોહિમા
  - હાઈકોર્ટ –ગુવાહાટી હાઈકોર્ટ
  - વસ્તીની દ્રષ્ટિએ ક્રમ –૨૫
  - વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ –૨૬

**પ્રશ્નો –**

1. સમગ્ર દેશમાં વસતા બિન નિવાસી ગુજરાતીઓને ગુજરાતની વિકાસયાત્રામાં જોડવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકાર દ્વારા કઈ સમિતિની રચનાનો નિર્ણય કરવામાં આવ્યો ?
   - અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિ
2. અખિલ ભારતીય ગુજરાતી સમાજ સંકલન સમિતિના મુખ્ય સંવર્ધક તરીકે કોણ રહેશે?
   - ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
3. તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારાગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં અને પેન્શનરોના મોંઘવારી રાહતદરમાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો? - ૫ ટકાનો
4. તાજેતરમાંકેન્દ્રિય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દીનદયાલઅંત્યોદયયોજના – રાષ્ટ્રીય શહેરીઆજીવિકામિશનમાટે કઈ ઈકોમર્સ કંપની સાથે એમઓયુ કર્યા? - ફ્લિપકાર્ટ
5. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ક્યાં રાજયમાં અશાંત ક્ષેત્ર ઘોષિત કરી આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એક્ટ ૧૯૫૮(AFSPA)ને છ મહિના સુધી વધારવામાં આવ્યો? - નાગાલેન્ડ
6. AFSPAનું પુરૂનામ જણાવો?
   - આર્મ્ડ ફોર્સિઝ સ્પેશિયલ પાવર્સ એક્ટ

## ૬– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) ૧૦૭મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ

- તાજેતરમાં કર્ણાટકના બેંગલુરૂ ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીમાં ૧૦૭મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન થયું.
- વર્ષ ૨૦૨૦માં યોજાયેલ આ ૧૦૭ ૧૦૭મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન ScienceandTechnology : RuralDevelopment થીમ પર કરવામાં આવ્યું છે.
- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીએ I-STEMPortal લોન્ચ કર્યું હતું.
- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના આયોજનની સાથે સાથે આ વખતે સૌપ્રથમ વખત ખેડૂત વિજ્ઞાન કોંગ્રેસનું પણ આયોજન કરવામાં આવ્યું છે.
- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન ઈન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશન દ્વારા દર વર્ષે કરવામાં આવે છે.
- ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું પ્રથમ આયોજન વર્ષ ૧૯૧૪માં કોલકત્તા ખાતે થયું હતું.

### (૨) રાજ્યના પ્રથમ સિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો પ્રારંભ

- તાજેતરમાં ગુજરાતના સુરેન્દ્રનગર ખાતે રાજ્યના પ્રથમ સિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ પ્લાન્ટ કેન્દ્ર સરકારના ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગના સહયોગથી ગુજરાતના પટોળા સાડી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવ્યો છે.
- પટોળા સાડી બનાવવા માટે કાચા માલ તરીકે સિલ્કના તાંતણાનો ઉપયોગ કરવામાં આવે છે.

### (૩) ૪૦માં સપ્તક એન્યુઅલ મ્યુઝિલ ફેસ્ટિવલનું આયોજન

- તાજેતરમાં ગુજરાતના અમદાવાદની એલ.ડી.આર્ટ્સ કોલેજ ખાતે ૪૦માં સપ્તક વાર્ષિક શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું.
- આ મહોત્સવ દેશના સૌથી મોટા અને સૌથી શ્રેષ્ઠ સંગીત મહોત્સવ પૈકીનો એક છે.
- આ મહોત્સવનું આયોજન દર વર્ષે સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા કરવામાં આવે છે.
- સપ્તક વાર્ષિક શાસ્ત્રીય સંગીત મહોત્સવનુંપ્રથમ આયોજન વર્ષ ૧૯૮૦માં પ્રસિદ્ધ તબલા વાદક પંડિત નંદન મહેતા દ્વારા અન્ય સાથીઓના સહયોગથી કરવામાં આવ્યું હતું.

### (૪) ભારતીય ઓલરાઉન્ડર ક્રિકેટર ઈરફાન પઠાણે ક્રિકેટના તમામ ફોર્મેટ માથી નિવૃતિની જાહેરાત

- તાજેતરમાં ગુજરાતનું ગૌરવ અને ભારતીય ઓલરાઉન્ડર ક્રિકેટર ઈરફાન પઠાણે ક્રિકેટના તમામ ફોર્મેટ માથી નિવૃતિની જાહેરાત કરી.

- તેમનો જન્મ ૨૭ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ ગુજરાતના વડોદરા ખાતે થયો હતો.
- તેમણે પોતાની આંતરરાષ્ટ્રીય ટેસ્ટ કારકિર્દીનો પ્રારંભ વર્ષ ૨૦૦૩માં ઓસ્ટ્રેલીયા વિરુદ્ધની મેચમાં કર્યો હતો.
- તેમની આંતરરાષ્ટ્રીય વન ડે ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ વર્ષ ૨૦૦૪માં ઓસ્ટ્રેલીયા વિરુદ્ધની મેચમાં થયો હતો.
- તેમની આંતરરાષ્ટ્રીય ટી20 કારકિર્દીનો પ્રારંભ વર્ષ ૨૦૦૬માં દક્ષિણ આફ્રિકા વિરુદ્ધની મેચમાં થયો હતો.
- ઈરફાન પઠાણ ટેસ્ટ મેચમાં હેટ્રીક ઝડપનાર ભારતના પ્રથમ ફાસ્ટ બોલર છે.

### (૫) અમેરિકાના હવાઈ હુમલામાં ઈરાનની જનરલ કાસેમ સોલીમાનીનું નિધન

- તાજેતરમાં ઈરાકના બગદાદઆંતરરાષ્ટ્રીય હવાઈમથક પર અમેરિકાના ડ્રોન દ્વારા કરવામાં આવેલહવાઈ હુમલામાં ઈરાનની ચુનંદા કુદ્સ ફોર્સના વડા જનરલ કાસેમ સોલીમાનીનું નિધન થયું.
- અમેરિકાના વ્હાઈટ હાઉસ દ્વારા આ ડ્રોન હવાઈ હુમલામાં ઈરાકમાં જનરલ કાસેમ સોલીમાનીઉપરાંત ઓછામાં ઓછા આઠ લોકોના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે.

- ઈરાન –
  - પ્રમુખ – હસન રૂહાની
  - રાજધાની – તેહરાન
  - ચલણ – ઈરાની રીઅલ
  - સત્તાવાર ભાષા – ફારસી
- ઈરાક –
  - પ્રમુખ – બરહમ સાલ
  - રાજધાની – બગદાદ
  - ચલણ – ઈરાકી દીનાર
  - સત્તાવાર ભાષા – આ

**પ્રશ્નો –**

1. ૧૦૭મી ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજનક્યાં કરવામાં આવ્યું? - કર્ણાટકના બેંગલુરૂ ખાતે
2. તાજેતરમાંI-STEMPortalકોણે લોન્ચ કર્યું?
   - પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી
3. ભારતીય વિજ્ઞાન કોંગ્રેસનું આયોજનકોના દ્વારા કરવામાં આવ્યું છે ?ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ એસોસિએશન દ્વારા
4. તાજેતરમાં રાજ્યના પ્રથમ સિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનો પ્રારંભ ક્યાં કરવામાં આવ્યો?ગુજરાતના સુરેન્દ્રનગર ખાતે
5. તાજેતરમાં ૪૦માં સપ્તક વાર્ષિક શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન ક્યાં કરવામાં આવ્યું?
   - ગુજરાતના અમદાવાદની એલ.ડી.આર્ટ્સ કોલેજ ખાતે
6. ભારતીય ઓલરાઉન્ડર ક્રિકેટર ઈરફાનનો જન્મ ક્યાં થયો હતો? - ગુજરાતના વડોદરા ખાતે
7. ટેસ્ટ મેચમાં હેટ્રીક ઝડપનાર ભારતના પ્રથમ ફાસ્ટ બોલરજણાવો? - ઈરફાન પઠાણ
8. તાજેતરમાં અમેરિકા ઈરાકના ક્યાં હવાઈમથક પર હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો?
   - ઈરાકના બગદાદઆંતરરાષ્ટ્રીય હવાઈમથક પર
9. ઈરાન અને ઈરાકની રાજધાની જણાવો ?
   - ઈરાન – તેહરાન, ઈરાક – બગદાદ

## ૭– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) ઇસરો દ્વારા કર્ણાટકમાં અવકાશયાત્રી તાલીમ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત

- તાજેતરમાં ઇસરો દ્વારા કર્ણાટકમાં અવકાશયાત્રી તાલીમ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરવામાં આવી.
- કર્ણાટકના ચિત્રદુર્ગ જીલ્લામાં ચાલકેરે ખાતે ૪૦૦ એકર જમીનમાં આગામી ત્રણ વર્ષમાં અવકાશયાત્રી તાલીમ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે.
- આ કેન્દ્ર ભારતનું પ્રથમ અવકાશયાત્રી તાલીમ કેન્દ્ર હશે.
- આ કેન્દ્રની સ્થાપના અવકાશયાત્રીઓને ભારતમાં જ વર્લ્ડ ક્લાસ ફેસેલિટી સાથે તાલીમ આપવા માટે કરવામાં આવશે.
- આ તાલીમ કેન્દ્રમાં એક સાથે ત્રણ અવકાશયાત્રીઓને ટ્રેનીંગ આપવાની સુવિધા હશે.
- આ કેન્દ્રમાં અવકાશયાત્રીઓને અવકાશયાનના ક્રૂ અને સેવા મોડ્યુલથી સંબંધિત કામો, મિશન કંટ્રોલ અને માનવ તાલીમ જેવી તાલીમો આપવામાં આવશે.

**ઇસરો**

- ★ ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન
- ★ સ્થાપના – વર્ષ ૧૯૬૯માં
- ★ સ્થાપક – વિક્રમ સારાભાઈ
- ★ મુખ્યાલય – બેંગ્લોર
- ★ વર્તમાન ચેરમેન – કે. સીવાન

### (૨) દિલ્હીવિધાનસભાચુંટણીનીજાહેરાત

- તાજેતરમાં ચૂંટણીપંચ દ્વારા દિલ્હી વિધાન સભાચુંટણીની જાહેરાત કરવામાં આવી.
- દિલ્હી વિધાનસભાની કુલ ૭૦ બેઠકો પર એક તબક્કામાં ૮ફેબ્રુઆરી ૨૦૨૦નાં રોજ મતદાન થશે.
- ચૂંટણી પંચ દ્વારા દિલ્હી વિધાનસભા ચૂંટણીનું પરિણામ ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦નાં રોજ જાહેર કરવામાં આવશે.

**ચૂંટણીપંચ**

ચૂંટણીપંચની બંધારણીય જોગવાઈ અનુચ્છેદ – ૩૨૪ (૧)માં કરવામાં આવેલ છે

★ આ અનુચ્છેદ અંતર્ગત સંસદ, રાજ્યની વિધાનસભા,રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની જવાબદારી માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી.

★ ચૂંટણીપંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦માં થઈ હતી, દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.

★ અનુચ્છેદ – ૩૨૪ (૨) અંતર્ગત ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બે અન્ય કમિશ્નર હોય છે જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

★ દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીસુકુમાર સેન હતા. તેઓ વર્ષ ૧૯૫૦થી ૧૯૫૮ સુધી આ પદ પર રહ્યા હતા. દેશના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીમતી વી.એસ.રમાદેવી હતા.

★ હાલ મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરા (૨૩માં), અશોક લવાસા અને શુશિલ ચંદ્ર ચૂંટણી કમિશ્નર છે

વિધાનસભા(Legislative Assembly)

★ વિધાનસભાનાસભ્યોનીચૂંટણીપ્રત્યક્ષરીતેપાંચ વર્ષની મુદત માટે થાય છે. વિશિષ્ટપરિસ્થિતિઓમાંરાજ્યપાલતેપહેલાવિર્સજનકરીશકે છે.

★ વિધાનસભામાંસભ્યોનીસંખ્યાવધુમાંવધુ૫૦૦અનેઓછા માંઓછી૪૦નીસીમાનક્કીકરાઇછે. પરંતુઅનુચ્છેદ–૩૭૧મુજબવિશેષરાજ્યનોદરજ્જોઆપીનેગોવા (૪૦),મિઝોરમ (૪૦),સિક્કીમ (૩૨) અપવાદરખાયાછે.

★ વિધાનસભાનુંસત્ર,કાર્યપ્રણાલી,સ્પીકરનીભૂમિકાવગેરેસંસદનીજેમજહોયછે.

★ વિધાનસભાનેરાજ્યસૂચિસંબંધિતવિષયોપરસામાન્યપરિસ્થિતિઓમાંકાયદોબનાવવાનોઅનન્યઅધિકારછે.

★ પ્રત્યેકવર્ષેનાણામંત્રીદ્વારારાજ્યોએવિધાનસભામાંબજેટરજુ કરવુંપડેછે. અનેવિધાનસભાનાણાકીય બાબતોનિયંત્રીતકરેછે.

★ વિધાનસભાનાસભ્યોપોતાનામાંથીસ્પીકરઅનેડેપ્યુટીસ્પીકરનીનિમણૂંકકરશેજેલોકસભાનાસ્પીકરઅનેડેપ્યુટીસ્પીકર જેવુંજકાર્યવિધાનસભામાંકરશે.

આચારસંહિતા

★ આદર્શ આચારસંહિતા રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવતી કેટલીક માર્ગરિખાઓ છે જેનું દરેક પક્ષો અને ઉમેદવારોએ પાલન કરવાનું હોય છે.

★ આચારસંહિતાચૂંટણી પંચ દ્વારા જ્યારે કોઈ લોકસભાની કે રાજ્ય વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરાય ત્યારે તત્કાળ અમલમાં આવે છે.

★ દેશમાં વર્ષ ૧૯૬૦માં પ્રથમ વખત કેરળ વિધાનસભાની ચૂંટણીમાં આચાર સંહિતા લાગુ થઈ હતી.

★ લોકસભા ચૂંટણીમાં સૌપ્રથમ વર્ષ ૧૯૬૨ આચાર સંહિતા લાગુ કરવામાં આવી હતી.

## (3) કર્મયોગીગ્રંથનામનાપુસ્તકનુંવિમોચન

- તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કર્મયોગી ગ્રંથ નામના પુસ્તકનું વિમોચન કર્યું.
- આ પુસ્તકમાં દેશના અલગ અલગ લેખકો દ્વારા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વિશે પોતાના વિચારો રજુ કર્યા છે.
- અપુસ્તક હિન્દી વિવેક પબ્લીકેશન દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગર ખાતે થયો.
- તેઓ વર્ષ ૧૯૭૧ના આરએસએસના પૂર્ણકાલીન સદસ્ય બન્યા હતા.
- વર્ષ ૧૯૮૫માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.
- તેઓ ૭ ઓક્ટોબર ૨૦૦૧થી ૨૨ મે ૨૦૧૪ સુધી ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા.
- વર્ષ ૨૦૧૪માં ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રધાનમંત્રી તરીકે તેમની પસંદગી કરવામાં આવી હતી જે ચુંટણીમાં તેમણે ૨૮૨ બેઠકો પર જીત મેળવી હતી.
- વર્ષ ૨૦૧૯માં લોકસભા ચૂંટણીમાં તેમના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૦૩ બેઠકો પર જીત મેળવી હતી.

## (૪) ચિત્રકારશ્રીઅકબરપદમશીનું નિધન

- દેશના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી અકબર પદમશીનું ૬જાન્યુઆરી૨૦૨૦ નારોજ તમિલનાડુના કોઇમ્બતુર ખાતે આવેલ ઈશાયોગ કેન્દ્રમાં નિધન થયું.
- તેમનો જન્મ વર્ષ ૧૯૨૮ માં મહારાષ્ટ્રના મુંબઈ ખાતે થયો હતો.
- તેમનો સમાવેશ મોર્ડન ઈન્ડિયા પેઇન્ટિંગના અગ્રણી ચિત્રકારોમાં થતો હતો.

VIVEKANAND ACADEMY

- તેઓ દેશના જાણીતા ચિત્રકાર ઉપરાંત ઉત્તમ ફોટોગ્રાફર,ફિલ્મકાર,શિલ્પકાર પણ હતા.
- ચિત્રકારશ્રી અકબર પદમશીને એનાયત થયેલ પુરસ્કાર –
  - શ્રી જવાહરલાલ નહેરૂ ફેલોશિપ (વર્ષ ૧૯૬૯)
  - કાલિદાસ સન્માન (વર્ષ ૧૯૯૮, મહારાષ્ટ્ર સરકાર દ્વારા)
  - લલિત કલા રત્ન (વર્ષ ૨૦૦૪, લલિત કલા અકાદમી દ્વારા)
  - પદ્મ ભુષણ (વર્ષ ૨૦૧૦)

**પ્રશ્નો –**

1. તાજેતરમાં ઇસરો દ્વારા ક્યાં રાજયમાં પોતાના અવકાશયાત્રી તાલીમ કેન્દ્ર સ્થાપવાની જાહેરાત કરવામાં આવી? - કર્ણાટક
2. ઇસરોના વર્તમાન ચેરમેન જણાવો? - કે. સીવાન
3. તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા દિલ્હી વિધાનસભાની કુલકેટલી બેઠકોપર ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ? - ૭૦બેઠકો
4. ભારતના હાલના મુખ્ય ચૂંટણી કમિશ્નર જણાવો? - સુનીલ અરોરા
5. વિધાનસભાને રાજ્યસૂચિ સંબંધિત વિષયો પર સામાન્ય પરિસ્થિતિઓમાં કાયદો બનાવવાનો અનન્ય અધિકાર છે. – વિધાન સાચું કે ખોટું ? - સાચું
6. દેશમાં પ્રથમ વખત કઈ વિધાનસભાની ચૂંટણીમાં આચાર સંહિતા લાગુ થઈ હતી ? - કેરળ વિધાનસભા (વર્ષ ૧૯૬૦માં)
7. કર્મયોગીગ્રંથ પુસ્તકમાં દેશના અલગ અલગ લેખકો દ્વારા કોના વિશે પોતાના વિચારો રજુ કર્યા છે ? - દેશનાપ્રધાનમંત્રીશ્રીનરેન્દ્રમોદી
8. દેશના પ્રસિદ્ધ ચિત્રકારશ્રી અકબર પદમશીનો જન્મ ક્યાં રાજયમાં થયો હતો? - મહારાષ્ટ્ર (મુંબઈખાતે)

## ૮– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) આંતરરાષ્ટ્રીયયોગદિવસમીડિયાપુરસ્કાર

- તાજેતરમાં કેન્દ્રીય માહીતી અને પ્રસારણમંત્રી શ્રી પ્રકાશ જાવડેકર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં.
- ભારત સરકાર દ્વારા પ્રથમ વખત આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં છે.
- નવી દિલ્હી ખાતે આવેલા રાષ્ટ્રીય મીડિયા કેન્દ્ર ખાતે યોજાયેલ એકસમારોહમાં દેશના ૩૦ મીડિયા જૂથોને આપુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યાં.
- આપુરસ્કાર માટે ૩૦ મીડિયા જૂથોને નીચે મુજબની ત્રણ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયાં છે.
  - રેડીયો
  - ટેલીવિઝન
  - પ્રિન્ટમીડિયા
- રેડિયો કેટેગરીમાં કુલ ૧૧ એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં છે.
- જેમાં ગુજરાતી ભાષા માટે એકપણ મીડિયા જૂથને એવોર્ડ આપવામાં આવ્યો નથી.
- ટેલીવિઝન કેટેગરીમાં હિન્દી,ઉડિયા, ઉર્દુ, ગુજરાતી, મલયાલમ જેવી ભાષાઓ માટે કુલ ૮ એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં છે.
- ગુજરાતી ભાષાની સંદેશ ન્યુઝ ચેનલને આ એવોર્ડ આપવામાં આવ્યો છે.
- પ્રિન્ટ મીડિયા કેટેગરીમાં કુલ ૧૧ એવોર્ડ એનાયત કરવામાં આવ્યાં છે જેમાં ગુજરાતી ભાષાનાં સમાચારપત્ર મિડડેને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- મિડડે સમાચારપત્ર મુંબઇથી પ્રસિદ્ધ થાય છે.
- આ પુરસ્કાર યોગ વિશે જાગૃતિ ફેલાવવા માટે મીડિયા જૂથોને એનાયત કરવામાં આવે છે.

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ**

- ★ સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ★ ૨૧ જૂનનો દિવસ ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ હોય છે.
- ★ વિશ્વ યોગ દિવસ ની સૌપ્રથમ ઉજવણી ૨૧ જૂન ૨૦૧૫ના રોજ કરવામાં આવી હતી.
- ★ ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ વિશ્વ યોગા દિવસ અંગે સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં ઉજવણી કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.
- ★ વર્ષ ૨૦૧૯ થીમ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા –યોગ ફોર કલાઈમેટ એક્શન
- ★ વર્ષ ૨૦૧૯ થીમ આયુષ મંત્રાલય દ્વારા – યોગા ફોર હાર્ટ
- ★ ૨૦૧૯ થીમગુજરાત રાજ્ય સરકાર દ્વારા –યોગ ફોર હાર્ટ કેર

### (૨) NSO દ્વારાનાણાકીયવર્ષ૨૦૧૯–૨૦દરમિયાનના દેશનાજીડીપીદર ૫ ટકારહેવાનીસંભાવના

- તાજેતરમાં National Statistical Office દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાનના દેશના જીડીપી દરનો પ્રથમ અંદાજ રજૂ કરવામાં આવ્યો.

- આઅંદાજ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન ભારતનો જીડીપી દર ૫ ટકા રહેવાની સંભાવના છે.
- આ જીડીપી દર છેલ્લા અગિયાર વર્ષનો સૌથી નીચો જીડીપી વૃદ્ધિ દર છે.
- આઅગાઉવર્ષ૨૦૧૮–૧૯નો જીડીપી વૃદ્ધિ દર ૬.૩ ટકા હતો.

**(૩) વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિવસે ભારતમાં કુલ ૬૭૩૮૫ બાળકોનો જન્મ**

- તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ(યુનિસેફ)દ્વારા જાહેર કરવામાં આવેલ માહિતી મુજબ વર્ષ ૨૦૨૦ના પ્રથમ દિવસે એટલેકે ૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ભારતમાં કુલ ૬૭૩૮૫ બાળકોનો જન્મ થયો છે.
- નવજાત શિશુઓની આ સંખ્યા વિશ્વમાં સૌથી વધુ છે.
- યુનિસેફ દ્વારા જારી કરાયેલા ૧૯૦ દેશોની યાદીમાં ભારત ટોચ પર છે. ભારત બાદ બીજા સ્થાને ચીન છે.
- ચીનમાં ૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ કુલ ૪૬૨૯૯ બાળકો જન્મ થયો છે.
- દરવર્ષે યુનિસેફ૦૧ જાન્યુઆરીએ જન્મેલા બાળકોનો જન્મદિવસ ઉજવે છે.

યુનિસેફ

★ યુનિસેફની સ્થાપના ૧૧ ડિસેમ્બરે૧૯૪૬ના રોજ યુનાઇટેડ નેશન્સ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઇમર્જન્સી ફંડ તરીકે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરવામાં આવી હતી.

★ આ સંસ્થા વિશ્વમાં બાળકોના સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષા અને વિકાસના કામ કરે છે.

★ The United Nations International Children's Emergency Fund

**પ્રશ્નો –**

1. કેન્દ્રીય મંત્રીશ્રી પ્રકાશ જાવડેકર દ્વારા કેટલા મીડિયા જૂથોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યાં? -૩૦
2. ભારતના હાલના કેન્દ્રીય માહીતી અને પ્રસારણમંત્રી જણાવો? - શ્રીપ્રકાશજાવડેકર
3. ટેલીવિઝન કેટેગરીમાં ગુજરાતી ભાષાના ક્યાં જૂથોને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મીડિયા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો ? - સંદેશન્યુઝચેનલને
4. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે? - દર વર્ષે ૨૧ જૂનના રોજ
5. તાજેતરમાં National Statistical Office દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦દરમિયાનનાદેશનાજીડીપીદરનો પ્રથમઅંદાજ કેટલા ટકારહેવાનીવ્યક્ત કરી? - ૫ ટકા
6. યુનિસેફનું પુરૂનામ જણાવો?
   - યુનાઈટેડનેશન્સચિલ્ડ્રન્સફંડ

**૯–જાન્યુઆરી–૨૦૨૦**

**(૧) ગોલ્ડન ગ્લોબ એવોર્ડ ૨૦૨૦**

- તાજેતરમાં ફિલ્મ અને ટેલીવિઝન ઇન્ડસ્ટ્રીના પ્રખ્યાત એવોર્ડ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ ૨૦૨૦ના વિજેતાઓની યાદી જાહેર કરવામાં આવી હતી.
- આ એવોર્ડ એનાયત કરવામાં માટે એક કાર્યક્રમનું આયોજન કેલિફોર્નિયા શહેરના બેવર્લી હિલ્સ ખાતે કરવામાં આવ્યું હતું.
- આ એવોર્ડની શરૂઆત વર્ષ ૧૯૪૪માં કરવામાં આવી હતી.આ વખતનો ક્રમ – ૭૭
- સૈરેમનીમાં ઘણી વિવિધ શ્રેણીઓમાં ફિલ્મો અને કલાકારોને પુરસ્કારો આપવામાં આવ્યાહતા.
- જેમાં સર્વશ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ ૧૯૧૭ નામની ફિલ્મને મળ્યો છે.
- આ વર્ષેશ્રેષ્ઠ અભિનેતા એવોર્ડ જોકર ફિલ્મના અભિનેતા જોકિન ફોનિક્સને એનાયત કરવામાં આવ્યો.
- જ્યારે બેસ્ટ એક્ટ્રેસ એવોર્ડ જુડી ફિલ્મના અભિનેત્રી રેની જેલ્વેગરને એનાયત કરવામાં આવ્યો.
- ગોલ્ડન ગ્લોબ એવોર્ડ દર વર્ષે હોલીવુડ ફોરેન પ્રેસ એસોસિએશન દ્વારા જાન્યુઆરી મહિનામાં પ્રદાન કરવામાં આવે છે.

**(૨) લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું ચંડીગઢ ખાતે નિધન**

- ૭જાન્યુઆરી ૨૦૨૦ના રોજ લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું ચંડીગઢ ખાતે નિધન થયું.
- તેમનો જન્મ હાલના પાકિસ્તાનમાં આવેલ એબોટાબાદ ખાતે થયો હતો.
- તેમના નેતૃત્વમાં ભારતે વર્ષ ૧૯૮૪માં ઓપરેશન મેઘદુત હાથ ધર્યું હતું.
- આ ઓપરેશન અંતર્ગત ભારતે કૂટનીતિક મહત્વ ધરાવતા સિયાચીન ગ્લેસિયર અને આજુ બાજુના વિસ્તારને પાકિસ્તાનના કબ્જામાથી મુક્ત કરી તેમાં તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.
- ઓપરેશન મેઘદુતમાં મહત્વની ભૂમિકા બદલ લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનુંપરમ વિશિષ્ટ સેવા મેડલથી સન્માન કરવામાં આવ્યું હતું.

VIVEKANAND ACADEMY

- વર્ષ ૨૦૧૫માં લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનુંધ અનટોલ્ડ ટ્રુથ નામનું પુસ્તક ખૂબ જ ચર્ચામાં રહ્યું હતું.

### (૩) કરૂણા અભિયાન ૨૦૨૦

- ઉત્તરાયણ દરમ્યાન રાજ્યના દોરાથી ઘાયલ થયેલ નિર્દોષ પક્ષીઓની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાનરાજ્ય વ્યાપી કરૂણા અભિયાન ૨૦૨૦ શરૂ કરવામાં આવશે.
- આ રાજ્યવ્યાપી અભિયાનમાં રાજ્ય સરકાર સાથે અનેક જીવદયા સંસ્થાઓ જોડાઈ છે.
- રાજ્યસરકાર દ્વારા દરેક તાલુકા મથકોએ વિવિધ ઓપરેશન થિયેટરો ઊભા કરવામાં આવ્યા છે જેમાં પક્ષીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવશે.
- ઘવાયેલા પક્ષીઓ માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન નંબર 1962 કાર્યરત કરવામાં આવ્યા છે.
- આ અભિયાનની શરૂઆત વર્ષ ૨૦૧૭માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવી હતી.

### (૪) CISF દ્વારા વર્ષ ૨૦૨૦ને ગતિશીલતા વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું

- તાજેતરમાં કેન્દ્રીયઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા વર્ષ ૨૦૨૦ને ગતિશીલતા વર્ષ (Year of Mobility)તરીકે ઉજવવાનું નક્કી કર્યું.
- આ નિર્ણય અંગેની જાહેરાતCISFના મહાનિર્દેશક રાજેશ રંજન દ્વારા કરવામાં આવી.
- કેન્દ્રીયઔદ્યોગિક સુરક્ષા દળકેન્દ્રિય ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતું પોલીસ દળ છે.
- તેનું મુખ્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.
- આ દળ સરકારી કંપનીઓ અને અન્ય સરકારી ઉપક્રમોની સુરક્ષા કરે છે.
- સીઆઇએસએફની સ્થાપના વર્ષ ૧૯૬૯માં થઈ હતી.

**પ્રશ્નો –**

1. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ ક્યાં વર્ષથી એનાયત કરવામાં આવે છે ? - વર્ષ ૧૯૪૪
2. ગોલ્ડન ગ્લોબ એવોર્ડ ૨૦૨૦માં સર્વશ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ કઈ ફિલ્મને મળ્યો છે.? ફિલ્મ ૧૯૧૭
3. ટેલીવિઝનકેટેગરીમાં ગુજરાતી ભાષાના ક્યાં જૂથોને આંતરરાષ્ટ્રીયયોગદિવસમીડિયાપુરસ્કારએનાયતકરવામાં આવ્યો ? - સંદેશન્યુઝચેનલને
4. તાજેતરમાં લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણનું નિધન થયું તેઓ ક્યાં ઓપરેશન સાથે જોડાયેલ હતા?
   - ઓપરેશન મેઘદુત
5. ધ અનટોલ્ડ ટ્રુથ પુસ્તકના લેખક જણાવો?
   - લેફ્ટેનન્ટ જનરલ પ્રેમનાથ હૂણ
6. ઉત્તરાયણ દરમ્યાન રાજ્યના દોરાથી ઘાયલ થયેલ નિર્દોષ પક્ષીઓની સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા ક્યૂ અભિયાન શરૂ કરવામાં આવશે?
   - કરૂણા અભિયાન ૨૦૨૦
7. કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન નંબર જણાવો ? - 1962
8. કેન્દ્રીયઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દ્વારા વર્ષ ૨૦૨૦ને ક્યાં તરીકે ઉજવવાનું નક્કી કર્યું?
   - ગતિશીલતા વર્ષ (Year of Mobility)

## ૧૦– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) વિશ્વ હાસ્ય દિવસ

### (૨) વિશ્વ હિન્દી દિવસ

- દર વર્ષે ૧૦ જાન્યુઆરીના રોજ વિશ્વભરમાં વિશ્વ હિન્દી દિવસ મનાવવામાં આવે છે.
- વિશ્વ હિન્દી દિવસ ઉજવણીનો ઉદ્દેશ્ય હિન્દી ભાષાના પ્રચાર–પ્રસાર માટે જાગૃતિ કેળવવાનો અને આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે રજૂ કરવાનો છે.
- વિદેશમાં ભારતીય રાજદૂત કચેરીઓ દ્વારા પણ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં વિવિધ વિષયો પર હિન્દી ભાષામાં વ્યાખ્યાનો યોજીને હિન્દી ભાષાના વિકાસ અને પ્રચાર પર ભાર મુકવામાં આવે છે.
- ૧૦ જાન્યુઆરી ૧૯૭૫ના રોજ નાગપુરખાતે પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુંજેની યાદમાં વર્ષ ૨૦૦૬થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વિશ્વભરમાં બોલાતી ભાષાઓમાંહિન્દી પાંચમી સૌથી વધુ બોલાતી ભાષા છે.
- દર વર્ષે ૧૪મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય હિન્દી દિવસ મનાવવામાં આવે છે.
- બંધારણસભા દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ હિન્દી ભાષાનો રાજભાષા તરીકે સ્વીકાર કર્યો હોવાથી આ દિવસ મનાવવામાં આવે છે.

### (૨) તીડના આક્રમણથી ખેડૂતોના થયેલ નુકશાનમાં રાહત માટે સહાયતા પેકેજ

- તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા તીડના આક્રમણથી ખેડૂતોના થયેલ નુકશાનમાં રાહત માટે ૩૧.૪૫ કરોડના સહાયતા પેકેજની જાહેરાત કરવામાં આવી.

- ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન પાકિસ્તાન અને રાજસ્થાન તરફથી ગુજરાતના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વ્યાપક સંખ્યામાં તીડે આક્રમણ કર્યું હતું.
- તીડના આ આક્રમણથી આ બંને જિલ્લાઓના ખેડૂતોને વ્યાપક પ્રમાણમા નુકશાન થયું હતું.
- જેથી રાજ્ય સરકાર દ્વારા આ સહાયતા પૅકેજની જાહેરાત કરવામાં આવી છે.
- આ પેકેજ અંતર્ગત બનાસકાંઠાજિલ્લાના ૧૩ તાલુકાના ૨૮૦ ગામો અને પાટણ જિલ્લાના ૨ તાલુકાના ૫ ગામોના ખેડૂતોને સહાયનો લાભ મળશે.
- જેમાં ખેડૂતોને ૨ હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર ૧૮૫૦૦ રૂપિયા સુધીની સહાય આપવામાં આવશે.

**(૩) ૩૧માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો પ્રારંભ**

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અમદાવાદ ખાતે ૩૧માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ૨૦૨૦નો પ્રારંભ કરવવામાં આવ્યો.
- અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલ પતંગોત્સવમાં વિશ્વના ૪૩ દેશોના ૧૫૩ પતંગબાજ સહિત ભારતના ૧૨ રાજ્યોના ૧૧૫ જેટલા પતંગબાજ ભાગ લઈ રહ્યા.

**(૪) લેન્ડ બેન્ક પોર્ટલ**

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગાંધીનગર ખાતેથી લેન્ડ બેન્ક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું.
- રાજ્ય સરકાર દ્વારા આ પોર્ટલ વૈશ્વિક રોકાણકારોને રાજયમાં નવા ઉદ્યોગ સ્થાપવા માટે જમીનની પસંદગીમાં સરળતા થાય તે ઉદ્દેશ્ય લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ પોર્ટલ પર રાજ્યની તમામ GIDC, ધોલેરા SIR,SEZ,PCPIR ઉપરાંત પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની જમીનની માહિતી ઓનલાઈન મળશે.
- આ ઉપરાંત પોર્ટલ પર જમીનની આસપાસના ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓની માહિતી પણ આપવામાં આવશે.

**પ્રશ્નો –**

1. વિશ્વ હાસ્ય દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
   - દર વર્ષે ૧૦ જાન્યુઆરીના રોજ
2. વિશ્વ હિન્દી દિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
   - દર વર્ષે ૧૦ જાન્યુઆરીના રોજ
3. પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનુંઆયોજન ક્યાં અને ક્યારે કરવામાં આવ્યું હતું?
   - ૧૦ જાન્યુઆરી ૧૯૭૫ના રોજ નાગપુર ખાતે
4. રાષ્ટ્રીય હિન્દી દિવસ ક્યારે મનાવવા માં આવે છે?
   - દર વર્ષે ૧૪મી સપ્ટેમ્બરના રોજ
5. તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ક્યાં જિલ્લામાં થયેલ તીડના આક્રમણથી ખેડૂતોના નુકશાન માટેના રાહત સહાયતા પેકેજની જાહેરાત કરવામાં આવી?
   - બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં
6. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અમદાવાદ ખાતે ૩૧માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ૨૦૨૦નો પ્રારંભ કરવવામાં આવ્યોતેનું આયોજન ક્યાં થયું છે?
   - અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે
7. રાજ્ય સરકાર દ્વારા વૈશ્વિક રોકાણકારોને રાજયમાં નવા ઉદ્યોગ સ્થાપવા માટે જમીનની પસંદગીમાં સરળતા થાય તે ઉદ્દેશ્ય ક્યું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે?
   - લેન્ડ બેન્ક પોર્ટલ

## ૧૧– જાન્યુઆરી–૨૦૨૦

**(૧) ઈન્ટરનેટનો ઉપયોગ બંધારણના અનુચ્છેદ – ૧૯(૧)(a) અંતર્ગત મૂળભૂત અધિકાર – સુપ્રીમ કોર્ટ**

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પોતાના ચુકાદા જણાવવામાં આવ્યું કે ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતાએ ભારતીય બંધારણના અનુચ્છેદ – ૧૯(૧)(a) અંતર્ગત મૂળભૂત અધિકારી છે.
- કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરમાં લાદવામાં આવેલ ઈન્ટરનેટ પરના પ્રતિબંધ અંગે કરવામાં આવેલ અરજીના અવલોકન પર સુપ્રીમ કોર્ટ દ્વારા ઉપરોક્ત જાણકારી આપવામાં આવી.
- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટ દ્વારા જમ્મુ કાશ્મીરમાં હોસ્પિટલ, બેંકિંગ, શિક્ષણ સહિતની અન્ય જરૂરી સેવાઓ આપતી સંસ્થાઓમાં ઈન્ટરનેટ સેવા શરૂ કરવા અને જમ્મુ કાશ્મીરમાં પ્રતિબંધો અંગે સાત દિવસમાં સમીક્ષા કરવા કેન્દ્ર સરકારને આદેશ આપવામાં આવ્યો છે.
- આ ચુકાદો સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ એન.વી. રમણના નેતૃત્વવાળી ત્રણ સભ્યોની બેન્ચ દ્વારા આપવામાં આવ્યો.
- બંધારણના અનુચ્છેદ – ૧૯(૧)(a) અંતર્ગતવાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર આપવામાં આવ્યો છે.

**(૨) Henley&Partnersદ્વારા જાહેર કરવામાં આવેલ પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૦માં ભારત ૮૪માં સ્થાને**

- તાજેતરમાં Henley&Partners દ્વારા પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૦ જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં ભારત ૮૪માં ક્રમે છે.પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૧૯માં ભારત ૮૬માં સ્થાને હતું.
- આ ઈન્ડેક્સ જાપાન પ્રથમ સ્થાને છે. જાપાન બાદ સિંગાપોર બીજ સ્થાને છે.
- જ્યારે જર્મની તથા સાઉથ કોરિયા ત્રીજા સ્થાને છે.
- આ ઈન્ડેક્સમાં ૮૪માં સ્થાને ભારત સાથે તાજિકિસ્તાન અને મોરિતાનિયા પણ છે.
- ઈન્ડેક્સમાં અંતિમ સ્થાને (૧૦૭માં) અફઘાનિસ્તાન છે.

## (૩) ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરનું ઉદ્દ્ઘાટન

- તાજેતરમાં કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતશાહે નવી દિલ્હી ખાતે આધુનિક ભારતીય સાયબર ક્રાઈમકો ઓર્ડિનેશન સેન્ટરનું ઉદ્દ્ઘાટન કર્યું.
- આ સાથે તેમણે રાષ્ટ્રને રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટીંગ પોર્ટલ પણ સમર્પિત કર્યું.
- કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરને ઓક્ટોબર૨૦૧૮ માં મંજૂરી આપી હતી.
- તેનું નિર્માણ ૪૧૫.૮૬ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે.
- આકેન્દ્ર દેશમાં તમામ પ્રકારના સાયબર ક્રાઈમ સંબંધિત મુદ્દાઓને ધ્યાન આપશે.

## (૪) NADA દ્વારા weightlifter સરબજીત કૌર પર ચાર વર્ષ માટે પ્રતિબંધ

- તાજેતરમાં નેશનલ એન્ટી ડોપીંગ એજન્સી (NADA) દ્વારા મહિલા ભારતોલક (weightlifter) સરબજીત કૌર પર ચાર વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો.
- સરબજીત કૌર પર ડોપિંગ વિરોધી નિયમોના ઉલ્લંઘનનો આરોપ છે.
- નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી દેશમાં ડોપિંગ કંટ્રોલ પ્રોગ્રામ પર મોનિટરિંગ કરવાનું કાર્ય કરે છે.
- નોંધપાત્ર વાત એ છે કે છેલ્લા એક વર્ષમાં દેશના ૧૫૦ થી વધુ ખેલાડીઓ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ ગયા છે.
- આ વર્ષે વર્લ્ડ એન્ટી–ડોપિંગ એજન્સી (WADA) એ નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)ને સસ્પેન્ડ કરી હતી.
- હવે નાડા દ્વારા એકત્ર કરાયેલા ખેલાડીઓના નમૂનાની તપાસ ભારતની બહાર કરવામાં આવશે.
- નાડા ભારતમાં રમતમાં ડોપિંગ કંટ્રોલ પ્રોગ્રામ પર નજર રાખવા માટેનું ભારતનું રાષ્ટ્રીય સંગઠન છે.
- તેની સ્થાપના ૨૦૦૫માં સોસાયટીઝ રજિસ્ટ્રેશન એક્ટહેઠળ કરવામાં આવી હતી, જેથી ભારતમાં ડોપ–ફ્રી રમતો સુનિશ્ચિત થાય.
- આ એજન્સી દેશમાં વર્લ્ડ એન્ટી ડોપિંગ એજન્સીના નિયમો લાગુ કરે છે.
- થોડા સમય અગાઉ અભિનેતા સુનીલ શેટ્ટીને નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA)ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરાયા છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા પોતાના ચુકાદા જણાવવામાં આવ્યું કે ઈન્ટરનેટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતાએ ભારતીય બંધારણના ક્યાં અનુચ્છેદ અંતર્ગત મૂળભૂત અધિકારી છે?
   - ભારતીય બંધારણના અનુચ્છેદ – ૧૯(૧) (a) અંતર્ગત
2. તાજેતરમાં Henley&Partners દ્વારા પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૦ જાહેર કરવામાં આવ્યો તેમાં ભારત કેટલામાં ક્રમે છે ? - ૮૪માં ક્રમે
3. Henley&Partners દ્વારા પાસપોર્ટ ઈન્ડેક્સ ૨૦૨૦ જાહેર કરવામાં આવ્યો તેમાંપ્રથમ ક્રમે ક્યો દેશ છે?
   - જાપાન
4. તાજેતરમાં નવીદિલ્હી ખાતે આધુનિકભારતીયસાયબરક્રાઈમકોઓર્ડિનેશનસેન્ટરનુંકોણે ઉદ્દ્ઘાટન કર્યું?
   - કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીઅમિતશાહે
5. તાજેતરમાં નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) દ્વારા ક્યાં મહિલા ભારતોલક (weightlifter) પર ચાર વર્ષ માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો? - સરબજીત કૌર
6. નેશનલએન્ટીડોપિંગએજન્સી (NADA)ના બ્રાન્ડ એમ્બેસેડર જણાવો? - સુનીલ શેટ્ટી

**૧૨– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) રાષ્ટ્રીય યુવા દિવસ

- દર વર્ષે ૧૨ જાન્યુઆરીના રોજ ભારતભરમાં રાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે.
- સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૮૪થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

VIVEKANAND ACADEMY

- આ ઉજવણીનો મુખ્ય ધ્યેય સ્વામી વિવેકાનંદના આદર્શો અને વિચારોથી યુવાનોને પ્રેરણા આપવાનો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૮૬૩ના રોજ કોલકત્તા ખાતે થયો હતો.
- તેમનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત હતું.
- ૧૮૯૩માં અમેરિકા સ્થિત શિકાગોમાં યોજાયેલી વિશ્વ ધર્મ મહાસભામાં તેમણે ભારતની વતી સનાતન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- તેમના ગુરૂ રામકૃષ્ણ પરમહંસ હતા.
- સ્વામી વિવેકાનંદનું નિધન ૪ જુલાઇ ૧૯૦૨ના રોજ પશ્ચિમબંગાળના બેલુર મઠ ખાતે થયું હતું.
- આ વર્ષે ઉત્તર પ્રદેશના લખનૌ ખાતે ૨૩મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ આયોજન કેન્દ્રિય યુવા અને રમત મંત્રાલય અને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે.
- આ મહોત્સવનું આયોજન ફિટ યૂથ ફિટ ઈન્ડિયા થીમ પર કરવામાં આવ્યું છે.
- રાષ્ટ્રીય યુવા મહોત્સવનું પ્રથમ આયોજન વર્ષ ૧૯૯૫મા કરવામાં આવ્યું હતું.

## (૨) ગુજરાતપોલીસનાવિશ્વાસઅનેસાયબરઅશ્વસ્ત પ્રોજેક્ટનો પ્રારંભ

- તાજેતરમાં ગાંધીનગર ખાતે આવેલ મહાત્મા મંદિરથી ગુજરાત પોલીસના વિશ્વાસ અને સાયબર અશ્વસ્ત પ્રોજેક્ટનો કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતશાહના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો.
- રાજ્યના નાગરિકોની સુરક્ષા તથા સાયબર સુરક્ષા માટે આબંને પ્રોજેક્ટ ખૂબજ અગત્યના છે.

**– વિશ્વાસપ્રોજેક્ટ–**

- ગુજરાત પોલીસ દ્વારા લોન્ચ કરવામાં આવેલ આપ્રોજેક્ટનું પુરૂનામ Video Integration and State Wide Advance security project છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના ૧૨૫૬ જેટલા સ્થળો પર૭૦૦૦ થીવધું CCTV કેમેરા લગાવવામાં આવશે.
- આ પ્રોજેક્ટ લોન્ચ કરવાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યમાં નાગરિકોને સુરક્ષા આપવાનો છે.

**– સાયબરઅશ્વસ્ત –**

- આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં ચાર યુનિટની સ્થાપના કરવામાં આવી છે.
    - સાયબર ક્રાઇમ પ્રિવેંશન યુનિટ
    - સાયબર સુરક્ષા લેબ
    - એન્ટિ સાયબર બુલિંગ યૂનિટ
    - સાયબર ક્રાઇમ ઇંસિડેટ રેસ્પોન્સ યુનિટ
- સાયબરઅશ્વસ્ત પ્રોજેક્ટ અંતર્ગત સ્થાપવામાં આવેલસાયબર ક્રાઇમ પ્રિવેંશન યુનિટ દેશનું પ્રથમ આ પ્રકારનું યુનિટ છે.
- આ યુનિટ દ્વારા રાજ્યના નાગરિકોને એસએમએસના માધ્યમથી સાયબર ક્રાઇમ માટે ઉપયોગમાં લેવાયેલ મોબાઈલ નંબર અંગે સાવચેતી આપવામાં આવશે.
- સાયબર સુરક્ષા લેબદ્વારા મોબાઈલમા આવતા વાયરસ, માલવેર કે અન્ય ખતરાથી મોબાઈલ ફોન અને અન્ય ડિજિટલ ડિવાઇસનું રક્ષણ કરવામાં આવશે.
- એન્ટિ સાયબર બુલિંગ યૂનિટની મદદથી રાજ્યના નાગરિકોને ઓનલાઈન હેરસમેન્ટથી બચાવવામાં મદદ કરવામાં આવશે.
- સાયબર ક્રાઇમ ઇંસિડેટ રેસ્પોન્સ યુનિટની મદદથી સાયબર ક્રાઇમ અંગે કાર્યવાહી કરવામાં આવશે.

**પ્રશ્નો –**

1. ભારતભરમાં રાષ્ટ્રીય યુવા દિવસ ક્યારે મનાવવામાં આવે છે? - દર વર્ષે ૧૨ જાન્યુઆરીના રોજ
2. ભારત સરકાર દ્વારારાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી ક્યાં વર્ષથી કરવામાં આવે છે? - વર્ષ ૧૯૮૪થી
3. સ્વામીવિવેકાનંદનો જન્મ ક્યાં થયો હતો?
   - કોલકત્તા ખાતે
4. સ્વામીવિવેકાનંદનું મૂળનામ જણાવો ?-નરેન્દ્રનાથ દત્ત
5. ૨૩મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન ક્યાં કરવામાં આવ્યું? - ઉત્તર પ્રદેશના લખનૌ ખાતે
6. લખનૌ ખાતે ૨૩મા રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું?
   - કેન્દ્રિય યુવા અને રમત મંત્રાલય અને ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા સંયુક્ત રીતે
7. ગુજરાત પોલીસ દ્વારા ક્યાં પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના ૧૨૫૬ જેટલા સ્થળો પર૭૦૦૦ થી વધું CCTV કેમેરા લગાવવામાં આવશે ?
   - પ્રોજેક્ટ વિશ્વાસ
8. પ્રોજેક્ટ વિશ્વાસનું પુરૂનામ જણાવો?
   - Video Integration and State Wide Advance security project

**૧૩– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) રાકેશ શર્મા – જન્મદિવસ.

- આજે રાકેશ શર્મા – જન્મદિવસ

- તેમનો જન્મ ૧૩ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ પંજાબના પટિયાલા ખાતે થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૭૦માં ભારતીય વાયુ સેનામાં પાઇલટ જોડાયા હતા.
- ઇસરો અને સોવિયત સંઘના ઇન્ટરકોસ્મોસ અવકાશ કાર્યક્રમ ૧૯૮૧માં તેઓ સ્ક્વોડ્રન લીડર તરીકે પસંદ થાય હતા.
- તેમણે ભારત તરફથી ૩ એપ્રિલ ૧૯૮૪ના રોજ સોયુઝ ટી–11 અવકાશયાન દ્વારા અવકાશ પર જનાર પ્રથમ અવકાશયાત્રી હતા.
- તેમને અવકાશયાત્રા માટે હીરો ઓફ ધ સોવિયત યુનિયન સન્માન આપવામાં આવ્યું હતું.
- ભારત સરકાર દ્વારા તેમને અશોક ચક્રથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

## (૨) વિશ્વ ભવિષ્ય ઉર્જા શિખર સંમેલન – અબુ ધાબી

- તાજેતરમાં સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુ ધાબી ખાતે વિશ્વ ભવિષ્ય ઉર્જા શિખર સંમેલનનું આયોજન થયું.
- આ સંમેલનનું આયોજન Rethinking Global Consumption, Production and Investment થીમ પર કરવામાં આવી રહ્યું છે.
- આ ચાર દિવસીય સંમેલનમા વિશ્વના ૧૭૦ દેશોના ૩૩,૫૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો.
- આ સંમેલનમા ઉર્જા,જળ, સૌર ઉર્જા અને સ્માર્ટ સિટી જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી.
- વિશ્વ ભવિષ્ય ઉર્જા શિખર સંમેલનનું આયોજનદર વર્ષે કરવામાં આવે છે.
- આ સંમેલનનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૧૧મા કરવામાં આવ્યું હતું.

## (૩) એરક્રાફ્ટ તેજસના નેવલ વર્ઝનનું ભારતીય નૌસેનાના આઇએનએસ વિક્રમાદિત્ય પર સફળ લેંડિંગ

- તાજેતરમાં લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસના નેવલ વર્ઝનએ ભારતીય નૌસેનાના એરક્રાફ્ટ કેરિયર આઇએનએસ વિક્રમાદિત્ય પર સફળ અરેસ્ટેડ લેંડિંગ કર્યું.
- આઇએનએસ વિક્રમાદિત્યના ડેક પર લેંડિંગ કર્યા બાદતેજસએરક્રાફ્ટ ૮૭ મીટર પર ઊભું રહ્યું હતું.
- તેજસએ ભારતનું સિંગલ એન્જિન ડેટા વિંગ મલ્ટીરોલ લાઇટ ફાઇટર વિમાન છે.
- જે હાલ અમેરિકા રશિયા બ્રિટન ફ્રાન્સ અને ચીન જેવા દેશોમાં છે.
- આ વિમાનનો ઉપયોગ ભારતીય વાયુસેના અને ભારતીય નેવી દ્વારા કરવામાં આવે છે.
- તેજસનું નિર્માણ અને ડિઝાઇન એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી અને હિન્દુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે.
- તેજસ સંપૂર્ણપણે સ્વદેશી ડિઝાઇન સાથે તૈયાર થનાર ભારતનું પ્રથમ યુદ્ધ વિમાન છે.
- તેજસનું નિર્માણ કાર્ય ૧૯૮૦ના દશકમાં શરૂ થયું હતું.
- લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તરીકે ઓળખાતા આ વિમાનને ભારતના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા તેજસ નામ આપવામાંઆવ્યું હતું.
- તેજસ વિશ્વનું પોતાની શ્રેણીનું સૌથી હલકું અને નાનું સુપર સોનિક યુદ્ધ વિમાન છે.
- તેજસ લડાકુ વિમાનને ભારતીય વાયુસેનામાં ત્રણ વર્ષ અગાઉ સામેલ કરવામાં આવ્યું હતું.
- આ વિમાનનું કુલ વજન ૬૫૬૦ કિલોગ્રામ છે.
- આઇએનએસ વિક્રમાદિત્યને વર્ષ ૨૦૧૩માં ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું.

## (૪) હૈથમ બિન તારીક અલ સઇદ – ઓમાનના નવા સુલતાન

- તાજેતરમાં હૈથમ બિન તારીક અલ સઇદ ઓમાનના નવા સુલતાન બન્યા.
- તેઓ અલ રાઇદ વંશના સુલતાન છે.
- ઓમાનના પૂર્વ સુલતાન કાબુસ બિન સઇદ અલ સઇદના નિધન બાદ તેઓને આ પદ મળ્યું.
- ઓમાનને આધુનિક બનાવવામાં સુલતાન કાબુસ બિન સઇદ અલ સઇદનું મહત્વપૂર્ણ યોગદાન હતું.
- તેઓ વર્ષ ૧૯૭૦થી આ પદ પર હતા.
- તેમના નિધન પર ભારતમાં એક દિવસનો રાષ્ટ્રીય શોક રાખવામા આવ્યો હતો.
- ઓમાનની રાજધાની મસ્કત છે
- તેનું ચલણ રિયાલ છે.

**પ્રશ્નો –**

1. ભારત તરફથી અવકાશ પર જનાર પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્માનો જન્મ ક્યાં થયો હતો ?
   - પંજાબના પટિયાલા ખાતે
2. વિશ્વ ભવિષ્ય ઉર્જા શિખર સંમેલનનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?
   - સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુ ધાબી ખાતે
3. તાજેતરમાં લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસના નેવલ વર્ઝનએ ભારતીય નૌસેનાના ક્યાં એરક્રાફ્ટ કેરિયર પર સફળ અરેસ્ટેડ લેંડિંગ કર્યું?-આઇએનએસ વિક્રમાદિત્ય

4. લાઇટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસનું નિર્માણકોના દ્વારા કરવામાં આવ્યું છે?
   - ડિઝાઇન એરોનોટિકલ ડેવલોપમેન્ટ એજન્સી અને હિન્દુસ્તાન એરોનોટિકલ્સ લિમિટેડ દ્વારા
5. આઇએનએસ વિક્રમાદિત્યને ભારતીય નૌસેનામાં ક્યાં વર્ષમાં સામેલ કરવામાં આવ્યું હતું?- વર્ષ ૨૦૧૩માં
6. તાજેતરમાં કોણ ઓમાનના નવા સુલતાન બન્યા?
   - હૈથમ બિન તારીક અલ સઇદ
7. ઓમાનની રાજધાનીજણાવો? - મસ્કત

**૧૪– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) મકરસંક્રાંતિ

- ગ્રેગોરીયનકેલેન્ડરમુજબદરવર્ષે૧૪ જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ મનાવવામાં આવે છે.
- આ દીવસે સુર્ય દક્ષિણ ગોળાર્ધથી ગતિ કરીને મકર રાશિમાં પ્રવેશે છે તેથી મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે મકરસંક્રાંતિ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે ૩૧માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું છે.
- અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલ પતંગોત્સવમાં વિશ્વના ૪૩ દેશોના ૧૫૩ પતંગબાજ સહિત ભારતના ૧૨ રાજ્યોના ૧૧૫ જેટલા પતંગબાજ ભાગ લઈ રહ્યા.

## (૨) BCCI એવોર્ડ ૨૦૧૮–૧૯

- તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલ એક કાર્યક્રમમા બીસીસીઆઇ વાર્ષિક એવોર્ડ ૨૦૧૮–૧૯ એનાયત કરવામાં આવ્યા.
- બીસીસીઆઇ દ્વારા દેશના વિવિધ ક્રિકેટરોને વર્ષ ૨૦૧૮–૧૯ માટે એવોર્ડ એનાયત કરવામાં આવ્યા.
- આ અંતર્ગત ભારતીય બોલર જસપ્રીત બૂમરાહને વર્ષ ૨૦૧૮–૧૯નો પોલી ઉમરીગર એવોર્ડ એનાયત થયો.
- આ એવોર્ડ બીસીસીઆઇ દ્વારા શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને એનાયત કરવામાં આવે છે.
- બીસીસીઆઇ દ્વારાવર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરનેઆપવામાં આવતો આ એવોર્ડ સૌથી વધુ વખત જીતનાર ક્રિકેટર વિરાટ કોહલી છે તેને આ એવોર્ડ ૫ વખત મળ્યો છે.
- આ ઉપરાંત બૂમરાહને વર્ષ ૨૦૧૮–૧૯નો દિલિપ સરદેસાઈ એવોર્ડ પણ એનાયત થયો છે.
- આ એવોર્ડ તેને ટેસ્ટ ક્રિકેટમા સૌથી વધુ વિકેટ લેવા બદલ એનાયત થયો છે.
- જસપ્રીત બૂમરાહનો જન્મ ગુજરાતના અમદાવાદ ખાતે થયો છે.
- વર્ષ ૨૦૧૮–૧૯નો સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટર એવોર્ડ પુનમ યાદવને એનાયત થયો છે.
- પુનમ યાદવનો જન્મ ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે થયો છે.
- બીસીસીઆઇ દ્વારા ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવા બદલ ભારતીય ક્રિકેટર ચેતેશ્વર પૂજારાને વર્ષ ૨૦૧૮–૧૯નો દિલિપ સરદેસાઈ એવોર્ડ એનાયત થયો.
- ચેતેશ્વર પૂજારાનો જન્મ ગુજરાતનાં રાજકોટ ખાતે થયો છે.
- આ ઉપરાંત બીસીસીઆઇ દ્વારા લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ તરીકે ઓળખાતા કર્નલ સી.કે. નાયડુ લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ કે.શ્રીકાંતને એનાયત થયો.
- જ્યારે મહિલા ક્રિકેટર અંજુમ ચોપરાને મહિલાઓ માટેનો લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ એનાયત થયો.

| બીસીસીઆઇ વાર્ષિક એવોર્ડ ૨૦૧૮–૧૯ | |
|---|---|
| એવોર્ડ | વિજેતા |
| કર્નલ સી.કે. નાયડુ લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ | કે.શ્રીકાંત |
| લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડ (મહિલા) | અંજુમ ચોપરા |
| બીસીસીઆઇવિશેષ એવોર્ડ | દિલિપ દોષી |
| પોલી ઉમરીગર એવોર્ડ | જસપ્રીત બૂમરાહ |
| દિલિપ સરદેસાઈ એવોર્ડ (સૌથી વધુ વિકેટ) | જસપ્રીત બૂમરાહ |
| દિલિપ સરદેસાઈ એવોર્ડ (સૌથી વધુ રન) | ચેતેશ્વર પૂજારા |
| સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટર એવોર્ડ | પુનમ યાદવ |
| બેસ્ટ ઇન્ટરનેશનલ ડેબ્યું – મેન | મયંક અગ્રવાલ |
| બેસ્ટ ઇન્ટરનેશનલ ડેબ્યું – વુમેન | સેફાલી વર્મા |

**બીસીસીઆઇ**

- ★ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ
- ★ સ્થાપના – વર્ષ ૧૯૨૮
- ★ મુખ્યાલય – મુંબઈ (વાનખેડે સ્ટેડિયમ)
- ★ પ્રમુખ – સૌરવ ગાંગુલી

## (૩) ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જી ટ્રસ્ટ

- તાજેતરમાં પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે આવેલ કોલકત્તા પોર્ટ ટ્રસ્ટની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

VIVEKANAND ACADEMY

- ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આ સમારોહમા ભાગ લીધો હતો.
- આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીએ પોર્ટ એનથમ (બંદર ગીત) લોન્ચ કર્યું હતું.
- આ સમારોહમા પ્રધાનમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ કોલકત્તા પોર્ટ ટ્રસ્ટહવે ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જી ટ્રસ્ટ તરીકે ઓળખાશે.
- પ્રધાનમંત્રીશ્રીએ કોલકત્તા પોર્ટ ટ્રસ્ટના કર્મચારીઓના પેન્સન માટે ૫૦૧ કરોડનો ચેક આપ્યો હતો.
- આ ઉપરાંતપ્રધાનમંત્રીશ્રીએ પશ્ચિમબંગાળના સુંદરવનની વિદ્યાર્થીનીઓ માટે પ્રતિલતા છાત્રાલયઅને સ્કીમ ડેવલોપમેન્ટ સેન્ટરનું ઉદ્દ્ઘાટન કર્યું.

**ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જી**

- ★ ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીદેશના પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી, રાજનેતા અને ચિંતક હતા.
- ★ તેમનો જન્મ ૬ જુલાઇ ૧૯૦૧ના રોજ પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે થયો હતો.
- ★ તેમણે વર્ષ ૧૯૫૧મા ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. જેમાથી બાદમાં ભારતીય જનતા પાર્ટીની રચના થઈ.
- ★ તેઓ વર્ષ ૧૯૪૭થી ૧૯૫૦ દરમ્યાનની જવાહરલાલ નેહરૂ સરકારમાં વ્યાપાર અને ઉદ્યોગમંત્રી રહ્યા હતા.

**પ્રશ્નો –**

1. ક્યાં દીવસે સુર્ય દક્ષિણ ગોળાર્ધથી ગતિ કરીને મકર રાશિમાં પ્રવેશે છે તેથી મકરસંક્રાંતિની ઉજવણી કરવામાં આવે છે?
   - ગ્રેગોરીયનકેલેન્ડરમુજબદરવર્ષે૧૪જાન્યુઆરીના રોજ
2. બીસીસીઆઇના ૨૦૧૮–૧૯ માટેના વાર્ષિક એવોર્ડ માટેનો કાર્યક્રમનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?
   - મુંબઈ ખાતે
3. વર્ષ ૨૦૧૮–૧૯નો પોલી ઉમરીગર એવોર્ડ કોણે એનાયત થયો?
   - ભારતીય બોલર જસપ્રીત બૂમરાહને
4. બીસીસીઆઇ દ્વારા વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને આપવામાં આવતો પોલી ઉમરીગર એવોર્ડ સૌથી વધુ વખત જીતનાર ક્રિકેટર કોણ છે?
   - વિરાટ કોહલી
5. બીસીસીઆઇ દ્વારા વર્ષે ૨૦૧૮–૧૯માં ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવા બદલ ભારતીય ક્રિકેટર ચેતેશ્વર પૂજારાને ક્યો એવોર્ડ એનાયત થયો?
   - દિલિપ સરદેસાઈ એવોર્ડ
6. પ્રધાનમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ કોલકત્તા પોર્ટ ટ્રસ્ટ હવે ક્યાં નામે ઓળખાશે?
   - ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જી ટ્રસ્ટ તરીકે
7. ભારતીય જનસંઘની સ્થાપના કોણે કરી હતી?
   - ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીએ

## ૧૫– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) રાષ્ટ્રીય થલ સેના દિવસ

- દર વર્ષે ૧૫ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય થલ સેના દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણી દેશની રક્ષા માટે સેવા આપતા બહાદુર સૈનિકોના યોગદાનના પ્રત્યે સન્માન વ્યક્ત કરવા માટે થાય છે.
- ૧૫ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ ફિલ્ડ માર્શલ કે.એમ. કરિયપ્પાએભારતના અંતિમ બ્રિટિશ કમાન્ડર ઇન ચીફ જનરલ સર ફ્રાંસિસ બૂચરપાસેથી ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર ઇન ચીફનો કાર્યભારસાંભળ્યો તેની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- થલ સેના દિવસદર વર્ષે આ ઐતિહાસિક ઘટનાની યાદમાં ઉજવાય છે.
- કે.એમ. કરિયપ્પાનો જન્મ વર્ષ ૧૮૯૯માં કર્ણાટકમાં થયો હતો.

### (૨) SCOની ૮ અજાયબીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને સ્થાન

- તાજેતરમાં શાંઘાઇ કૉ–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશ્વની ૮ અજાયબીઓમાં ભારતના સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો.
- વિશ્વની ૭ અજાયબીઓમાં ભારતના તાજમહેલનો સમાવેશ થાય છે.
- શાંઘાઇ કૉ–ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની ૮ અજાયબીઓમાં ભારતના સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પણ સમાવેશ થાય છે.
- શાંઘાઈ કોપરેશન ઓર્ગેનાઈઝેશનની સ્થાપના વર્ષ ૧૯૯૬માં થઈ હતી.
- ચીનના શાંઘાઈ ખાતે યોજાયેલ એક બેઠકમાં ચીન રશિયા તાજિકિસ્તાન કઝાખસ્તાન અને કિર્ગીસ્તાન દ્વારા કરવામાં આવી હતી.
- આ સંગઠન તે સમયે શાંઘાઈ ફાઈવ તરીકે ઓળખાતું હતું.

- બાદમાં ૧૫જૂન ૨૦૦૧ નારોજ આસંગઠનના પાંચસભ્ય દેશોઉપરાંતઉઝબેકિસ્તાનદ્વારાશાંઘાઈકોઓપરેશનઓર્ગેનાઈઝેશનનીરચનાકરવામાંઆવી.
- આ રચના માટે શાંઘાઇ કો ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર પર જૂન ૨૦૦૨માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ ચાર્ટર ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૩થી લાગુ થયું હતું.
- આમ કુલ છ દેશો દ્વારા શાંઘાઇ કો ઓપરેશન ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે ભારત ઓબ્ઝર્વર કન્ટ્રી તરીકે જોડાયું હતું.
- ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં કઝાખસ્તાનના અસ્તાના ખાતે યોજાયેલ ૧૭મી શાંઘાઇ કો ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટમાં ભારત આ સંગઠનનું સાતમું સભ્ય બન્યું હતું.
- આ સમિટમાં પાકિસ્તાન સંગઠનનું આઠમું સભ્ય બન્યું હતું.
- આ સંગઠન નું વડુ મથક ચીનના બેઈજિંગ ખાતે આવેલ છે.

**– સ્ટેચ્યુ ઓફ યુનિટી–**

- વર્ષ ૨૦૧૮માં સરદાર વલ્લભભાઈ પટેલના સન્માનમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રમોદીના હસ્તે કરવામાં આવ્યું હતું.
- તેનો શિલાન્યાસ સરદાર પટેલની ૧૩૮મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.
- નર્મદાડેમનજીકસાધુબેટખાતે બનેલી આ પ્રતિમા ૧૮૨ મીટરઊંચી છે.
- આ સ્ટેચ્યૂલાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા બનાવાયું છે.નોઈડા બેઝડ મૂર્તિકાર રામ.વી.સુતારે આ સ્ટેચ્યુ ડિઝાઈન કર્યું છે.
- લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ નડિયાદ ખાતે થયો હતો.
- તેમના માતાનું નામ લાડબા હતું, તેમના પિતાનું નામ ઝવેરભાઈ હતું.
- તેમને સરદારનું બિરૂદ બારડોલી સત્યાગ્રહ દરમ્યાન બારડોલીની મહિલાઓ દ્વારા આપવામાં આવ્યું હતું.
- તેઓ ભારતના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન તરીકે સેવા આપી ચૂક્યા છે.
- તેમનું નિધન ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ થયું હતું.
- વર્ષ ૧૯૯૧માં તેમને મરણોત્તર ભારત રત્ન સન્માન આપવામાં આવ્યું હતું.

| SCOની ૮ અજાયબીઓ | | |
|---|---|---|
| ક્રમ | સ્થળ | દેશ |
| ૧ | સ્ટેચ્યું ઓફ યુનિટી | ભારત |
| ૨ | લાહોર મુગલ વિરાસત | પાકિસ્તાન |
| ૩ | ધ ગોલ્ડન રિંગ | રશિયા |
| ૪ | દાભિંગ પેલેસ | ચીન |
| ૫ | નવરોઝ પેલેસ | તાજિકિસ્તાન |
| ૬ | ઈઝીક–કુલ– લેક | કિર્ગીસ્તાન |
| ૭ | પોઇ કલોન કોમ્પ્લેક્ષ | ઉઝબેકિસ્તાન |
| ૮ | તમગલી ગોર્જ | કઝાખસ્તાન |

**(૩) જામનગર ખાતે આવેલ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો**

- તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેન્દ્રિય કેબિનેટ બેઠકમાં ગુજરાતના જામનગર ખાતે આવેલ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કેમ્પસની તમામ આયુર્વેદ સંસ્થાઓનું એકત્રીકરણ કરી રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો આપવાની મજૂરી આપી.
- આ નિર્ણય અંતર્ગત ઈન્સ્ટિટ્યૂટ ફોર પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ, ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય અને ફાર્મસી એકમ સહિત ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ ફાર્માસ્યુટીકલ સાયન્સિસનું એકત્રીકરણ કરવામાં આવશે.
- આ ઉપરાંત મહર્ષિ પતંજલિ ઈન્સ્ટિટ્યૂટ ફોર યોગા એન્ડ નેચરોપથી એજ્યુકેશન એન્ડ રિસર્ચનું ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદના સ્વાસ્થ્યવૃત વિભાગમાં એકત્રીકરણ કરવામાં આવ્યુ.

**પ્રશ્નો –**

1. રાષ્ટ્રીય થલ સેના દિવસ ક્યારે મનાવવામાં આવે છે?
   - દર વર્ષે ૧૫ જાન્યુઆરીનારોજ
2. ભારતીય સેનાના પ્રથમ કમાન્ડર ઈન ચીફ કોણ હતા ?
   - ફિલ્ડ માર્શલ કે.એમ. કરિયપ્પા
3. તાજેતરમાં ક્યાં સંગઠન દ્વારા વિશ્વની ૮ અજાયબીઓમાં ભારતના સ્ટેચ્યુ ઓફ યુનિટીનો સમાવેશ કરવામાં આવ્યો?
   - શાંઘાઇ કૉ–ઓપરેશન ઓર્ગેનાઈઝેશન દ્વારા
4. ભારત શાંઘાઇ કૉ–ઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું કેટલામુ સભ્ય બન્યું હતું ? - સાતમું
5. શાંઘાઇ કૉ–ઓપરેશન ઓર્ગેનાઈઝેશનનું વડુમથક ક્યાં આવેલ છે? - ચીનના બેઈજિંગ ખાતે
6. તાજેતરમાં કેન્દ્રિય કેબિનેટ બેઠક ગુજરાતના ક્યાં યુનિવર્સિટી કેમ્પસને રાષ્ટ્રીય મહત્વ સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો?
   - જામનગર ખાતે આવેલ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને

**૧૬– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) આઈસીસી ક્રિકેટ એવોર્ડ ૨૦૧૯

- તાજેતરમાં આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૯ના એવોર્ડ વિજેતા ક્રિકેટરોની જાહેરાત કરવામાં આવી.
- આ એવોર્ડ ૧ જાન્યુઆરી ૨૦૧૯થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન ખેલાડીઓના પ્રદર્શનને ધ્યાને લઈ જાહેર કરવામાં આવે છે.
- આઈસીસી દ્વારાઈંગ્લેન્ડના ક્રિકેટર બેન સ્ટોક્સને ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૯નો ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ ઓસ્ટ્રેલીયાના પેટ કમિન્સને એનાયત કરવામાં આવ્યો છે.
- જ્યારે આઈસીસી વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડઅને વિમેન્સ વનડે ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ ઓસ્ટ્રેલિયાના મહિલા ક્રિકેટર એલિસ પેરીને એનાયત કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત ભારતીય ક્રિકેટર રોહિત શર્માને વર્ષ ૨૦૧૯માટે આઈસીસી વનડે પ્લેયર ઓફ ધ યર એવોર્ડ એનાયત થયો છે.
- જ્યારે ભારતીય ક્રિકેટર દિપક ચહરને વર્ષ ૨૦૧૯માટે આઈસીસી ટ્વેન્ટી–20 ઈન્ટરનેશનલ પરફોમન્સ ઓફ ધ યર એવોર્ડ એનાયત થયો છે.
- આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૯માટે ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીને સ્પિરિટ ઓફ ક્રિકેટ એનાયત કરવામાં આવ્યો.
- બોલ ટેમ્પરિંગ મુદ્દે પ્રતિબંધનો ભોગ બનનાર સ્ટીવ સ્મિથ જ્યારે પરત ફર્યા હતા ત્યારે તેનો વિરોદ્ધ કરનાર પ્રેક્ષકોને શાંત રહેવાની અપીલ કરવા બદલ વિરાટ કોહલીને આ એવોર્ડ એનાયત થયો છે.

| આઈસીસી એવોર્ડ ૨૦૧૯ | | |
|---|---|---|
| એવોર્ડ | વિજેતા | દેશ |
| ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ | બેન સ્ટોક્સ | ઈંગ્લેન્ડ |
| ટેસ્ટ પ્લેયર ઓફ ધ યર એવોર્ડ | પેટ કમિન્સ | ઓસ્ટ્રેલીયા |
| વનડે પ્લેયર ઓફ ધ યરએવોર્ડ | રોહિત શર્મા | ભારત |
| ટ્વેન્ટી–20 ઈન્ટરનેશનલ પરફોમન્સ ઓફ ધ યર એવોર્ડ | દિપક ચહર | ભારત |
| વિમેન્સ ક્રિકેટર ઓફ ધ યર | એલિસ પેરી | ઓસ્ટ્રેલિયા |
| વિમેન્સ વનડે ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ | એલિસ પેરી | ઓસ્ટ્રેલિયા |
| વિમેન્સટ્વેન્ટી–20ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ | ચનીદા સુથીરૂંગ | થાઈલેન્ડ |
| અમ્પાયર ઓફ ધ યર | રિચાર્ડ ઈલિંગવર્થ | ઈંગ્લેન્ડ |
| સ્પિરિટ ઓફ ક્રિકેટ | વિરાટ કોહલી | ભારત |

- આ સિવાય આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૯ની ટેસ્ટ, વનડે, વિમેન્સ વનડે અને વિમેન્સ ટી–20 ટીમોની જાહેરાત કરવામાં આવી હતી.
- જેમાં સ્થાન પામનાર ભારતીય ક્રિકેટરોની યાદી નીચે મુજબ છે.

**– આઈસીસી ટેસ્ટ ટીમ ઓફ ધ યર ૨૦૧૯–**
- વિરાટ કોહલી (કેપ્ટન)
- મયંક અગ્રવાલ

**– આઈસીસી વનડે ટીમ ઓફ ધ યર ૨૦૧૯ –**
- વિરાટ કોહલી (કેપ્ટન)
- રોહિત શર્મા
- મોહમ્મદ શામી
- કુલદીપ યાદવ

**– આઈસીસી વિમેન્સ વનડે ટીમ ઓફ ધ યર ૨૦૧૯ –**
- સ્મૃતિ માંધાના
- શિખા પાંડે
- ઝૂલન ગોસ્વામી
- પુનમ યાદવ

**– આઈસીસી વિમેન્સ ટી–20 ટીમ ઓફ ધ યર ૨૦૧૯ –**
- સ્મૃતિ માંધાના
- દિપ્તી શર્મા
- રાધા યાદવ

- ભારતીયટીમ કેપ્ટન વિરાટ કોહલીની સતત ત્રીજા વર્ષે આઈસીસી ટેસ્ટ ટીમ અને વનડે ટીમના કેપ્ટન તરીકે પસંદગી થઈ છે.

**ICC – International Cricket Council**

- ★ આઈસીસીની સ્થાપના વર્ષ ૧૯૦૯માં થઈ હતી. તેની સ્થાપના ઓસ્ટ્રેલીયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રીકાના પ્રતિનિધિઓ દ્વારા ઇમ્પીરિયલ ક્રિકેટ કોન્ફરન્સ તરીકે કરવામાં આવી હતી.
- ★ બાદમાં વર્ષ ૧૯૬૫માં તેનું નામ ઈન્ટરનેશનલ ક્રિકેટ કોન્ફરન્સ અને વર્ષ ૧૯૮૯માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ) કરવામાં આવ્યું
- ★ આઈસીસી વૈશ્વિક ક્રિકેટનું સંચાલન કરે છે.હાલ ૧૦૫ દેશો આઈસીસીના સભ્યો છે.
- ★ આઈસીસીના મુખ્ય કાર્યકારી અધિકારી મનુ સાહની છે.
- ★ આઈસીસીના ચેરમેન શશાંક મનોહર છે.
- ★ તેનું મુખ્યમથક – દુબઈ

VIVEKANAND ACADEMY

**(૧) વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી રાજ્યની સાતમી આર્થિક ગણતરીનો પ્રારંભ**

- તાજેતરમાં ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર ખાતેથી રાજ્યની સાતમી આર્થિક ગણતરીનો પ્રારંભ કરાવ્યો.
- દેશમાં કેન્દ્ર સરકારના સ્ટેટેસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઇમ્પ્લીમેન્ટેશન મંત્રાલય દ્વારા સાતમી આર્થિક ગણતરીની કામગિરી હાથ ધરવામાં આવી છે.
- આ આર્થિક ગણતરીના ફિલ્ડ વર્ક અને પ્રથમ કક્ષાના ૧૦૦ ટકા સુપરવિઝનની કામગીરી ભારત સરકાર દ્વારા કેન્દ્રિય આંકડા સંગઠનને આપવામાં આવી છે.
- આ આર્થિક ગણતરી વખતે દેશમાં પ્રથમ વખતમોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- કેન્દ્રિય આંકડા સંગઠનદ્વારા વર્ષ ૧૯૭૭માં પ્રથમ આર્થિક ગણતરી હાથ ધરવામાં આવી હતી.
- વર્ષ ૧૯૭૭ બાદ ૧૯૮૦, ૧૯૯૦, ૧૯૯૮, ૨૦૦૫, ૨૦૧૩માં આર્થિક ગણતરી કરવામાં આવી છે.

**(૨) આઈપીએસ અધિકારી એ.પી. મહેશ્વરી કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળના મહાનિદેશક**

- તાજેતરમાં વરિષ્ઠ આઈપીએસ અધિકારી એ.પી. મહેશ્વરીને કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળના મહાનિદેશક નિયુક્ત કરવામાં આવ્યા.
- તેમની નિમણૂક રાજીવ રાય ભટનાગરના સ્થાને થયા છે.
- તેઓ કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળના મહાનિદેશકતરીકે ડિસેમ્બર ૨૦૧૯માં સેવા નિવૃત થયા હતા.
- રાજીવ રાય ભટનાગર બાદઆઈટીબીપીનાડાયરેક્ટરજનરલએસ.એસ. દેસવાલને સીઆરપીએફના મહાનિદેશકતરીકેનો વધારાનોચાર્જ સોંપાયોહતો.
- એ.પી. મહેશ્વરી ૧૯૮૪ બેચના ઉત્તરપ્રદેશ કેડરના આઈપીએસ અધિકારી છે.
- તેઓ અગાઉ કેન્દ્રિય ગૃહમંત્રાલયમાં વિશેષ સચિવ તરીકે ફરજ બજાવતા હતા.
- CRPFની સ્થાપના વર્ષ ૧૯૩૯માં ક્રાઉન પ્રતિનિધિ પોલીસ તરીકે થઈ હતી.
- CRPF ૨૪૬ બટાલિયન ધરાવતું દેશનું સૌથી મોટું પોલીસ દળ છે.
- તે ગૃહ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.આઝાદી બાદ આ દળને સીઆરપીએફ અધિનિયમ ૧૯૪૯ અંતર્ગત કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળ કરવામાં આવ્યું.
- CRPFનું આદર્શ વાક્ય સેવા અને નિષ્ઠા છે.
- CRPF–Central Reserve Police Force

**પ્રશ્નો –**

1. વર્ષ ૨૦૧૯નો આઇસીસી સ્ટોક્સને ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ કોને મળ્યો ?-ઇંગ્લેન્ડના ક્રિકેટર બેન સ્ટોક્સને
2. વર્ષ ૨૦૧૯ માટે આઇસીસી વનડે પ્લેયર ઓફ ધ યર એવોર્ડ કોને એનાયત થયો છે ?
   - ભારતીય ક્રિકેટર રોહિત શર્માને
3. આઈસીસી દ્વારા વર્ષ ૨૦૧૯ માટે ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીને ક્યો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ?
   - સ્પિરિટ ઓફ ક્રિકેટ
4. તાજેતરમાં કોને કેન્દ્રિય રિઝર્વ પોલીસ દળના મહાનિદેશક નિયુક્ત કરવામાં આવ્યા ?
   - એ.પી. મહેશ્વરીને

**૧૭– જાન્યુઆરી–૨૦૨૦**

**(૨) રાજનાથ સિંહે ૫૧માં K-9 વજ ટેન્કનું લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ.**

- તાજેતરમાં દેશના સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે ગુજરાતનાં સુરતના હજીરા ખાતે આવેલ એલ&ટીના આર્મ્ડ કોમ્પ્લેક્સ ખાતે નિર્માણ થયેલ૫૧માં K-9 વજ ટેન્કનું લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યુ.
- આ પ્રસંગે સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથ સિંહે કરેલ જાહેરાત મુજબ દેશમાં વર્ષ ૨૦૨૫ સુધીમાં સંરક્ષણ ક્ષેત્રે ૭૦ હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે.
- કેન્દ્રિય સંરક્ષણ મંત્રાલય દ્વારા એલ&ટી કંપનીને ૧૦૦ K-9 વજ ટેન્કના નિર્માણ માટે ૪૫૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.
- આ કોન્ટ્રાક્ટ મેક ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત ભારતની કોઈ ખાનગી કંપનીને આપવામાં આવેલ સૌથી મોટો ડિફેન્સ કોન્ટ્રાક્ટ છે.

**– K-9 વજ હોવિત્ઝર ટેન્ક–**

- K-9 વજટેન્ક સ્વદેશી બનાવટની ઓટોમેટીક હોવીત્ઝર ટેન્ક છે.
- મેક ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત તૈયાર થયેલ ભારતની પ્રથમટેન્ક છે.
- આ ટેન્ક ૬૫થી ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકે છે.
- આ ટેન્ક ૪૭ કિલોગ્રામના ગોળાની મદદથી આશરે ૪૦ કિલોમીટર સુધીના લક્ષ્યને સચોટતાથી નષ્ટ કરી શકે છે.

**– મેક ઇન ઈન્ડિયા પ્રોજેક્ટ –**

VIVEKANAND ACADEMY

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત કરવાના અને યુવાઓને રોજગાર પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી ૨૫ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ આ પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો.
- આપ્રોજેક્ટ દેશી અને વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાંજ ચીજવસ્તુઓના ઉત્પાદન પર ભારમૂકવા માટે બનાવવામાં આવ્યો છે.

**(૩) માઈકલ પાત્રા –આરબીઆઇના ચોથા ડેપ્યુટીગવર્નર**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય રિઝર્વ બેન્કના કાર્યકારી નિર્દેશક માઈકલ પાત્રાને આરબીઆઇના ચોથા ડેપ્યુટી ગવર્નર નિયુકત કરવામાં આવ્યા.
- તેઓ ત્રણ વર્ષ સુધી આ પદ પર રહેશે.
- આરબીઆઇના અન્ય વર્તમાનડેપ્યુટી ગવર્નર –
    - એન.એસ. વિશ્વનાથન
    - બી.પી.કાનુનગો
    - એમ.કે.જૈન

**– રિઝર્વબેંકઓફઈન્ડિયા –**

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઈ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.આરબીઆઇનું મુખ્યમથક મુંબઈ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બોન સ્મિથ હતા.
- આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ
- આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે હાલમાં શકિતકાંતદાસ પદ પર છે.

**(૩) ભારતીયહવામાનવિભાગનો૧૪૫મોસ્થાપનાદિવસ**

- ૧૫ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ભારતીય હવામાન વિભાગનો ૧૪૫ મો સ્થાપનાદિવસ ઉજવવામાં આવ્યો.
- ભારતીય હવામાન વિભાગનીસ્થાપના વર્ષ ૧૮૭૫માં થઈ હતી.
- પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા ભારતીય હવામાન વિભાગ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતીય હવામાન વિભાગ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હેઠળ કાર્યરત છે.
- તેનું મુખ્યમથક નવી દિલ્હીમાં આવેલું છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાં કોણે ગાંધીનગર ખાતેથી રાજ્યની સાતમી આર્થિક ગણતરીનો પ્રારંભ કરાવ્યો?
   - ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ
2. કેન્દ્રિય આંકડા સંગઠનદ્વારા ક્યાં વર્ષમાં પ્રથમ આર્થિક ગણતરી હાથ ધરવામાં આવી હતી? - વર્ષ ૧૯૭૭માં
3. કેન્દ્રિય સંરક્ષણ મંત્રાલય દ્વારા કઈ કંપનીને ૧૦૦K-9 વજ્ર ટેન્કના નિર્માણ માટે ૪૫૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે? - એલ&ટી કંપનીને
4. ભારતની ખાનગી કંપની દ્વારા દેશમાં જ તૈયાર કરવામાં આવેલ પ્રથમ સ્વદેશી ટેન્કનું નામ જણાવો ?K-9 વજ્ર
5. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા કોની નિમણૂક આરબીઆઇના ચોથા ડેપ્યુટી ગવર્નર નિયુકત કરવામાં આવી? - માઈકલ પાત્રાને
6. ભારતીય હવામાન વિભાગનીસ્થાપના ક્યાં વર્ષમાં થઈ હતી? - વર્ષ ૧૮૭૫માં
7. ભારતીય હવામાન વિભાગકેન્દ્ર સરકારના ક્યાં મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે? - પૃથ્વી વિજ્ઞાનમંત્રાલયહેઠળ

**૧૮– જાન્યુઆરી–૨૦૨૦**

**(૧) NDRFના સ્થાપના દિવસ**

- ભારતભરમાં દર વર્ષે ૧૮ જાન્યુઆરીના રોજNDRFના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ વર્ષે NDRFનો ૧૫મો સ્થાપના દિન છે.
- NDRFના સ્થાપના દિવસનિમિત્તે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ NDRFના જવાનોને સન્માનીત કરવામાં આવે છે.
- NDRFની સ્થાપના આપદા પ્રબંધન અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત વર્ષ ૨૦૦૬માં કરવામાં આવી હતી.
- NDRF – National Disaster Response Force

**(૨) ગાંધીનગર જિલ્લાના નાસ્મેદ ખાતે ભારતીય કૌશલ્ય સંસ્થાનો શિલાન્યાસ**

- કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં મુંબઈ, અમદાવાદ અને કાનપુર ખાતે ભારતીય કૌશલ્ય સંસ્થાની સ્થાપનાની યોજના બનાવવામાં આવી હતી.
- તાજેતરમાં આ અંતર્ગતકેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિત શાહે ગુજરાતનાં ગાંધીનગર જિલ્લાના કાલોલ તાલુકાના નાસ્મેદ ખાતે ભારતીય કૌશલ્ય સંસ્થાનો શિલાન્યાસ કરવ્યો.
- આ સંસ્થાનું નિર્માણ કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર અને ટાટા સન્સ દ્વારા સંયુકત રીતે કરવામાં આવશે.

VIVEKANAND ACADEMY

- આ સંસ્થામાં દર વર્ષે ૫૦૦૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે જેમથી ૭૦ ટકા વિદ્યાર્થીઓને સંસ્થામાં યોજાતા પ્લેસમેન્ટમાં જ નોકરી મળશે.
- ભારતીય કૌશલ્ય સંસ્થાનની પરિકલ્પના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પોતાના સિંગાપુર પ્રવાસ દરમ્યાન સિંગાપુરના વ્યાવસાયિક શિક્ષા અને પ્રશિક્ષણ કેન્દ્ર મુલાકાત લીધી હતી તેનાથી પ્રભાવિત થઈ ભારતીય કૌશલ્ય સંસ્થાનની સ્થાપના અંગેની પરિકલ્પના કરી હતી.
- કેન્દ્ર સરકારના સ્કિલ ડેવલોપમેન્ટ ઓફ એન્ટરપ્રિન્યોરશીપ મંત્રાલય હેઠળ કાર્ય કરતાં નેશનલ સ્કિલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા દેશના મુંબઈ અમદાવાદ અને કાનપુર ખાતે કૌશલ્ય સંસ્થાનની સ્થાપનાની મંજૂરી આપવામાં આવી છે.
- જેનું નિર્માણ અને સંચાલન પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મૉડેલ અંતર્ગત કરવામાં આવશે.
- ભારતીય કૌશલ્ય સંસ્થાનનો ઉદ્દેશ્ય ધોરણ ૧૦ અને ૧૨ બાદવિદ્યાથીઓને ટેકનિકલ શિક્ષણપ્રદાન કરવાનો છે.
- ભારતીય કૌશલ્ય સંસ્થાનનું લક્ષ્યાંક દર વર્ષે ૭૦% પ્લેસમેંટ સાથે ૫૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.

**(૩) <u>સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-30સફળતાપૂર્વક લોન્ચ</u>**

- તાજેતરમાં ફ્રેન્ચ ગુયાનાના કોઉરુ ખાતે આવેલ લોન્ચ બેઝ પરથી ભારતનો હાલ સુધીનો સૌથી શક્તિશાળીસંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-30સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો.
- આ ઉપગ્રહને એરિયન–5 VA-251નામની રોકેટની મદદથી લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ ઉપગ્રહ ઇસરો દ્વારા વર્ષ ૨૦૨૦માં લોન્ચ કરવામાં આવેલ પ્રથમ ઉપગ્રહ છે.
- આ ઉપગ્રહને ઈસરો દ્વારા એરિયન સ્પેસ નામની કંપનીની મદદથી લોન્ચ કરવામાં આવ્યો છે.
- એરિયન સ્પેસની સ્થાપના વર્ષ ૧૯૮૦માં થઈ હતી.
- વર્ષ ૧૯૮૧માં પ્રથમ વખત એરિયનસ્પેસ દ્વારા ભારતીય પ્રાયોગીક સેટેલાઇટ એપલને લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ કંપની વિશ્વની પ્રથમ વાણીજિયક લોન્ચ સર્વિસ પ્રોવાઇડર કંપની છે.
- આ ઉપગ્રહનું વજન ૩૩૫૭ કિલોગ્રામ છે જે ૧૫ વર્ષ સુધી પોતાની સેવા આપશે.
- આ ઉપગ્રહ ભારતના નિવૃત થઈ રહેલા INSAT-4A ઉપગ્રહનું સ્થાન લેશે.
- INSAT-4A ઉપગ્રહને ભારત દ્વારા વર્ષ ૨૦૦૫માં લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ ઉપગ્રહની મદદથી ભારતની સંચાર વ્યવસ્થા મજબૂત બનશે.
- ઉપગ્રહની મદદથી ઇન્ટરનેટની સ્પીડ અને નેટવર્કમાં વધારો થશે.
- આ ઉપગ્રહની મદદથી Knબેન્ડ અને C બેન્ડ દ્વારા કોમ્યુનિકેશન સર્વિસ ઉપલબ્ધ થશે.
- જેમાં Knબેન્ડની મદદથી ભારત અને તેના ટાપુઓ પર તથા C બેન્ડની મદદથી દ્વીપ દેશો, એશિયાના અન્ય બીજા દેશો અને ઓસ્ટ્રેલિયામાં સંદેશાવ્યવહારની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ ભારતનો ૨૪મો એવો ઉપગ્રહ છે જેને એરિયનસ્પેસની મદદથી લોન્ચ કરવામાં આવ્યો હોય.

**(૪) <u>ભારતના વરિષ્ઠવકીલ હરીશસાલ્વે મહારાણી એલિઝાબેથદ્વિતીયસલાહકાર</u>**

- તાજેતરમાં ભારતના વરિષ્ઠ વકીલ અને ભૂતપૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વેને ઇંગ્લેન્ડ અને વેલ્સના મહારાણી એલિઝાબેથ દ્વિતીયએ પોતાના સલાહકાર (કાઉંસલ) તરીકે નિયુક્ત કર્યા.
- તેઓ ઓપચારિક રીતે પોતાનું આ પદ માર્ચ ૨૦૨૦માં સંભાળશે.
- હરીશ સાલ્વે અગાઉ ભારતના જાણીતા વકીલ દીપેન સભરવાલ મહારાણીના સલાહકાર (કાઉંસલ)તરીકેકાર્ય કરી ચૂક્યા છે.
- હરીશસાલ્વેનોજન્મવર્ષ ૧૯૫૬માં મહારાષ્ટ્રના નાગપુર શહેરમાં થયો હતો.
- હરીશ સાલ્વે ફક્ત ભારતમાં જ નહીં, વિશ્વના સૌથી ખર્ચાળ વકીલોમાંના એક છે. તેમની ગણતરી દેશના સૌથી સફળ વકીલોમાં થાય છે.
- તેણે ગત વર્ષે કુલભૂષણ જાધવ કેસમાં આંતરરાષ્ટ્રીય ન્યાયાલયમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- તેમણે વર્ષ ૧૯૮૦ માં તેમની વકીલ તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ૧૯૯૨માં દિલ્હી હાઇકોર્ટમાં સિનિયર એડવોકેટ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૨ સુધી ભારતના સોલિસિટર જનરલ તરીકે કામ કર્યું છે.

**<u>પ્રશ્નો –</u>**

1. આ વર્ષેNDRFનો કેટલામો સ્થાપના દિન છે?

- ૧૫મો

2. NDRFનું પુરૂનામ જણાવો?
   - National Disaster Response Force
3. કેન્દ્ર સરકાર દ્વારા દેશના ક્યાં શહેરોમાં ભારતીય કૌશલ્ય સંસ્થાની સ્થાપનાની યોજના બનાવવામાં આવી હતી?
   - મુંબઈ, અમદાવાદ અને કાનપુરમાં
4. ગુજરાતનાં ક્યાં સ્થળે નિર્માણ પામનાર ભારતીય કૌશલ્ય સંસ્થાનો તાજેતરમાં શિલાન્યાસ કરવામાં આવ્યો ?
   - ગાંધીનગર જિલ્લાના કાલોલ તાલુકાના નાસ્મેદ ખાતે
5. ભારતનો હાલ સુધીનો સૌથી શક્તિશાળીસંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-30ક્યાથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો?
   - ફ્રેન્ચ ગુયાનાના કોઉરુ ખાતે આવેલ લોન્ચ બેઝ પરથી
6. તાજેતરમાં ઇસરો દ્વારા સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-30કઈ કંપનીની મદદથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો? - એરિયન સ્પેસ નામની કંપનીની મદદથી
7. તાજેતરમાં ક્યાં ભારતીયને ઇંગ્લેન્ડઅનેવેલ્સના મહારાણી એલિઝાબેથદ્વિતીયએ પોતાનાસલાહકાર (કાઉંસલ) તરીકે નિયુક્તકર્યા ?
   - ભારતના વરિષ્ઠ વકીલ અને ભૂતપૂર્વ સોલિસિટર જનરલ હરીશ સાલ્વેને

## ૧૯– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) ૩૧માં સડક સુરક્ષા સપ્તાહની ઉજવણી

- તાજેતરમાં કેન્દ્રિય સડક પરિવહન અને હાઇવે મંત્રાલય દ્વારા સડક સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી.
- ૩૧માં સડક સુરક્ષા સપ્તાહની ઉજવણી ૧૧થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ સુધી કરવામાં આવી હતી.
- લોકોને ટ્રાફિકના નિયમો પ્રત્યે જાગૃત કરવા અને નિયમોનું પાલન કરવા જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી.
- આ ઉજવણીથી માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુમાં ઘટાડો થશે.
- માર્ગ સલામતી સપ્તાહ અભિયાન માટેખાનગીકંપનીઓ, એનજીઓ અને પરોપકારી સંસ્થાઓ પણ સરકાર સાથે કામ કરી રહી છે.
- કેન્દ્રિય સડક પરિવહન અને હાઇવે મંત્રાલય દ્વારા દર વર્ષે માર્ગ સલામતી સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.

### (૨) દેશની બીજી ખાનગી ટ્રેનનો પ્રારંભ

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના અમદાવાદ ખાતેથી દેશની બીજી ખાનગી ટ્રેનને લીલીઝંડી બતાવીને શુભારંભ કરાવ્યો.
- આ ટ્રેન ગુજરાતના અમદાવાદ અને મુંબઈનાસેન્ટ્રલ મુંબઈ સ્ટેશન વચ્ચે સપ્તાહમાં ગુરૂવાર સિવાયના ૬ દિવસ દોડશે.
- આ ટ્રેન પ્રતિકલાક ૧૬૦ કિમીની ઝડપે દોડશે.
- દેશની પ્રથમ ખાનગી ટ્રેન લખનૌ –દિલ્હી વચ્ચે અઠવાડીયાના ૬ દિવસ દોડે છે.
- આ ટ્રેનનું સંચાલન ખાનગી કંપની IRCTC દ્વારા કરવામાં આવશે.
- IRCTC ભારતીય રેલવેની પેટા કંપની તરીકે ટ્રેનનું સંચાલન કરશે.
- તેજસ એક્સપ્રેસ એવી પ્રથમ ટ્રેન છે જેનું સંચાલન કોઈ ખાનગી કંપની દ્વારા કરવામાં આવશે.
- IRCTC–Indian Railway Catering and Tourism Corporation

### (૩) સિંધી લેખક વાસદેવ મોહીને ૨૯મો સરસ્વતી સન્માન

- તાજેતરમાંસિંધી લેખક વાસદેવ મોહીને ૨૯માં સરસ્વતી સન્માન માટે પસંદ કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન તેમની લઘુકથાના સંગ્રહ ચેકબુક માટે આપવામાં આવશે.
- આ લઘુકથામાં સમાજના વંચિત વર્ગના દુખ–દર્દનું વર્ણન કરવામાં આવ્યું છે.
- વાસદેવ મોહી હાલ સુધીમાં ૨૫ પુસ્તકો લખી ચૂક્યા છે.
- આ અગાઉ વર્ષ ૨૦૧૮નો સરસ્વતી સન્માન પુરસ્કાર તેલુગુ ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર કે.સિવા રેડ્ડીનેએનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૭ના સરસ્વતી સન્માનથી ગુજરાતી સાહિત્યકાર સિતાંશુ યશશ્વન્દ્રને તેમના કાવ્ય સંગ્રહ વખાર માટે સન્માનીત કરવામાં આવ્યા હતા.
- સિતાંશુ યશશ્વન્દ્ર સરસ્વતી સન્માન મેળવનાર બીજા ગુજરાતી છે અગાઉ વર્ષ ૧૯૯૭માં મનુભાઈ પંચોલી (દર્શક)ને તેમની નવલકથા કુરૂક્ષેત્ર માટે આ સન્માન મળ્યું હતું.

| સરસ્વતી સન્માન |
| --- |
| ★ સરસ્વતી સન્માન દેશના સર્વોચ્ચ સાહિત્ય પુરસ્કાર પૈકીનું એક છે.<br>★ સરસ્વતી સન્માન અંતર્ગત વિજેતાઓને ૧૫ લાખ રૂપિયા, સાલ પ્રતિક ચિહ્ન અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.<br>★ દેશમાં સાહિત્ય ક્ષેત્રે સૌથી વધુ રોકડ રકમ આ સન્માન |

અંતર્ગત આપવામાં આવે છે.

- આ સન્માન કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૧થી આપવામાં આવતા આ સન્માનમાં ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં નોંધાયેલ ૨૨ ભાષા પૈકી કોઈ પણ એક ભાષામાં સર્જાયેલ શ્રેષ્ઠ સાહિત્ય કૃતિને આપવામાં આવે છે.
- વર્ષ ૧૯૯૧માં આ સન્માન હિન્દી ભાષાના સાહિત્યકાર શ્રી હરિવંશ રાય બચ્ચનને આપવામાં આવ્યું હતું.

## (૪) ભારતના પૂર્વ ક્રિકેટર બાપુ નાડકર્ણીનું નિધન

- તાજેતરમાં ૧૭ જાન્યુઆરી૨૦૨૦ના રોજભારતના પૂર્વ ક્રિકેટરબાપુ નાડકર્ણીનું નિધન થયું.
- તેમનો જન્મ વર્ષ ૧૯૩૩માં મહારાષ્ટ્રના નાશિક ખાતે થયો હતો.
- તેમનું મૂળનામ રમેશચંદ્ર ગંગારામ નાડકર્ણી હતું.
- ભારતના વિખ્યાત સ્પિનર બાપુ નાડકર્ણી ખૂબ જ ઓછા રન આપતા બોલર તરીકે જાણીતા હતા.
- તેઓ વર્ષ ૧૯૫૫થી ૧૯૬૮ દરમ્યાન ભારતીય ટીમ તરફથી રમ્યા હતા.
- તેમણે વર્ષ ૧૯૬૪માં મદ્રાસમાં રમાયેલ એક ટેસ્ટ મેચમાં કુલ ૩૨ ઓવર ફેકી હતી જેમાથી તેમણે સળંગ ૨૧ ઓવર મેડન ફેકી હતી.
- તેમનો આ રેકોર્ડ હતું કોઈ પણ ક્રિકેટર તોડી શક્યો નથી.

**પ્રશ્નો –**

1. તાજેતરમાં કેન્દ્રિય સડક પરિવહન અને હાઇવે મંત્રાલય દ્વારા કેટલામાં સડક સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવી? - ૩૧માં સડક સુરક્ષા સપ્તાહની
2. ભારતની બીજી ખાનગી ટ્રેન તેજસ એક્સપ્રેસ ક્યાં બે શહેરોને જોડે છે? - અમદાવાદ અને મુંબઈ
3. IRCTCનું પુરૂનામ જણાવો?
   - Indian Railway Catering and Tourism Corporation
4. તાજેતરમાં૨૯માં સરસ્વતી સન્માન માટે કોની પસંદગી કરવામાં આવ્યા? - સિંધી લેખક વાસદેવ મોહીને
5. વર્ષ ૨૦૧૮નો સરસ્વતી સન્માન પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો હતો?
   - તેલુગુ ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર કે.સિવા રેડ્ડીને
6. સરસ્વતી સન્માન પુરસ્કાર કઈ સંસ્થા દ્વારા એનાયત કરવામાં આવે છે ?
   - કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા

## ૨૦– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) લેફ્નેન્ટ કર્નલ યુવરાજ મલિક - નેશનલ બુક ટ્રસ્ટના નિર્દેશક

- તાજેતરમાં લેફ્નેન્ટ કર્નલ યુવરાજ મલિકને નેશનલ બુક ટ્રસ્ટના નિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યા.
- તેમણે રીટા ચૌધરીનું સ્થાન લીધું.
- લેફ્નેન્ટ કર્નલ યુવરાજ મલિકઅગાઉ કેન્દ્રિય ગૃહ મંત્રાલય, રક્ષા મંત્રાલય અને આફ્રિકા ખાતે સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં સેવા આપી ચૂક્યા છે.
- નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૫૭માં કરવામાં આવી હતી.
- તે કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતાં ઉચ્ચ શિક્ષા વિભાગ હેઠળ કાર્ય કરે છે.
- આ સંસ્થા હિન્દી અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષામાં સાહિત્યના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.

### (૨) ભારત અને જાપાનના તટરક્ષક દળો વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ સહયોગ – કૈજીનની શરૂઆત

- તાજેતરમાંભારત અને જાપાનના તટરક્ષક દળો વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ સહયોગ – કૈજીનની શરૂઆત થઈ.
- આ અભ્યાસનું આયોજન ચેન્નઈ પોર્ટ પર કરવામાં આવી રહ્યું છે.
- આ અભ્યાસમાં જાપાનતરફથી એચિગોનામનુંજહાજ ભાગ લઈ રહ્યું છે.
- જ્યારે ભારત તરફથી આ અભ્યાસમાં ચાર જહાજ ભાગ લઈ રહ્યા છે.
- આ અભ્યાસમાંબંને દેશના જવાનો હાઈજેકિંગ વિરુદ્ધની કાર્યવાહીનો અભ્યાસ કરશે.

### (૩) પરમાણુ મિસાઇલ K-4નું સફળ પરીક્ષણ

- તાજેતરમાં આંધ્રપ્રદેશના દરિયા કિનારે આવેલ અંડરવૉટર પ્લેટફોર્મ પરથી પરમાણુ મિસાઇલK-4નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
- આ મિસાઈલ ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવી છે. તેની મારક ક્ષમતા ૩૫૦૦ કિમીની છે.
- સબમરીન દ્વારા સમુદ્ર માથી પરમાણુ હુમલો કરવા માટે આ મિસાઈલ ખૂબ જ અગત્યની છે.
- પરમાણુ મિસાઈલK-4મધ્યમ રેન્જ ધરાવતી સબમરીન દ્વારા લોન્ચ થનાર બેલિસ્ટિક મિસાઈલ છે.
- આ મિસાઈલનું નામ દેશના મિસાઈલ મેન ઓફ ઈન્ડિયા તરીકે જાણીતા ભુતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. એપીજે અબ્દુલ કલામના નામ પર રાખવામા આવ્યું છે.

- આ પરમાણુ મિસાઈલK-4આઈએનએસ અરિહંત ક્લાસની સબમરીન પર તહેનાત કરવામાં આવશે.
- આઈએનએસ અરિહંતદેશની પ્રથમ સ્વદેશી પરમાણુ સબમરીન છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાંકોને નેશનલ બુક ટ્રસ્ટનાનિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યા?
   - લેફ્નેન્ટ કર્નલ યુવરાજ મલિકને
2. નેશનલ બુક ટ્રસ્ટ ભારત સરકારના ક્યાં મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે?
   - માનવ સંસાધન વિકાસ મંત્રાલય અંતર્ગત
3. તાજેતરમાંભારત અને જાપાનના તટરક્ષક દળો વચ્ચે સંયુક્ત યુદ્ધ અભ્યાસ ની શરૂઆત થઈ?
   - સહયોગ – કૈજીન
4. તાજેતરમાં ક્યાથી પરમાણુ મિસાઈલK-4નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું?
   - આંધ્રપ્રદેશના દરિયા કિનારે આવેલ અંડરવૉટર પ્લેટફોર્મ પરથી
5. પરમાણુ મિસાઈલK-4 કોના દ્વારા વિકસાવવામાં આવી છે? - ડીઆરડીઓ દ્વારા
6. દેશની પ્રથમ સ્વદેશી પરમાણુ સબમરીન કઈ છે?
   - આઈએનએસ અરિહંત

## ૨૧– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) દેશમાં સોનાના વેચાણ માટે હૉલમાર્ક જરૂરી

- તાજેતરમાં કેન્દ્રીય ગ્રાહક બાબતો,અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ નોટિફિકેશનમુજબ દેશમાં ૧૫ જાન્યુઆરી ૨૦૨૧થી હૉલમાર્ક વગરના સોનાનું વેચાણ થઈ શકશે નહીં.
- હોલમાર્કના રજીસ્ટ્રેશન અને વેપારીઓ માટે જૂના સ્ટોકના ક્લીયરન્સ માટે ૧ વર્ષનો સમયગાળો આપવામાં આવ્યો છે.
- ૧ વર્ષ દરમ્યાન દેશમાં સોનાનું વેચાણ કરતાં દરેક વેપારીઓએ BISHALLMARKનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ નોટિફિકેશન મુજબ ૧૫ જાન્યુઆરી ૨૦૨૧થીદેશમાં ફક્ત BISHALLMARKનુંએટ્લે કે Bureau of Indian StandardsHALLMARK ધરાવતા સોનાનું જ વેચાણ થઈ શકશે.
- કેન્દ્ર સરકાર દ્વારા ૨ ગ્રામથી ઓછા વજન ધરાવતા દાગીનાઓ અને કલાકૃતિઓને ફરજિયાત હૉલમાર્કમાથી મુક્તિ આપવામાં આવી છે.
- આ ઉપરાંત મેડિકલ, વેટરિનરી, સાયન્ટિફિક તથા ઔદ્યોગિક વપરાશ માટેના ગોલ્ડ આર્ટીકલને કલાકૃતિઓને ફરજિયાત હૉલમાર્કમાથી મુક્તિ આપવામાં આવી છે.
- નોટિફિકેશન મુજબ ૧૫ જાન્યુઆરી ૨૦૨૧થીદેશમાં ફક્તત્રણ કેટેગરીના હોલમાર્ક ધરાવતા સોનાના દાગીનાનું જ વેચાણ થઈ શકશે.
- જેમાં ૨૨ કેરેટ,૧૮ કેરેટ અને ૧૪ કેરેટનો સમાવેશ થાય છે.
- હૉલમાર્કભારતીય માનક બ્યૂરો દ્વારા જાહેર કરેલ શુદ્ધતા પ્રમાણ છે.
- હૉલમાર્ક ત્રિકોણ આકારનું હોય છે જેમાં ઉત્પાદકનો લોગો અને ઉત્પાદન વર્ષ લખવામાં આવે છે.

### (૨) લદ્દાખના હાનલે ખાતે સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના

- તાજેતરમાં કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના હાનલે ખાતે સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના કરવામાં આવી.
- આ સ્વદેશી ટેલિસ્કોપ ૪૫ મીટર ઊંચું છે જે ભાભા અણુ સંશોધન કેન્દ્ર દ્વારા દેશની અન્ય સંસ્થાઓની મદદથી તૈયાર કરવામાં આવ્યું છે.
- આ ટેલિસ્કોપની મદદથી અંતરિક્ષમાં ૧૦ લાખ પ્રકાશવર્ષ દૂર સુધી જોઈ શકાશે.
- આ ટેલિસ્કોપની મદદથી ગામા–રે અને અંતરિક્ષની અન્ય બાબતોના સંશોધન તથા અંતરિક્ષની તસ્વીરો લઈ શકશે.

### (૩) પરીક્ષા પે ચર્ચા ૨૦૨૦

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે આવેલ તાલકટોરા સ્ટેડીયમ ખાતે પરીક્ષા પે ચર્ચા ૨૦૨૦ કાર્યક્રમની ત્રીજી આવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમ દરમ્યાન દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યો હતો.
- પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમનું પ્રથમ આયોજન વર્ષ ૨૦૧૮માં કરવામાં આવ્યું હતું.

### (૪) વિનેશ ફોગટ – રોમ રેંકિંગ સીરિઝમાં ૫૩ કિલોગ્રામ વજન કેટેગરીમાં ગોલ્ડ મેડલ

- તાજેતરમાં ભારતીય રેસલર વિનેશ ફોગટે રોમ રેંકિંગ સીરિઝમાં ૫૩ કિલોગ્રામ વજન કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- તેણે ફાઇનલમાં ઈક્વેદોરની રેસલરને પરાજિત કરી આ જીત મેળવી.
- વર્ષ ૨૦૨૦માં વિનેશ ફોગટનો આ પ્રથમ ગોલ્ડ મેડલ છે.

VIVEKANAND ACADEMY

- વિનેશ ફોગટ ભારતીય મહિલા પહેલવાન છે, તેનો જન્મ ૨૫ ઓગસ્ટ ૧૯૯૪ના રોજ હરિયાણાના ભિવાની જીલ્લામાં થયો હતો.

**પ્રશ્નો –**

1. દેશમાં ક્યારથી હૉલમાર્ક વગરના સોનાનું વેચાણ થઈ શકશે નહીં?
   - ૧૫ જાન્યુઆરી ૨૦૨૧થી
2. BISનું પુરૂનામ જણાવો?
   - Bureau of Indian Standards
3. તાજેતરમાં ક્યાં કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્વદેશી ટેલિસ્કોપની સ્થાપના કરવામાં આવી?
   - લદ્દાખ
4. તાજેતરમાં પરીક્ષા પે ચર્ચા ૨૦૨૦ કાર્યક્રમની ત્રીજી આવૃતિનું આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?
   - નવી દિલ્હી ખાતે આવેલ તાલકટોરા સ્ટેડીયમ ખાતે
5. ભારતીય મહિલા પહેલવાનવિનેશ ફોગટે રોમ રેંકિંગ સીરિઝમાંક્યો મેડલ જીત્યો? - ગોલ્ડ

## ૨૨– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) વર્લ્ડ ઇકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકનું આયોજન

- તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડના દાવોસકલસ્ટર ખાતે વર્લ્ડ ઇકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ બેઠકમાં કેન્દ્રિયરેલ્વે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીશ્રી પિયુષ ગોયલે ભારતીય પ્રતિનિધિમંડળનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- આ બેઠકમાં વિશ્વના ૩૦૦૦થી વધુ નેતાઓ, સીઇઓ અને અભિનેતાઓએ ભાગ લીધો હતો.
- આ વાર્ષિક બેઠકનું આયોજન Stakeholders for a Cohesive and Sustainable Worldથીમ પર કરવામાં આવ્યું છે.
- આ વર્ષે બેઠક દરમ્યાન પ્રથમ વખત ગ્લોબલ સોશિયલ મોબિલિટી ઇન્ડેક્સ રજૂ કરવામાં આવ્યો.
- આ ઇન્ડેક્સમાં ૮૨ દેશોની સૂચી જાહેર કરવામાં આવી છે જેમાં ભારત ૭૬માં સ્થાને છે.
- આ ઇન્ડેક્સમાં સ્વાસ્થ્ય, શિક્ષણની ગુણવત્તા ટેકનૉલોજિ, કાર્ય અને સુરક્ષા જેવા ક્ષેત્રોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
- આ ઇન્ડેક્સમાં ડેનમાર્ક પ્રથમ સ્થાને છે. બાદમાં નૉર્વે, ફિનલેન્ડ, સ્વીડન અને આઇસલેન્ડ જેવા દેશોનું સ્થાન છે.
- આ ઉપરાંત આ ૫૦મી વાર્ષિક અગાઉOXFAM દ્વારા ટાઇમ ટુ કેર નામનોરિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટમાં વિશ્વમાં વધી રહેલી આર્થિક અસમાનતા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.
- આ રિપોર્ટ મુજબભારતમાં ૧ ટકા ધનવાનો પાસે દેશના ૭૦ ટકા ગરીબ લોકો કરતાં ચાર ગણી વધારે સંપતિ છે.
- આ રિપોર્ટ મુજબ દેશના ૬૩ અબજોપતિની કુલ સંપતિ કેન્દ્ર સરકારના આખા વર્ષના કુલ બજેટ કરતાં વધારે છે.
- દર વર્ષે જાન્યુઆરી મહિના દરમ્યાન વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાના ઉદ્દેશ્યથી વર્લ્ડ ઇકોનોમિક ફોરમની વાર્ષિક બેઠકનું આયોજન કરવામાં આવે છે.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જેની સ્થાપના ક્લાઉઝ શ્વાબે જાહેર–ખાનગી સહયોગ દ્વારા વિશ્વની સ્થિતિ સુધારવા માટે કરી હતી.
- તેની સ્થાપના૧૯૭૧માં થઈ હતી.
- તેનું મુખ્ય મથક સ્વિટ્ઝર્લન્ડના જિનીવા ખાતે આવેલ છે.

### (૨) કોરોનાવાયરસ

- તાજેતરમાં ચીનના હૂબઇ પ્રાંતના વુહાનસિટીમાં કોરોના વાયરસના કેસોના કારણે ભારતના મુખ્ય એરપોર્ટ પર મુસાફરોના મેડિકલ ચેક અપ શરૂ કરવામાં આવ્યા.
- ડિસેમ્બર ૨૦૧૯ દરમ્યાન ચીનમાં યાંગત્સે નદી કિનારે આવેલ વુહાનસિટીમાં મોટા પ્રમાણમા આ વાયરસનો ચેપ ફેલાયો છે જેથી તેને વુહાન કોરોના વાયરસ પણ કહે છે.
- કોરોના વાયરસઘણા બધા વાયરસનો સમૂહ છે તેનાથી લોકોને સામાન્ય શરદીથી માંડીને સિવિયર એક્યુત રેસ્પાઇરેટરી સિન્ડ્રોમ અને મિડલ ઈસ્ટર્ન રેસ્પાઇરેટરી સિન્ડ્રોમ જેવા ગંભીર શ્વાસના રોગ થાય છે.
- આ વાયરસ ઝૂનોટીક છે તે પ્રાણી અને લોકો વચ્ચે ફેલાય છે.
- આ વાયરસને ચીનના વૈજ્ઞાનિકો દ્વારા nCoV-2019 (NovelCoronaVirus2019) નામ આપવામાં આવ્યું છે.
- ભારતમાં આ વાયરસનો ફેલાવો અટકવા દિલ્હી અને મુંબઇ જેવા મુખ્ય એરપોર્ટ પર આવતા આંતરરાષ્ટ્રીય મુસાફરોના મેડિકલ ચેકઅપ અને ચીનથી ઇમ્પોર્ટ થતાં સામાનનું કડક ચેકિંગ કરવામાં આવે છે.
- આ વાયરસનો વિશ્વના ઘણા દેશોમાં વ્યાપ વધતાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા ગ્લોબલ હેલ્થ ઇમરજન્સી જાહેર કરવામાં આવી છે.

VIVEKANAND ACADEMY

- આ વાયરસથી થતાં રોગના નિયંત્રણ માટે ગુજરાતમાં આરોગ્ય કમિશ્નર કચેરી અને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે.
- જ્યારે આ વાયરસ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલને બેઝ હોસ્પિટલ બનાવવામાં આવી છે.

**(૩) કિરણ મજૂમદાર શૉ – ઑર્ડર ઑફ ઓસ્ટ્રેલીયા**

- તાજેતરમાં બાયોટેકનૉલોજિ કંપની બાયોકોનના સંસ્થાપક અને ચેરમેન કિરણ મજૂમદાર શૉને ઓસ્ટ્રેલીયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલીયાથી સન્માનીત કરવામાં આવ્યા.
- તેમને આ સન્માન ભારત અને ઓસ્ટ્રેલીયાના દ્વિપક્ષીય સંબંધને પ્રોત્સાહન આપવામાં બદલ આપવામાં આવ્યું છે.
- કિરણ મજૂમદાર શૉઆ સન્માન પ્રાપ્ત કરનાર ચોથા ભારતીય છે આ અગાઉ મધર ટેરેસા, દેશના પૂર્વ એટર્ની જનરલ સોલી સોરાબજી અને ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકરને આ સન્માન આપવામાં આવ્યું છે.
- કિરણ મજૂમદાર શૉ ભારતીયઉદ્યોગસાહસિકછે. તેમને આ અગાઉ ઓથમરગોલ્ડમેડલ, નિક્કેઇ એશિયાપ્રાઇઝ, અન્સ્ર્ટએન્ડયંગએન્ટરપ્રિન્યોરઓફધયરએવોર્ડ, ટેક્નોલૉજીપાયોનિયરજેવાએવોર્ડએનાયતથઈ ચૂક્યા છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાંવર્લ્ડ ઇકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકનું આયોજન ક્યાં થયું હતું?
   - સ્વિટ્ઝર્લેન્ડના દાવોસકલસ્ટર ખાતે
2. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતું?
   - કેન્દ્રિય રેલ્વે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીશ્રી પિયુષ ગોયલે
3. વર્લ્ડ ઇકોનોમિક ફોરમની ૫૦મી વાર્ષિક બેઠકનું આયોજન કઈ થીમ પર થયું હતું?
   - Stakeholders for a Cohesive and Sustainable Worldથીમ પર
4. ગ્લોબલ સોશિયલ મોબિલિટી ઇન્ડેક્સમાં ભારતનું સ્થાન? - ૭૬માં સ્થાને
5. OXFAM દ્વારા પ્રસિદ્ધ કરવામાં ટાઇમ ટુ કેર રિપોર્ટ મુજબ ભારતના ૧ ટકા ધનવાનો પાસે દેશના કેટલા ટકા ગરીબ લોકો કરતાં ચાર ગણી વધારે સંપતિ છે ? ૭૦ ટકા
6. વર્લ્ડ ઇકોનોમિક ફોરમનું મુખ્ય મથક ક્યાં આવેલ છે ?
   - સ્વિટ્ઝર્લેન્ડના જિનીવાખાતે
7. તાજેતરમાં ચીનમાં ક્યાં વાયરસના લીધે લોકોને ગંભીર શ્વાસના રોગ થાય છે? - કોરોના વાયરસ
8. તાજેતરમાં કિરણ મજૂમદાર શૉને ઓસ્ટ્રેલીયાના સર્વોચ્ચ નાગરિક સન્માન ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલીયાથી સન્માનીત કરવામાં આવ્યાતે કઈ કંપનીના સંસ્થાપક અને ચેરમેન છે? - બાયોટેકનૉલોજિ કંપની બાયોકોનના

## ૨૩– જાન્યુઆરી–૨૦૨૦

**(૧) રાષ્ટ્રીય દેશપ્રેમદિવસ**

- સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ રાષ્ટ્રીય દેશપ્રેમદિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- તેમનો જન્મ ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ ઓડિશાના કટકખાતે થયો હતો.
- તેમના પિતાનું નામ રાયબહાદુર જાનકીનાથ અને માતાનું નામ પ્રભાવતીદેવી હતું.
- તેમણે વર્ષ ૧૯૨૧માં લંડનમાં ઇન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી હતી પરંતુ તેમણે નોકરીસ્વીકારી ન હતી.
- બાદમાં તેઓ અખિલ ભારત ટ્રેડ યુનિયનના પ્રમુખ બન્યા હતા.
- વર્ષ ૧૯૩૮માસુરતજિલ્લામાંહરિપુરામાંકોંગ્રેસનાપ૧માઅધિવેશનમાંપ્રમુખબન્યા હતા.
- તેમણે ૨૧ ઓક્ટોબર ૧૯૪૩ના રોજ સિંગાપોર ખાતે આઝાદ હિન્દ ફૌજની સ્થાપના કરી હતી.
- તેમણે'તુમ મુજે ખૂન દો મેં તુમ્હે આઝાદી દૂન્ગા' અને 'જય હિન્દ'જેવા પ્રખ્યાત નારાઓ આપ્યા હતા.

**(૨) મણિપૂર,ત્રિપુરા અને મેઘાલય રાજ્યનો રાજયત્વ દિવસ**

- ૨૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ત્રિપુરા, મણિપુર અને મેઘાલયના ૪૭ રાજ્યત્વ દિવસ મનાવવામાં આવ્યો.
- આ ત્રણેય રાજ્યોને ૨૧ જાન્યુઆરી ૧૯૭૨ના રોજ પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો.
- આરાજ્યોનેઉત્તરપૂર્વપુર્નગઢનઅધિનિયમ૧૯૭૨ અંતર્ગતપૂર્ણરાજ્યનોદરજ્જોઆપવામાંઆવ્યોહતો.
- મણિપુર, ત્રિપુરા અને મેઘાલય દેશના અનુક્રમે ૧૯,૨૦ અને ૨૧માં રાજ્ય બન્યા હતા.

| રાજ્ય | ત્રિપુરા | મિઝોરમ | મેઘાલય |
|---|---|---|---|
| રાજયપાલ | રમેશ બૈસ | પીએસ શ્રીધરન પિલ્લઇ | તથાગત રોય |

| | | | |
|---|---|---|---|
| મુખ્યમંત્રી | બિપ્લવ કુમાર દેબ | ઝોરમથંગા | કોનરાડ સંગમા |
| રાજધાની | અગરતલ્લા | આઇઝોલ | સિલોંગ |

### (૩) IMF– નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૪.૮ ટકા રહેવાનો અંદાજ

- તાજેતરમાં ઇન્ટરનેશનલ મોનિટરી ફંડદ્વારા જાહેર કરવામાં આવેલરિપોર્ટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૪.૮ ટકા રહેવાનો અંદાજ છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૫.૮ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ દરમ્યાન ભારતનો જીપીડી વૃદ્ધિ દર ૬.૫ ટકા રહેવાની સંભાવના છે.

ઇન્ટરનેશનલ મોનિટરી ફંડ

- ★ IMF–International Monitory Fund
- ★ મુખ્યમથક – વોશિંગ્ટન ડીસી, અમેરિકા
- ★ કાર્ય – વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ચુકવણી પધ્ધતિઓમા આવતી તકલીફો દૂર કરવી અને વિશ્વમાં નાણાકીય કટોકટીનું સંતુલન કરવું.
- ★ IMFની કરન્સી SDR (Special drawing Rights)છે. SDRને પેપર ગોલ્ડ પણ કહેવામાં આવે છે.
- ★ SDRનું મુલ્ય કરન્સી બાસ્કેટ દ્વારા નક્કી થાય છે. આ કરન્સી બાસ્કેટમાં ડોલર, યુરો, ચાઇનીઝ રેઇનબી, યેન અને પાઉન્ડનો સમાવેશ થાય છે.
- ★ કરન્સી બાસ્કેટમાં સૌથી વધારે હિસ્સો અમેરિકન ડોલરનો છે. જયારે ભારતનો ક્રમ આઠમો છે.

### (૪) ભારત અને નેપાળ વચ્ચે ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન

- તાજેતરમાંભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી અને નેપાળના પ્રધાનમંત્રીશ્રી કે.પી.શર્મા ઓલીએ ભારત અને નેપાળ વચ્ચે જોગબની – વિરાટનગર સીમાએ ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું.
- આ બીજી ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટ છે જેનું નિર્માણ ભારતની સહાયતાથી કરવામાં આવ્યું છે. આ અગાઉ વર્ષ ૨૦૧૮માં રક્સૌલ – વિરગુંજ સીમા પર ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટનું નિર્માણ ભારતની સહાયથી કરવામાં આવ્યું છે.

**– ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટ–**

- આ પ્રકારની ચેક પોસ્ટ ભારતની સીમા પરનું વ્યાપાર સહાયતા કેન્દ્ર છે.
- આ ચેક પોસ્ટ બંને દેશોના દ્વિપક્ષીય વ્યાપારને પ્રોત્સાહન આપે છે.
- ભારતમાં કુલ સાત ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટછે. કેન્દ્ર સરકાર આ સિવાયની અન્ય ૧૪ ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટના નિર્માણની યોજના બનાવી રહી છે.

**પ્રશ્નો –**

1. ભારતભરમાં સુભાષચંદ્ર બોઝના જન્મદિવસની ઉજવણી ક્યાં દિવસ તરીકે કરવામાં આવે છે?
   - રાષ્ટ્રીય દેશપ્રેમદિવસ
2. સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો?
   - ૨૩ જાન્યુઆરી ૧૮૯૭ના રોજ ઓડિશાના કટકખાતે
3. વર્ષ ૧૯૩૮માસુરતજિલ્લાનાહરિપુરાખાતે યોજાયેલકોંગ્રેસનાપ૧માઅધિવેશનમાં કોણપ્રમુખબન્યા હતા? - સુભાષચંદ્ર બોઝ
4. ત્રિપુરા,મણિપુર અને મેઘાલયને ક્યાં અધિનિયમ અંતર્ગત પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો?
   - ઉત્તરપૂર્વપુર્નગઢનઅધિનિયમ૧૯૭૨ અંતર્ગત
5. તાજેતરમાં ઇન્ટરનેશનલ મોનિટરી ફંડદ્વારા જાહેર કરવામાં આવેલરિપોર્ટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન ભારતનો જીડીપી વૃદ્ધિ દરકેટલો રહેવાનો અંદાજ છે? - ૪.૮ ટકા
6. ઇન્ટરનેશનલ મોનિટરી ફંડનું મુખ્યાલય ક્યાં આવેલ છે?
   - વોશિંગ્ટન ડીસી,અમેરિકા
7. તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે કઈ ઇંટીગ્રેટેડ ચેક પોસ્ટનું ઉદ્‌ઘાટન કર્યું ? - જોગબની – વિરાટનગર સીમાપરની

## ૨૪– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) રાષ્ટ્રીય બાલિકા દિવસ

- દર વર્ષે ૨૪ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય બાલિકા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ દેશની બાલિકાઓને સન્માન,સશક્તિકરણ અને શિક્ષણ આપવાઅને બાલિકાઓ પ્રત્યે ભેદભાવ દૂર કરવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- થીમ –ઉજ્જવળ ભવિષ્ય માટે છોકરીઓનું સશક્તિકારણ.(Empowering Girls for a Brighter Tomorrow)

VIVEKANAND ACADEMY

- નારી શક્તિનું પ્રતિક અને દેશના પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતિ ઈન્દિરા ગાંધી ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ પ્રધાનમંત્રી બન્યા હતા
- આથી આ દિવસની ઉજવણી ૨૪ જાન્યુઆરીના રોજ કરવામાં આવે છે.
- વિશ્વ બાલિકા દિવસ –૧૧ ઓક્ટોબર

**(૨) વિશ્વ શિક્ષણ દિવસ**

- દર વર્ષે ૨૪ જાન્યુઆરીના રોજ વિશ્વભરમાં વિશ્વ શિક્ષણ દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય વિશ્વના વિકાસમાં શિક્ષણની ભૂમિકાને પ્રોત્સાહન આપવા અને વિશ્વ શાંતિ ઉજાગર કરવાનો છે.
- પ્રથમ વિશ્વ શિક્ષણ દિવસની ઉજવણી વર્ષ ૨૦૧૯માં કરવામાં આવી હતી.
- રાષ્ટ્રીય શિક્ષણ દિવસ – ૧૧ નવેમ્બર
- રાષ્ટ્રીય શિક્ષણ દિવસ દેશના પ્રથમ શિક્ષણમંત્રીશ્રી મૌલાના અબુલ કલામના જન્મદિવસ નિમિત્તે ઉજવવામાં આવે છે.

**(૩) વ્યોમમિત્ર નામના લેડી રોબોર્ટનું વિમોચન**

- તાજેતરમાં ઈસરો દ્વારા વ્યોમમિત્ર નામના લેડી રોબોર્ટનું વિમોચન કરવામાં આવ્યું.
- બેંગલુરુ ખાતે વિમોચન થયેલ આ રોબોર્ટ લોકોની જેમ વાતચીત કરી શકે છે.
- આ રોબોર્ટને પગ નથી તેથી તેને હાફ હ્યુમોનોઇટની ઓળખ મળી છે.
- આ રોબોર્ટને ગગનયાનના લોન્ચ પહેલા અંતરિક્ષ પર મોકલવામાં આવશે.
- સંસ્કૃત ભાષાના વ્યોમ શબ્દનો અર્થ આકાશ થાય છે તેથી આ રોબોર્ટનું નામ વ્યોમમિત્રરાખવામા આવ્યું છે.

**(૪) ઉત્તરાર્ધમહોત્સવ ૨૦૨૦**

- તાજેતરમાં ૨૧ અને ૨૨ જાન્યુઆરી દરમ્યાન ગુજરાતના મોઢેરા ખાતેનાસૂર્યમંદિરનાસાંનિધ્યમાંબેદિવસીયઉત્તરાર્ધમહોત્સવ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું.
- આ મહોત્સવનો પ્રારંભ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો.
- મોઢેરા ગુજરાતના મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં આવેલ છે. (ચૂવાળ પ્રદેશ)
- મોઢેરા પુષ્પાવતી નદીના કિનારે આવેલ છે.
- આ મહોત્સવમાં સંગીત, નૃત્ય, શિલ્પ, અને સ્થાપત્યનો અનેરો સાથ જોવા મળે છે.
- આ મહોત્સવનું આયોજન દર વર્ષે ઉત્તરાયણ બાદ કરવામાં આવે છે.
- આ મહોત્સવની શરૂઆત વર્ષ ૧૯૯૨થી કરવામાં આવી છે.(ચીમનભાઈ પટેલ)
- આ મહોત્સવ સૂર્યપુજા સાથે સંકળાયેલ છે.
- સૂર્યના મકર રાશિમાં પ્રવેશ બાદ જાન્યુઆરી મહિનાના ત્રીજા સપ્તાહમાં આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

**–મોઢેરાસૂર્યમંદિર –**

- ગુજરાતનામોઢેરાખાતેઇ.સ. ૧૦૨૬માંસોલંકીવંશનારાજવીભીમદેવપ્રથમનાસમયમાંસૂર્યમંદિરબંધાયુંહતું.
- આ મંદિરનું પૂર્વ દિશામાં આવેલ પ્રવેશ દ્વારા એવી રીતે રચવામાં આવ્યું છે કે ઉત્તરાયણ નિમિત્તે સૂર્યનું પ્રથમ કિરણ મંદિરની અંદર ગર્ભગૃહમાં રહેલી સૂર્યપ્રતિમાના મુગટ પર પડે છે જેથી આખું મંદિર પ્રકાશથી ઝળહળી ઊઠે છે.
- આ મંદિરનું નકશીકામ ઈરાની શૈલીમાં થયું છે.
- મંદિરની બહારના જળકુંડની ચારે બાજુ ૧૦૮નાના મંદિર આવેલ છે. આ જળકુંડનું નામ રામકુંડ છે.
- આ સૂર્યમંદિર પરથી કર્કવૃત પસાર થઈ છે.

**પ્રશ્નો –**

1. રાષ્ટ્રીય બાલિકા દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
   - દર વર્ષે ૨૪ જાન્યુઆરીના રોજ
2. વિશ્વભરમાં વિશ્વ શિક્ષણ દિવસ ક્યારે મનાવવામાં આવે છે? - ૨૪ જાન્યુઆરીના રોજ
3. તાજેતરમાં ઈસરો દ્વારા બેંગલુરુ ખાતે લેડી રોબોર્ટનું વિમોચન કરવામાં આવ્યુંતેનું નામ જણાવો?
   - વ્યોમમિત્ર
4. સંસ્કૃત ભાષાના વ્યોમ શબ્દનો અર્થ શું થાય છે ?
   - આકાશ
5. ગુજરાતના મોઢેરા ખાતેનાસૂર્યમંદિરનાસાંનિધ્યમાંબેદિવસીયઉત્તરાર્ધમહોત્સવ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યુંતેનું ઉદ્દ્ઘાટન કોણે કર્યુ?
   - ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ
6. મોઢેરા ગુજરાતમાં ક્યાં આવેલ છે?
   - મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં
7. ગુજરાતનામોઢેરાખાતેઇ.સ. ૧૦૨૬માંસોલંકીવંશના ક્યાં રાજવીના સમયમાંસૂર્યમંદિરબંધાયુંહતું?
   - ભીમદેવપ્રથમ

8. મોઢેરાના સૂર્યમંદિરનું નકશીકામ કઈ શૈલીમાં થયું છે?
   - ઈરાની શૈલી

## ૨૫– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) રાષ્ટ્રીય મતદાતા દિવસ

- દર વર્ષે૨૫ જાન્યુઆરીના રોજ દેશભરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસ ઉજવવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ દેશના મતદારોની સંખ્યાનો વધારો કરવા અને નવા મતદારોને મત પ્રત્યેની ફરજો અને લોકશાહી પ્રત્યેની ફરજો યાદ કરાવવાનો છે.
- ભારત સરકારે રાજકીય પ્રક્રિયામાં યુવા સહભાગિતા વધારવા માટે વર્ષ ૨૦૧૧થી આ દિવસની ઉજવણી શરૂ કરી હતી.
- ભારતમાં મતદાનની લઘુતમ ઉંમર ૧૮ વર્ષ છે.
- વર્ષ ૨૦૨૦ થીમ – મજબૂત લોકશાહી માટે ચૂંટણીલક્ષી સાક્ષરતા

| ચૂંટણીપંચ |
|---|
| ★ ચૂંટણીપંચની બંધારણીય જોગવાઈ અનુચ્છેદ – ૩૨૪ (૧)માં કરવામાં આવેલ છે |
| ★ આ અનુચ્છેદ અંતર્ગત સંસદ, રાજ્યની વિધાનસભા,રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદોની ચૂંટણીની જવાબદારી માટે ચૂંટણીપંચની સ્થાપના કરવામાં આવી હતી. |
| ★ ચૂંટણીપંચની સ્થાપના ૨૫ જાન્યુઆરી ૧૯૫૦માં થઈ હતી, |
| ★ અનુચ્છેદ – ૩૨૪ (૨) અંતર્ગત ચૂંટણીપંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશ્નર અને બે અન્ય કમિશ્નર હોય છે જેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે. |
| ★ દેશના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીસુકુમાર સેન હતા તેઓ વર્ષ ૧૯૫૦થી ૧૯૫૮ સુધી આ પદ પર રહ્યા હતા. દેશના પ્રથમ મહિલા મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રીમતી વી.એસ.રમાદેવી હતા. |
| ★ હાલ મુખ્ય ચૂંટણી કમિશ્નર સુનીલ અરોરા (૨૨માં), અશોક લવાસા અને શુશિલ ચંદ્ર ચૂંટણી કમિશ્નર છે |

### (૨) રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનોપ્રારંભ

- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ દાહોદ ખાતેથી રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.
- આ અભિયાન અંતર્ગત ૩૦ જાન્યુઆરી, ૩૧ જાન્યુઆરી અને ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રાજ્યના તમામ જિલ્લા પંચાયતો, મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓમાં પોષણ અભિયાનના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.
- ગુજરાત સરકાર દ્વારા બાલિકાઓ, સગર્ભા માતાઓ, ધાત્રી માતા અને બાળકો તમામને પોષણ મળી રહે તે માટે યોજનાઓ શરૂ કરવામાં આવી છે.
- આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા પોષણ અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે ત્રિવેણી પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે.
- આ પુરસ્કાર આંગણવાડી વર્કર, આશા વર્કર અને ANM વર્કરને આપવામાં આવશે.
- આ અંતર્ગતરાજયમાં એક વર્ષ દરમ્યાન તમામ બાળકોને સુપોષિત કરનાર આંગણવાડી કાર્યકરને, આશા વર્કરને અનેANM વર્કરને ૧૨૦૦૦–૧૨૦૦૦પુરસ્કાર પેટે આપવામાં આવશે.
- આ ઉપરાંત તેડાગર બહેનોને ૬૦૦૦ પુરસ્કાર પેટે આપવામાં આવશે.
- આ અભિયાન બે વર્ષ સુધી ચાલશે.

### (૩) ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ 2020

- તાજેતરમાં ૧૦ જાન્યુઆરી ૨૦૨૦થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સની ત્રીજી આવ્રુતિનું આસામના ગુવાહાટી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.
- ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૨૦માં ૭૮ ગોલ્ડ મેડલ સહિત કુલ ૨૫૬ મેડલ સાથે મહારાષ્ટ્રપ્રથમ ક્રમે છે.
- મહારાષ્ટ્ર બાદ હરિયાણા બીજા અને દિલ્હી ત્રીજા સ્થાને છે.
- ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સનું આયોજન કેન્દ્રિય રમત ગમત અને યુવા બાબતોના મંત્રાલય દ્વારા દેશની રમત ગમત સંસ્કૃતિને પુનર્જીવિત કરવાના અને ભારતને એક મજબૂત ખેલ રાષ્ટ્રના રૂપમાં તૈયાર કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- અગાઉ વર્ષ ૨૦૧૯માં મહારાષ્ટ્ર અને વર્ષ ૨૦૧૮માં હરિયાણા પ્રથમ ક્રમે રહ્યું હતું.

### (૪) કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ ૨૦૧૯

- તાજેતરમાં TransparencyInternationalનામના બિનસરકારી સંગઠન દ્વારા કરપ્શનપરસેપ્શન ઈન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના ૧૮૦ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ભારત ૮૦માં સ્થાને છે.
- આ ઈન્ડેક્સ મુજબ ડેનમાર્ક અને ન્યૂઝીલેન્ડ સૌથી ઓછો ભ્રષ્ટાચાર થાય છે.

VIVEKANAND ACADEMY

- આ ઈન્ડેક્સમાં ડેનમાર્ક અને ન્યૂઝીલેન્ડ બંને દેશો પ્રથમ સ્થાને છે.

**પ્રશ્નો –**

1. રાષ્ટ્રીય મતદાતા દિવસક્યારે ઉજવવામાં આવે છે?
   - દર વર્ષે૨૫ જાન્યુઆરીના રોજ
2. રાષ્ટ્રીય મતદાતા દિવસ ૨૦૨૦ની થીમ જણાવો ?
   - મજબૂત લોકશાહી માટે ચૂંટણીલક્ષી સાક્ષરતા
3. તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ક્યાથી રાજ્ય વ્યાપી પોષણ અભિયાનનો પ્રારંભ કરાવ્યો?- દાહોદ ખાતેથી
4. રાજ્ય સરકાર દ્બારા પોષણ અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી માટે ક્યાં પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે.? - ત્રિવેણીપુરસ્કારની
5. ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સની ત્રીજી આવૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું? - આસામના ગુવાહાટી ખાતે
6. ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૨૦માં પ્રથમ ક્રમે કોણ રહ્યું?
   - મહારાષ્ટ્ર

## ૨૬– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) પ્રજાસત્તાક દિવસ

- ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ આજે દેશનો ૭૧મો પ્રજાસત્તાક દિવસ.
- ભારતીય બંધારણ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું હતું.
- ભારતના પહેલાં રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદે ૨૬મી જાન્યુઆરી ૧૯૦૫ના દિવસેભારતના રાષ્ટ્રીય ધ્વજને ફરકાવીને ભારતીય ગણતંત્રના ઐતિહાસિક જન્મની ઘોષણા કરી હતી.
- બંધારણ ઘડવામાં ૨ વર્ષ ૧૧ માસ ૧૮ દિવસ જેટલો સમય લાગ્યો હતો.

### (૨) સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ ૨૦૨૦

- તાજેતરમાંશ્રીસુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તેવર્ષ ૨૦૨૦ના સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડની જાહેરાત કરવામાં આવી.
- આ અંતર્ગત આપત્તિ નિવારણ અને સંચાલન કેન્દ્ર ઉત્તરાખંડને વર્ષ ૨૦૨૦માં સંસ્થાઓ માટેનો સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડએનાયત થયો.
- જ્યારે વ્યક્તિગત કેટેગરીમાં કુમાર મુન્નન સિંહને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
- કુમાર મુન્નન સિંહસુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડજીતનાર પ્રથમ વ્યક્તિ છે.
- આ અગાઉ વર્ષ ૨૦૧૯માં એનડીઆરએફની ૮મી બટાલિયનને પ્રથમ સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડએનાયત થયોહતો.
- વર્ષ ૨૦૧૯થી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ એવોર્ડ દર વર્ષે આપવામાં આવે છે.
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ ભારત સરકાર દ્બારા ભારતીય નાગરિક કે સંસ્થાઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતા સંસ્થાઓને ૫૧ લાખ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.
- વ્યક્તિગત કેટેગરીમાં વિજેતા વ્યક્તિને ૫ લાખ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

### (૩) DEMOCRACYINDEX2019

- તાજેતરમાંTHEECONOMISTINTELLIGENCE UNIT દ્બારા DEMOCRACYINDEX 2019 જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના ૧૬૭ દેશોમાં ભારત ૬.૯૦ સ્કોર સાથે ૫૧માં સ્થાને છે.
- આ અગાઉ વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૮માં ભારત અનુક્રમે ૪૨માં અને ૪૧માં સ્થાને હતું.
- વર્ષ ૨૦૧૯ના આ ઈન્ડેક્સમાં નૉર્વે પ્રથમ સ્થાને છે.
- નૉર્વે બાદ આઈસલેન્ડ અને સ્વીડન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ ઈન્ડેક્સમાં ચૂંટણી પ્રક્રિયાની સ્થિતિ, સરકારની કાર્યપ્રણાલી,રાજકીય ભાગીદારી, સંસ્કૃતિ અને સામાજિક સ્વતંત્રતા મળી કુલ પાંચ માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવ્યો છે.

### (૪) સ્ક્વોડ્રન ૨૨૨ તામિલનાડુના તંજાવુર ખાતે તૈનાત

- તાજેતરમાંભારતીય વાયુસેનાદ્બારા સ્ક્વોડ્રન ૨૨૨ને તામિલનાડુના તંજાવુર ખાતે તૈનાત કરવામાં આવી.
- તેનો ઉદેશ્ય હિન્દ મહાસાગરમાં ચીનના વધતાં પ્રભાવનેઓછો કરવાનો છે.
- આ સ્ક્વોડ્રનને ટાઈગરશાર્કર્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- દેશમાં ટાઈગરશાર્કર્સની ૧૨ સ્ક્વોડ્રન છે જે તંજાવુર, પુણે, હલ્વારા, સિરસા, જોધપુર, તેજપૂર, બરેલી અને ચબુઆમાં તૈનાત છે.
- સ્ક્વોડ્રન ૨૨૨ની શરૂઆત વર્ષ ૧૯૬૯માં અંબાલા ખાતે થઈ હતી.

VIVEKANAND ACADEMY

- આ સ્કવોડ્રને વર્ષ ૧૯૭૧માં ભારત પાકિસ્તાન યુદ્ધમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

**પ્રશ્નો –**

1. ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ દેશનો કેટલામો પ્રજાસત્તાક દિવસ મનાવવામાં આવ્યો? - ૭૧મો
2. ભારતીય બંધારણ ક્યારથી અમલમાં આવ્યું હતું ? - ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી
3. વર્ષ ૨૦૨૦ના સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડથી ક્યાં રાજ્યના આપત્તિ નિવારણ અને સંચાલન કેન્દ્રને સન્માનીત કરવામાં આવ્યું? - ઉત્તરાખંડને
4. સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ જીતનાર પ્રથમ વ્યક્તિ કોણ છે ? - કુમાર મુન્નન સિંહ
5. તાજેતરમાં જાહેર કરવામાં આવેલ DEMOCRACYINDEX 2019માં ભારતનું સ્થાન જણાવો ? - ૫૧મુ
6. તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા સ્કવોડ્રન ૨૨૨ને ક્યાં તૈનાત કરવામાં આવી ? -તામિલનાડુના તંજાવુર ખાતે

**૨૭– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) ૭૧માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

- ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ દેશના ૭૧માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રકક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે કરવામાં આવી હતી.
- દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદે નવી દિલ્હીના રાજપથ ખાતેથી રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી હતી.
- ૭૧માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારો ઉપસ્થિત રહ્યા હતા.
- પ્રજાસત્તાક દિવસની ઉજવણી મુખ્ય અતિથિ તરીકે કોઈ વિદેશી મહેમાન ભાગ લેતા હોય છે જે પ્રથા વર્ષ ૧૯૭૬થી શરૂ થઈ હતી.
- ૧૯૭૬માં પ્રથમ મુખ્ય અતિથિ તરીકે ફ્રાન્સના તે સમયના વડાપ્રધાન જેકવીસ ચિરાક હાજર રહ્યા હતા.
- ૭૦માં પ્રજાસત્તાક પર્વમાં મુખ્ય અતિથિ તરીકે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ માતામેલા સિરીલ રામાફેસા ઉપસ્થિત રહ્યા હતા.
- રાષ્ટ્રીય કક્ષાની આ ઉજવણીમાં દેશના દરેક રાજ્યના ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા.
- ગુજરાત રાજ્ય તરફથી રાણીની વાવ – જલ મંદિર વિષય પર ટેબ્લો પ્રદર્શન કરવામાં આવ્યું હતું.
- ૭૧માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગુજરાતમાં રાજ્ય કક્ષાની રાજકોટ ખાતે કરવામાં આવી હતી.
- રાજકોટના રેસકોર્ષ મેદાનમાં યોજાયેલ આ ઉજવણીમાં રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી હતી.

## (૨) પદ્મ પુરસ્કાર ૨૦૨૦

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૦ના પદ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી.
- પદ્મ પુરસ્કાર સામાજીક કાર્ય, વિજ્ઞાન, વ્યાપાર, ઉદ્યોગ, શિક્ષણ, રમત – ગમત જેવા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ યોગદાન બદલ આપવામાં આવે છે.
- આ પુરસ્કારના વિજેતાની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ કરવામાં આવે છે.
- વર્ષે ૨૦૨૦ના પદ્મ પુરસ્કાર માટે કુલ ૧૪૧ મહાનુભાવોને આ પુરસ્કાર પસંદગી કરવામાં આવી.
- જેમાં ૭વ્યક્તિઓને પદ્મ વિભૂષણ,૧૬ વ્યક્તિઓને પદ્મ ભુષણ અને ૧૧૮ વ્યક્તિઓને પદ્મશ્રી પુરસ્કારમાટે પસંદ કરવામાં આવ્યા છે.
- વર્ષ ૨૦૨૦ના પદ્મ પુરસ્કારની યાદીમાં ૧૮ વિદેશી નાગરિકો સાથે ૩૩ મહિલાઓનો સમાવેશ થાય છે.
- વર્ષ ૨૦૨૦માં કુલ ૧૨ વ્યક્તિઓને મરણોપરાંત પદ્મ પુરસ્કાર એનાયત થયા છે.
- વર્ષ ૨૦૨૦માં ગુજરાતનાં કુલ ૮ મહનોભાવોને પદ્મ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ૧ પદ્મભુષણ અને ૭ પદ્મશ્રી પુરસ્કારનો સમાવેશ થાય છે.
- ભારતમાં પદ્મ પુરસ્કારનો પ્રારંભ વર્ષ ૧૯૫૪માં થયો હતો.
- આ પુરસ્કાર માર્ચ – એપ્રિલ 2019 દરમ્યાન રાષ્ટ્રપતિ ભવન ખાતે આપવામાં આવશે.

**– પદ્મ પુરસ્કારો –**

- પદ્મ વિભૂષણ – કોઈ ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ
- પદ્મ ભુષણ – કોઈ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ
- પદ્મ શ્રી – કલા, સાહિત્ય, શિક્ષણ, વિજ્ઞાન જેવા ક્ષેત્રે યોગદાન બદલ

**પદ્મ વિભૂષણ –**

- પદ્મ વિભુષણ સન્માન ભારત સરકાર દ્વારા આપવામાં આવતું બીજા ક્રમનું સન્માન છે.
- આસન્માનભારતનારાષ્ટ્રપતિદ્વારાઆપવામાંઆવેછે.જેનીશરૂઆત૨જાન્યુઆરી૧૯૫૪માંથઈહતી.
- ભારતરત્નદેશનુંપ્રથમક્રમનુંસર્વોચ્ચસન્માનછે.

**વર્ષ ૨૦૨૦ના પદ્મ વિભૂષણવિજેતાઓ –**

૧.શ્રીઅરૂણ જેટલી (મરણોપરાંત) ક્ષેત્ર – રાજનીતિ
રાજ્ય – દિલ્હી જન્મ – નવી દિલ્હી

VIVEKANAND ACADEMY

૨. શ્રીજ્યોર્જ ફર્નાન્ડિસ(મરણોપરાંત)ક્ષેત્ર – રાજનીતિ
રાજ્ય –બિહાર જન્મ –મેંગલોર

૩. શ્રીસુષ્મા સ્વરાજ (મરણોપરાંત) ક્ષેત્ર – રાજનીતિ
રાજ્ય – દિલ્હી જન્મ –અંબાલા

૪. શ્રી વિશ્વેશતીર્થ સ્વામીજી (મરણોપરાંત)
ક્ષેત્ર –આધ્યાત્મિકતા રાજ્ય –કર્ણાટક
જન્મ –રામકુંજ

૫. શ્રી અનિરુદ્ધ જગન્નાથ
ક્ષેત્ર –રાજનીતિ રાજ્ય –મોરિશિયસ

૬. શ્રી છન્નુ લાલ મિશ્રા
ક્ષેત્ર –કલા રાજ્ય –ઉત્તર પ્રદેશ

૫. શ્રી એમ.સી. મેરિકોમ
ક્ષેત્ર –રમત ગમત રાજ્ય –મણિપુર

- મેરી કોમ પદ્મ વિભૂષણ એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીયમહિલા ખેલાડી છે.
- **પદ્મ ભૂષણ –**
  - પદ્મભુષણ સન્માન ભારત સરકાર દ્વારા આપવામાં આવતું ત્રીજા ક્રમનું સન્માન છે.
  - વર્ષ ૨૦૨૦ના પદ્મ વિભૂષણ પુરસ્કારમાં એક માત્ર ગુજરાતી શ્રી બાલ કૃષ્ણ દોશીનો સમાવેશ થાય છે.
- **પદ્મ શ્રી –**
  - પદ્મશ્રી સન્માન ભારત સરકાર દ્વારા આપવામાં આવતું ચોથા ક્રમનું સન્માન છે.
- **વર્ષ ૨૦૨૦ના પદ્મ શ્રીવિજેતાગુજરાતી –**

૧. એચ એમ દેસાઇ –સાહિત્ય અને શિક્ષણ
૨. સુધીર જૈન – વિજ્ઞાન અને એન્જિનિયરિંગ
૩.શાહબુદ્દીન રાઠોડ – સાહિત્ય અને શિક્ષણ
૪. નારાયણ જોશી કરયલ – સાહિત્ય અને શિક્ષણ
૫. ગફુર બિલખિયા – ઉદ્યોગ
૬.ગુરદીપ સિંહ – ચીકીત્સા
૭.યઝિદ નૌશેરવાન કારંજિયા – કલા

- મહારાષ્ટ્રના પુણેમાં જન્મેલા ગુજરાતી મૂળના પ્રસિદ્ધ અભિનેત્રી સરિતા જોષીને કલા કેટેગરીમાં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો છે.

**પ્રશ્નો –**

1. દેશના ૭૧માં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે કોણ ઉપસ્થિત રહ્યું હતું ?
   - બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારો
2. રાષ્ટ્રીય કક્ષાની પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ગુજરાત તરફથી ક્યાં વિષય પર ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું? - રાણીની વાવ – જલ મંદિર
3. ૭૧માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગુજરાતમાં રાજ્ય કક્ષાની ક્યાં કરવામાં આવી હતી. ? - રાજકોટ ખાતે
4. વર્ષે ૨૦૨૦ના પદ્મ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોને પુરસ્કાર પસંદગી કરવામાં આવી ? - ૧૪૧
5. વર્ષ ૨૦૨૦માં ગુજરાતનાં કુલ કેટલા મહનોભાવોને પદ્મ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા છે. ? - ૮
6. પદ્મ વિભૂષણ એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય મહિલા ખેલાડી કોણ છે ? - મેરી કોમ
7. વર્ષ ૨૦૨૦ના પદ્મ વિભૂષણ પુરસ્કાર જીતનાર એક માત્ર ગુજરાતીનું નામ જણાવો ? - શ્રી બાલ કૃષ્ણ દોશી

## ૨૮– જાન્યુઆરી–૨૦૨૦

### (૧) ડેટા પ્રાઈવસી ડે

### (૨) આસામ સમજૂતી ૨૦૨૦

- તાજેતરમાં કેન્દ્રિય ગૃહ મંત્રીશ્રી અમિત શાહની અધ્યક્ષતામાં કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને ઉગ્રવાદી સંગઠનNATIONALDEMOCRATICFRONTOFBODOLANDના જૂથો વચ્ચે ત્રીપક્ષીય સમજૂતી કરવામાં આવી.
- ભારતના આસામ માથી અલગ થઈ બોડોલેન્ડ નામના રાજ્યની રચના કરવા માટે કેટલાક ઉગ્રવાદી દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- આ સમસ્યાના ઉકેલ માટે કેન્દ્ર સરકાર દ્વારા આ સમજૂતી થઈ છે જેનું નામ આસામ સમજૂતી ૨૦૨૦ છે.
- આ સમજૂતી મુજબ કેન્દ્ર સરકારેઅલગ રાજ્યની માંગ નસ્વીકારી બોડો આદિવાસીઓને કેટલાક રાજકીય અધિકારો અને સમુદાયના કેટલાક લોકોને આર્થિક પેકેજ આપવાની ખાતરી આપી છે.
- બોડો આદિવાસીઓ અને નાગરિકોના વિકાસ માટે કેન્દ્ર સરકાર અને આસામ સરકાર સંયુક્ત રીતે ૧૫૦૦ કરોડનો ખર્ચ કરશે.
- આ સમજૂતી અંતર્ગત ગુવાહાટી ખાતે યોજાયેલ એક સમારોહમાં NATIONALDEMOCRATICFRONTOFBODOLANDનાચાર જૂથોના ૧૬૪૫ જેટલા ઉગ્રવાદીઓએ આસામના મુખ્યમંત્રીશ્રી સર્બાનંદ સોનોવાલ સમક્ષ આત્મ સમર્પણ કર્યું છે.

### (૩) સિટી મોમેંટમ ઇન્ડેક્સ ૨૦૨૦

VIVEKANAND ACADEMY

- તાજેતરમાં અમેરિકાની રિયલ એસ્ટેટ સર્વિસ કંપની JONESLANGLASALLE દ્વારા સિટી મોમેંટમ ઈન્ડેક્સ ૨૦૨૦ જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં ભારતનું હૈદરાબાદ પ્રથમ સ્થાને છે.
- હૈદરાબાદ બાદ ભારતનું બેંગલૂરૂ બીજા સ્થાને છે.
- આ ઈન્ડેક્સમાં ટોપ ૨૦ શહેરોમાં ભારતના કુલ ૭ શહેરોનો સમાવેશ થાય છે.
- જેમાં હૈદરાબાદ પ્રથમ સ્થાને, બેંગલુરૂ બીજા સ્થાને, ચેન્નાઇ પાંચમા સ્થાને, દિલ્હી છઠ્ઠા સ્થાને પુણે બારમાં સ્થાને કોલકત્તા સોળમાં સ્થાને અને મુંબઈ વીસમાં સ્થાને છે.
- આ ઈન્ડેક્સમાંવિશ્વના ૧૩૦ મોટા એસ્ટાબ્લિસ્ડ અને ઇમર્જીંગ માર્કેટને આધારે વિશ્વના સૌથી ગતિશીલ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## (૪) અમેરિકાનાબાસ્કેટબોલર કોબીબ્રાયન્ટનુંનિધન

- તાજેતરમાં અમેરિકાનાકેલિફોર્નિયારાજ્યનાકાલબાસાસખાતેએકહેલિકોપ્ટરદુર્ઘટનામાંઅમેરિકાનાબાસ્કેટબોલર કોબીબ્રાયન્ટનુંનિધનથયુંછે.
- ધબ્લેકમમ્બા ઉપનામથીજાણીતાકોબીબ્રાયન્ટનોજન્મઅમેરિકાનાફિલોડેલ્ફિયાશહેરમાંથયોહતો.
- હેલિકોપ્ટરદુર્ઘટનામાંતેમની સાથેના ૮ લોકોના મૃત્યુ થયા છે.
- બાસ્કેટબોલ ક્ષેત્રે અનેક સિદ્ધિ મેળવનાર કોબીએ ડિયર બાસ્કેટબોલ નામની ફિલ્મ માટે બેસ્ટ એનિમેટેડ ફિલ્મનો ઓસ્કાર એવોર્ડ પણ જીત્યો હતો.

**પ્રશ્નો –**

1. ડેટા પ્રાઈવાસી ડે ક્યારે મનાવવામાં આવે છે?
   - દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના રોજ
2. ભારતના ક્યાં માથી અલગ થઈ બોડોલેન્ડ નામના રાજ્યની રચના કરવા માટે કેટલાક ઉગ્રવાદી દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ?
   - આસામ
3. ભારતના આસામ માથી અલગ થઈ બોડોલેન્ડ નામના રાજ્યની રચના કરવા માટે કેટલાક ઉગ્રવાદી દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે જેના ઉકેલ માટે કેન્દ્ર સરકાર દ્વારા કઈ સમજૂતી કરવામાં આવી ?
   - આસામ સમજૂતી ૨૦૨૦
4. તાજેતરમાં JONESLANGLASALLE દ્વારા જાહેર કરવામાં આવેલ સિટી મોમેંટમ ઈન્ડેક્સ ૨૦૨૦માં ક્યું શહેર પ્રથમ સ્થાને છે ?- હૈદરાબાદ
5. તાજેતરમાં હેલિકોપ્ટરદુર્ઘટનામાં નિધન થયેલ ખેલાડી કોબીબ્રાયન્ટ કઈ રમત સાથે જોડાયેલ હતા ?
   - બાસ્કેટબોલર

**૨૯– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) પોટેટો કોન્કલેવ ૨૦૨૦

- તાજેતરમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ચાર દિવાસીય ગ્લોબલ પોટેટો કોન્કલેવ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું.
- આ પોટેટો કોન્કલેવનો પ્રારંભ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો.
- ગુજરાતનાં ગાંધીનગર ખાતે યોજાયેલ આ ત્રીજું વૈશ્વિક બટાટા સંમેલન છે.
- અગાઉ વર્ષ ૧૯૯૯ અને વર્ષ ૨૦૦૮માં આ પ્રકારના પોટેટો કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું.
- દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ પોટેટો કોન્કલેવ ૨૦૨૦નું સંબોધન કર્યું હતું.
- આ પોટેટો કોન્કલેવ ૨૦૨૦નું આયોજન ઇન્ડિયન પોટેટો એસોસિએશન, ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ,ICAR– સેન્ટરલ પોટેટો રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ શિમલા અને ઇન્ટરનેશનલ પોટેટો સેન્ટર પેરૂ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે.
- દેહમાં બટાટાના ઉત્પાદન અને ઉત્પાદકતામાં ગુજરાત દેશનું ટોચનું રાજ્ય છે.
- દેશની કુલ ૪ લાખ ટન બટાટા નિકાસમાં ગુજરાત ૧ લાખ ટન નિકાસનો હિસ્સો ધરાવે છે.

## (૨) પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર

- તાજેતરમાંરાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા.
- આ પુરસ્કારથી ૪૯ વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું.
- આ પુરસ્કારો નવીનીકરણ, શિક્ષણ,ખેલ,કલા અને સાહિત્ય,સામાજિક સેવાઓ અને બહાદુરી માટે આપવામાં આવે છે.
- આ પુરસ્કારમાં બે શ્રેણીમાં આપવામાં આવે છે.
  1.બાલ શક્તિ પુરસ્કાર (વ્યક્તિગત)
  2.બાલ કલ્યાણ પુરસ્કાર (સંસ્થા)

- આ અંતર્ગત બાલ શક્તિ પુરસ્કાર વિજેતાઓને ૧ લાખ રૂપિયા ઈનામ, ૧૦,૦૦૦ રૂ.ના પુસ્તક વાઉચર અને એક પ્રમાણપત્ર આપવા આવે છે.
- બાલ કલ્યાણ પુરસ્કારએ સંસ્થાઓને આપવામાં આવે છે જેમણે બાળકોના કલ્યાણ માટે કાર્ય કર્યા હોય.
- આ પુરસ્કાર વિજેતા સંસ્થાને ૫ લાખ રૂપિયા, એક પદક અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- આ પુરસ્કાર મહિલા બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા વર્ષ ૧૯૯૬થી આપવામાં આવે છે.

## (૩) ભારત અને બ્રાઝિલ વચ્ચે ૧૫ કરાર

- તાજેતરમાં૭૧માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રકક્ષાની ઉજવણી નિમિત્તે મુખ્ય અતિથિ તરીકે બ્રાઝિલના રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારો ઉપસ્થિત રહ્યા હતા.
- તેમના આ ભારત પ્રવાસ દરમ્યાન બંને દેશો વચ્ચે ૧૫ કરાર થયા છે.
- જેમાં તેલ અને ગેસ, ખનન, સાયબર સુરક્ષા, ઈન્ફોર્મેશન ટેકનૉલોજિ જેવા ક્ષેત્રના કરારનો સમાવેશ થાય છે.
- બંને દેશોએ વર્ષ ૨૦૨૨ સુધીમાં દ્વિપક્ષીય વ્યાપારને પ્રોત્સાહન આપી ૧૫ અરબ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય રાખ્યો છે.
- રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારોઓક્ટોબર ૨૦૧૮થી બ્રાઝીલના રાષ્ટ્રપતિ બન્યા હતા.
- આ રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારોની પ્રથમ ભારત યાત્રા છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાં ચાર દિવાસીય ગ્લોબલ પોટેટો કોન્કલેવ ૨૦૨૦નું આયોજન ક્યાં કરવામાં આવ્યું ?
   - ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે
2. ગુજરાતમાં પ્રથમ વૈશ્વિક બટાટા સંમેલનનું આયોજન ક્યાં વર્ષમાં થયું હતું? - વર્ષ ૧૯૯૯માં
3. તાજેતરમાં કોના હસ્તે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા?
   - રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા
4. આ વર્ષે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાલ પુરસ્કાર અંતર્ગત કેટલા વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું ?- ૪૯

**૩૦– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) વિશ્વ કુષ્ઠરોગ નિવારણ દિવસ

## (૨) રાષ્ટ્રીય શહિદ દિવસ

- દર વર્ષે ૩૦ જાન્યુઆરીના રોજ ભારતભરમાં શહિદ દિવસ મનાવવામાં આવે છે.
- ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસે દ્વારા ગાંધીજીની હત્યા કરવામાં આવી હતી.
- તેમનો જન્મ૨ઑક્ટોબર ૧૮૬૯ના રોજ પોરબંદર ખાતે થયો હતો.
- તેમનો જન્મ દિવસ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે મનાવવામાં આવે છે.

## (૩) વસંત પંચમી

- ભારતભરમાં હિન્દુ કેલેન્ડર મુજબ મહાસુદ પાંચમને વસંત પંચમી તરીકે ઉજવવામાં આવે છે.
- પ્રાચીન પરંપરા અનુસાર વસંત પંચમીએ મા સરસ્વતીની ઉપાસનાનો શ્રેષ્ઠ દિવસ છે.
- વસંતપંચમીને જ્ઞાનપંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે.

## (૪) પ્રજાસત્તાક દિન પરેડ –૨૦૨૦માં આસામ રાજ્યના ટેબ્લોને પ્રથમ પુરસ્કાર

- આસામ રાજ્યના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડ – ૨૦૨૦માં પ્રથમ ટેબ્લોનો પુરસ્કાર મેળવ્યો.
- આસામના ટેબ્લો બાદ ઉત્તર પ્રદેશ અને ઓડિશાના ટેબ્લો સંયુક્ત રીતે બીજા સ્થાને રહ્યા.
- આ ઉપરાંત જળ શક્તિ મંત્રાલય અને એનડીઆરએફના ટેબ્લોએ મંત્રાલય અને વિભાગોની શ્રેણીમાં સંયુક્ત રીતે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.
- પ્રજાસત્તાક દિન પરેડમાં વિવિધ રાજ્યોના અને કેન્દ્રશાસિત પ્રદેશોના ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા.

## (૫) ટ્રાફિક ઈન્ડેક્સ ૨૦૧૯

- તાજેતરમાં નેધરલેન્ડની નેવિગેશન કંપની ટોમ ટોમ દ્વારા ટ્રાફિક ઈન્ડેક્સ ૨૦૧૯ જાહેર કરવામાં આવ્યો.
- આ ઈન્ડેક્સમાં વિશ્વના ૫૭ દેશોના ૪૧૬ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- સૌથી ખરાબ ટ્રાફિકની બાબતમાં ભારતનું બેંગલુરૂ પ્રથમ ક્રમે છે.
- ફિલિપિન્સનું મનીલા અને કોલમ્બિયાનું બોગોટા અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ ઈન્ડેક્સમાં ભારતનું મુંબઈ ચોથા, પુણે પાંચમા અને નવી દિલ્હી આઠમા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલ ટ્રાફિક ઈન્ડેક્સમાં વિશ્વના ૪૦૩ શહેરોમાં સૌથી ખરાબ ટ્રાફિકમાં ભારતનું મુંબઈ પ્રથમ સ્થાને હતું.

**પ્રશ્નો –**

1. વિશ્વ કુષ્ઠરોગ નિવારણ દિવસક્યારે મનાવવામાં આવે છે ?- દર વર્ષે ૩૦ જાન્યુઆરીના રોજ
2. ભારતભરમાં શહિદ દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?



VIVEKANAND ACADEMY

- દર વર્ષે ૩૦ જાન્યુઆરીના રોજ

3. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ કોના દ્વારા ગાંધીજીની હત્યા કરવામાં આવી હતી ?
   - નથુરામ ગોડસે દ્વારા
4. ભારતભરમાં હિન્દુ કેલેન્ડર મુજબ ક્યાં દિવસને વસંત પંચમી તરીકે ઉજવવામાં આવે છે ?-મહાસુદ પાંચમને
5. પ્રજાસત્તાક દિન પરેડ –૨૦૨૦માં ક્યાં રાજ્યના ટેબ્લોએ પ્રથમ ટેબ્લોનો પુરસ્કાર મેળવ્યો ?-આસામ રાજ્યના
6. નેધરલેન્ડની નેવિગેશન કંપની ટોમ ટોમ દ્વારા જાહેર કરવામાં આવેલ ટ્રાફિક ઇન્ડેક્સ ૨૦૧૯ મુજબ ક્યું શહેર સૌથી ખરાબ ટ્રાફિક ધરાવે છે ?-ભારતનું બેંગલુરૂ

**૩૧– જાન્યુઆરી–૨૦૨૦**

## (૧) રાની રામપાલ – વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર એવોર્ડ

- તાજેતરમાંભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન રાની રામપાલને વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- તેઓઆ એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ હોકી ખેલાડી બન્યા છે.
- આ એવોર્ડ માટે તેમના નામની ભલામણ વિશ્વ હોકી સંઘ દ્વારા કરવામાં આવી હતી.
- રાની રામપાલનો જન્મ હરિયાણાના શાહબાદ મરકાંડામાં થયો હતો.
- તાજેતરમાં ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા છે.

## (૨) બીસીસીઆઇ – નવી ક્રિકેટ સલાહકાર સમિતિની રચના

- તાજેતરમાં બીસીસીઆઇ દ્વારા પોતાની નવી ક્રિકેટ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી.
- આ સમિતિની નિમણૂક એક વર્ષ માટે કરવામાં આવી છે.
- આ સમિતિમાં ત્રણ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.
  - મદન લાલ (ભુતપૂર્વ ક્રિકેટર)
  - સુલક્ષણા નાઇડ (મહિલા ક્રિકેટર)
  - રુદ્ર પ્રતાપ સિંઘ (ભુતપૂર્વ ક્રિકેટર)

## (૩) તરનજીત સિંહ સંધુ – અમેરિકા ખાતે ભારત નવા રાજદૂત

- તાજેતરમાં તરનજીત સિંહ સંધુને અમેરિકા ખાતે ભારત નવા રાજદૂત નિયુક્ત કરવામાં આવ્યા.
- તેઓ હાલમાં શ્રીલંકાના ભારતીય ઉચ્ચાયુક્ત તરીકે સેવા આપે છે.
- તેઓ અમેરિકાના રાજદૂત હર્ષવર્ધન શૃંગલાનું સ્થાન લેશે.
- તરનજીત સિંહ સંધુ ૧૯૮૮ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે.

**પ્રશ્નો –**

1. તાજેતરમાં ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન રાની રામપાલને ક્યાં એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા ?
   - વર્લ્ડ ગેમ્સ એથ્લિટ ઓફ ધ યર એવોર્ડ
2. ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટનરાની રામપાલનો જન્મ ક્યાં થયો હતો?
   - હરિયાણાના શાહબાદ મરકાંડામાં
3. તાજેતરમાં બીસીસીઆઇ દ્વારા પોતાની નવી ક્રિકેટ સલાહકાર સમિતિની રચના કરવામાં આવી તેમાં કેટલા સભ્યોની નિમણૂક થઈ ? -ત્રણ સભ્યોની
4. તાજેતરમાં કોની નિયુક્તિ અમેરિકા ખાતે ભારત નવા રાજદૂત તરીકે કરવામાં આવ્યા ?- તરનજીત સિંહ સંધુ

VIVEKANAND ACADEMY